Vol. 6 Issue No.-7
5 - JANUARY - 2025
Price Rs. 15=00

# કચ્છ રચના

KUTCH RACHANA (Gujarati Monthly)
Editor - BHAWANJI GALA

## ડોમ્બિવલીમાં કચ્છીઓ માટે શિક્ષણની નવી સુવિધા















great-white.in | f ◎ X ▶ in
GreatWhite®
Electricals
SHOCKINGLY
BRIGHT
LED SOLUTION
CERTIFIED
GREAT HOME
CERTIFIED
LUMAPRO
LUMAPRO
LUMAPRO
LUMAPRO®
LIGHTING SOLUTIONS
GreatWhite presents Shockingly Bright LED lighting solutions featuring high lumens per watt that provide more brightness. Energy-efficient LumaPro LED lighting solutions that amp up your home decor with its impeccable design, efficiency & durability.
13th Floor, B-Wing, Peninsula Business Park, Senapati Bapat Marg, Lower Parel, Mumbai - 400013, Maharashtra.
T. +9122 30036565 | F. +9122 30036564 | E-mail : info@great-white.in | For Trade Enquiries Contact Us On: 1800 30025252.

# A Symbol of Quality



Chheda
dry fruits

**Chetanbhai Chheda**
**Chheda Dry Fruits Pvt. Ltd.**
292, Bhanu Jyoti,
L.N. Road,
Matunga,

**No Branches**

Dry Fruits, Sweet & Namkeen

**24141672**

# મુલચંદ લાલજી એન્ડ કાું.

**Importers & Wholesale Dealers in** :

## NEWSPRINT, NEWSGLAZED, LWC & PRINTING PAPER

**Administrative Office : 1st Floor, 229/231,**
**Perin Nariman (Bazar Gate) Street,**
**Fort, Mumbai-400 001.**

**Phone : (+91-22) 2261 7223, 2261 7878, 2261 7299**

**Fax : (+91-22) 2261 1207 - E-mail : ntdc@vsnl.com**

**Shop & Reg. Office : 202/203, Bora Bazar Street,**
**Near Jain Temple, Fort, Mumbai-400 001.**

ઈલેક્ટ્રીકલ્સ સામાન ખરીદવા માટે એક જ વિશ્વસનીય સ્થળ. ગુણવત્તાભર્યા સામાન માટે તેમજ વ્યાજબી ભાવ માટે એક જ વખતનું આપનું આગમન કાયમી નાતો બાંધશે.

## અશોક ઈલેક્ટ્રીકલ્સ

૧૧, પાઠક વાડી, મણી ભુવન,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૩૪૯, ૨૨૦૬ ૫૭૫૩.

## એશીયન ઈલેક્ટ્રીકલ્સ


૧૩૫, તવાવાલા બિલ્ડીંગ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૬ ૧૫૧૮, ૨૨૦૫ ૧૮૨૮.

**પી.વી.સી. કન્શીલ પાઈપ અને એસેસરીઝ**

પ્રીસીસીયન • પ્રેસ્ટોપ્લાસ્ટ • I.S.I.

**વાયર અને કેબલ**

ફીનોલેક્ષ • પોલીકેબ • એરીસ્ટો-કેબ • I.S.I.



**સ્વીચ**

એંકર રોમા • M.K. • નોર્થ વેસ્ટ
લીયોન ઈન્ટરનેશનલ • એરોલાઈટ એલીશ
પોઈન્ટર • વિનય • કોલર્સ • સાલઝર (જર્મની)



**ટ્યુબ ફીટીંગ**

અલ્ટ્રા-લાઈટ - ફીલીપ્સ - કોમ્પટન



**અને ઈલેક્ટ્રીકલ્સને લગતી દરેક આઈટમ**

**એમ.સી.બી. અને ઈ.એલ.સી.બી.**

ઈન્ડોકોપ • દાતાર • M.D.S. • સીમેન્સ

## એટલાન્ટા લાઈટ

૧૨૨, હરહરવાલા બિલ્ડીંગ નં. ૩,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૦ ૬૬૫૫.

## એવન્યુ લાઈટ

૧૪૭, સાગર ભવન, પ્રીન્સેસ સ્ટ્રીટ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૪૪૫૫, ૨૨૦૧ ૫૫૪૪

ડેકોરેટીવ જુમ્મર • સાઈડ વૉલ ફીટીંગ • ડ્રેસીંગ લાઈટ • મીરર લાઈટ • બાથરૂમ લાઈટ • પેસેજ લાઈટ • એક્સ્લ્યુસીવ હેલોજન તથા કન્શીલ P.L. ફીટીંગ

U.M. Shah : 9422487126
7303330777

*Make your wall way look like
a walk way to Heaven...
with Samarat Tiles
Paver Block & Chequered Tiles*

## ૩૫ વર્ષોથી બિલ્ડરોમાં પ્રસિધ્ધ

Concrete Cover Block, Paver Blocks **અને** Chequered Tiles

## મેળવવાનું સ્થળ એટલે સમ્રાટ ટાઈલ્સ...



20,25,30,35,40,45,50,60,75 MM
CONCRETE COVER BLOCK

40x40=300 MM
30x30=230 MM
30x30=200 MM



# SAMRAT TILES

AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
MFG. OF : CONCRETE COVER BLOCKS, PAVERS BLOCKS & CHEQUERDS TILES

Factory : Plot No. B-11, M.I.D.C., A.M.P. Road, Chemical Zone,
Ambernath (W) - 421 501. Dist : Thane, Maharashtra.
Ph. : 0251-2610077 - Email : samrattiles@hotmail.com

**ઉમરશી મેઘજી ગોસર (મો.રતાડીયા) મો.**9422487126, 7303330777

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

રજી.ઓ. : ૩૩૨, સર્વોદય કોમ.સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.ની પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.

મુંબઈ સંપર્ક : C/o. ભાવેશ દામજી કુરીઆ - ઈશ્વરકૃપા બિલ્ડીંગ, ૩જો માળ, રૂમ નંબર-૧૨, ઘનશ્યામ ગુપ્તે રોડ, ન્યૂ ડોન બોસ્કો હાઈસ્કૂલની બાજુમાં, ગાંવદેવી, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨. મો. : ૯૩૨૧૬૧૪૬૬૬



કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

❖ ❖

ભવાનજી રામજી ગાલા
મે.ટ્રસ્ટી - ફરાદી

❖ ❖

**ટ્રસ્ટીઓ**

બંસીલાલ મોરારજી છેડા
કાંડાગરા

❖ ❖

રમણીકલાલ દામજી ગાલા
સાંતાક્રુઝ-ફરાદી

C.A. શાંતિલાલ રાંભીયા
(સમાઘોઘા-મુલુંડ)

અમૃતલાલ સાવલા - ફરાદી

❖ ❖

કાયદાકીય માનદ્ સલાહકારો
તરૂણભાઈ શાહ (અમદાવાદ)
શંકરભાઈ સચદે (ભુજ-કચ્છ)

ટાઈટલ ડિઝાઈન
મહેન્દ્રભાઈ નિમાવત



# કચ્છ રચના

તંત્રી : ભવાનજી ગાલા

સહતંત્રી : મયુર ગાલા     વ્યવસ્થાપક : નેહા ગાલા

E-mail : kutchrachana332@gmail.com
https://kutchrachanagvtrust.org


"કચ્છ રચના"
દર મહિનાની ૫મી તારીખે દરેક વાચકને અમદાવાદથી પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં પોસ્ટ દ્વારા થતા વિલંબ અને અંક ન મળવા બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.

**સરનામામાં ફેરફાર કરવું હોય તો જૂનું અને નવું સરનામું વોટ્સઅપ પર મોકલવું - ૯૧૬૭૪૬૬૩૩૯**

## અંકો ન મળવાની ફરિયાદ

કચ્છ રચનાના અંકો દર મહિનાની તા.૨૨ સુધી ન મળે તો વોટ્સએપ પર ફરિયાદ કરવી.

**ફોન : ૯૧૬૭૪૬૬૩૩૯**

આપનું દાન ઓનલાઈન પણ સ્વીકારવામાં આવશે.
ઓનલાઈન દાન કર્યા બાદ મો.૯૩૨૧૬૧૪૬૬૬ નંબર પર વોટ્સએપ કરવા વિનંતી.

જાહેરાતની રકમ
QR Code સ્કેન
કરી મોકલાવી શકો છો.

**Kutch Rachana Gramya Vikas Trust**
SARASWAT-CO.OP.BANK
BRANCH : NARANPURA, VADAJ, AHMEDABAD
A/C. No. : 366100100000346, IFSC Code : SRCB0000366

સંસ્થાને અપાતું દાન કલમ 80-G મુજબ કરમુક્તિને પાત્ર છે.




# "સમાજ સેવાને સંસ્કાર જીવનની આરસી" છે

■ દિલીપભાઈ આચાર્ય

આધુનિક સમયમાં સમાજ, પરિવાર ખૂબ વિચાર સાથે માનવને જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિના ઉજ્જવળ ભાવિ માટે પ્રથમ પગથિયું સેવા ને ક્ષમા "વીરસ્ય ભૂષણમ્" સંસ્કૃતની પ્રસિધ્ધ પંક્તિ માનવીના હૃદયમાં ગુણરૂપ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પછી તેમાં ગરીબ, તવંગર જેવા વર્ગને અવકાશ જ નથી, પરંતુ સારી પ્રવૃત્તિ સાથે સેવા કાર્યની કામગીરીને મહત્ત્વનું માનવામાં આવે છે. જેમાં યુવાને ભાવિ પેઢી સાથે સાંકળીને સંગઠન સાથે સુંદર કર્તવ્ય કરવામાં આવે તો આદર્શમય સમાજ અને પરિવારનું નિર્માણ થાય છે.

આ માટે ધીરજ, શાંતિના માર્ગે જવાથી મીઠા ફળ મળે છે. આ માટે શ્રેષ્ઠ સમાજ, પરિવારનું સર્જન કરવા માટે શક્તિને સંગઠન ખૂબ જ જરૂરી છે. આમાં ખૂટતી કડીરૂપ અનુદાન તેમજ નિસ્વાર્થ ભાવનારૂપ પ્રવૃત્તિ હોય તો પરિવાર, સમાજ, સંસ્થા અને રાષ્ટ્રને સુંદર નિર્માણમાં વધુ પ્રગતિ રૂપ બનવામાં સહભાગી થાય છે.

દરેક ઉજ્જવળ ભાવિ સમાજ-પરિવાર માટે સમાજ અને સંસ્કૃતિ માટે જાગૃતિ ખૂબ જ જરૂરી છે. આ ક્ષેત્રે યુવા પેઢી માટે સેવાને સમર્પિત બનવાની ભાવના ખૂબ જ જરૂરી છે. તો જ સમાજ, પરિવાર સુરક્ષિત રહીને પ્રગતિ વધુ આ દિશામાં સાધી શકે છે.

આ ક્ષેત્રે સ્વાવલંબી બનવા વડીલ, અનુભવી વ્યક્તિત્વનો સહકાર એટલો જ આવશ્યક છે. દરેક રીતે આદર ભાવનાના માન સાથેના માર્ગે દરેક પ્રવૃત્તિ કાર્ય કરવું જરૂરી છે. આ સત્યના માર્ગે ચાલવાનું ઈમાનદારીને જવાબદારીપૂર્વક કરવાનું રહે છે. આમ આ આપને ઊંડી સહાનુભૂતિને કરૂણાથી પ્રાપ્ત થાય છે. આ વાતની પ્રેરણા



પુ.મહાત્મા ગાંધીજી જેવા વ્યક્તિત્વમાંથી આપને મળે છે. જે આવી વિચાર શક્તિ મહાપુરુષ, સંતો વિગેરે પ્રભાવશાળી વ્યક્તિના જીવનમાંથી મળે છે. આ બધું વિચારવાથી બેઠા બેઠા મળતું નથી, પરંતુ શક્તિને સેવાનો માર્ગ અપનાવવાનું રહે છે તે બધું જીવનમાં મેળવવા ક્ષમા જ ફક્ત નહિ, પણ ક્રોધ જેવા દાવાનળને પણ નાથવો પડે તો સમાજ કે પરિવારની સેવા સંસ્કારના રસ્તે જવામાં સગવડતા મળતી હોય છે.

આ જીવનમાં મળે તો બધું સુંદર અને સારી પ્રગતિ સાથે સિધ્ધિ પ્રાપ્ત થાય છે. આ મેળવવા સારા વિચાર અને સત્યના માર્ગે ચાલવું પડે છે. એ ગુણ પ્રાપ્ત કરવા માટે પાયામાં સંસ્કાર અને સેવા મહત્ત્વનો વિકાસ કરવામાં સહાય રૂપ બને છે. જેનાથી સારું જીવન ધ્યેય મળે છે. જે સિધ્ધિ જીવનમાં મળે તેનાથી જીવન ઘડતર થાય છે. જે જીવનમાં સંસ્કાર અને સેવાની આરસી બની જાય છે.

## પ્રથમ પરમાણુ પરીક્ષણ (પોખરણ)ના પ્રણેતાનો શતાબ્દી અવસર

# પ્રસિદ્ધ અણુવિજ્ઞાની : ડૉ.રાજા રામન્ના

**જન્મ : ૨૮મી જાન્યુઆરી, ૧૯૨૫ - નિધન : ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૪**

■ ભરત'કુમાર' પ્રા.ઠાકર, વૃન્દાવન નગર, અંજાર (કચ્છ) ૯૪૨૭૨ ૨૩૧૫૦

આપણા દેશના ટોચના પરમાણુ વૈજ્ઞાનિક ડૉ.રાજા રામન્નાની આ મહિને (અર્થાત્ ૨૮મી જાન્યુઆરી, ૨૦૨૫ના) ૧૦૦મી જન્મ જયંતિ (૧૯૨૫-૨૦૨૫) નો અવસર આવે છે. આ પ્રસંગે એમની સ્મૃતિ તાજી કરીએ...

ભારતના પરમાણુ કાર્યક્રમના જનક ડૉ.હોમી ભાભા દ્વારા વરણી પામેલા ડૉ.રાજા રામન્ના દેશના પ્રતિષ્ઠિત ભૌતિક અને પરમાણુ વૈજ્ઞાનિક હતા. પરમાણુ ઊર્જા અને સુરક્ષા કાર્યક્રમોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવનાર રામન્નાજી પોખરણમાં કરાયેલા પહેલા અણુવિસ્ફોટ (૧૯૭૪) સાથે ખૂબ નજીકથી સંકળાયેલા હતા. તેઓ એક બહુમુખી પ્રતિભાવંત વ્યક્તિવિશેષ હતા. એક વૈજ્ઞાનિક ઉપરાંત એમણે ટેકનોલોજિસ્ટ, લેખક, પ્રશાસક, સંગીતકાર, સંસ્કૃત વિદ્વાન અને દાર્શનિક તરીકે પણ ખૂબ પ્રસિધ્ધિ મેળવી હતી.

### ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ


ડૉ.રાજા રામન્નાનો જન્મ દક્ષિણ કર્ણાટકના વ્યસ્ત ઔદ્યોગિક શહેર તુમકુર અને ન્યાયાધીશ પિતા બી. રામન્ના અને અંગ્રેજી સાહિત્યપ્રેમી માતા રુક્મિણીઅમ્માને ત્યાં ૨૮મી જાન્યુઆરી, ૧૯૨૫ના થયો હતો. એમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ મૈસૂર અને બેંગલોરમાં લીધું હતું. ૧૯૪૫માં મદ્રાસ યુનિવર્સિટી (મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, તામ્બરમ્)માંથી ભૌતિકશાસ્ત્રમાં બી.એસ.સી. (ઓનર્સ) થયા હતા. જ્યારે લંડનની કિંગ્સ કોલેજ ઓફ સાયન્સમાંથી પરમાણુ પદાર્થવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવી (૧૯૪૮) મેળવી



હતી.

હોમી ભાભાના તેઓ ચાહક અને તેનાથી પ્રભાવિત હતા. ૧૯૪૪માં ટ્રિનિટી કોલેજ ઓફ મ્યૂઝિક (લંડન)ના પરીક્ષક ડૉ.આલ્ફ્રેડ મિસ્ટોવ્સ્કીએ એમનો ભાભા સાથે પ્રથમ પરિચય કરાવેલો. ત્યારે હજુ વિજ્ઞાનના વિદ્યાર્થી એવા રામન્નાને વિશ્વાસ હતો કે ભાભા સાથે આ એમની એકમાત્ર મુલાકાત નથી. તે પછી લંડન પ્રવાસ વખતે હોમી ભાભાએ ભારતના પરમાણુ ઊર્જા કાર્યક્રમના ઉદ્‌ગમ સ્થાન 'ટાટા મૌલિક સંશોધન સંસ્થા' (TIFR મુંબઈ)માં નોકરીની દરખાસ્ત મૂકેલી.

આ રીતે પીએચ.ડી. પૂરું કરી ભારત પાછા ફર્યા બાદ ૧લી ડિસેમ્બર, ૧૯૪૯ના તેઓ ટાટા સંસ્થામાં જોડાયા અને અહીં ડૉ.ભાભા સાથે થોડાં વર્ષ કામ કર્યું.



સંસ્થાના ભોંયતળિયે પરમાણુ પદાર્થવિજ્ઞાનની પ્રયોગશાળા હતી, જ્યાંથી એમણે અણુવિભાજન અને વિસર્જન (ન્યૂક્લિઅર ફિઝન એન્ડ સ્કેટરિંગ) પર પોતાની યોજના આરંભેલી. અહીં જ એમણે ભૌતિકશાસ્ત્રના ન્યૂટ્રોન, ન્યૂક્લિઅર અને રિએક્ટર જેવા વિવિધ ક્ષેત્રોમાં કેટલુંક સંશોધનકાર્ય કર્યું હતું.

**ભાભા એટમિક રિસર્ચ સેન્ટર**

૧૯૫૩માં તેઓ ટ્રોમ્બે સ્થિત 'ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર' (BARC)ના પરમાણુ ઊર્જા વિભાગમાં જોડાયા. પાછળથી તેના અણુ ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રથમ વડા પણ બન્યા. અહીં એમણે ભૌતિકવિજ્ઞાન અને અણુ ભૌતિકવિજ્ઞાનને લગતા કાર્યક્રમો અમલમાં મૂક્યા. આ સંસ્થામાં તેઓ સૌથી યુવા અણુવિજ્ઞાનીઓ પૈકીના એક હતા.

અલબત્ત, અણુવિજ્ઞાન અને તંત્રજ્ઞાનમાં પડકારરૂપ પ્રશ્નોના સામના માટે જરૂરી એવી કુશળ માનવશક્તિ વિકસાવવા રામન્નાની આગેવાની તળે ૧૯૫૭માં 'બાર્ક તાલીમશાળા'ની સ્થાપના પછી વધુ પ્રગતિ થઈ. ૧૯૬૫-૬૮ દરમ્યાન એમણે ભારતના પરમાણુ વિખંડન પર ઊંડું શોધકાર્ય કર્યું. ૧૯૭૨માં 'બાર્ક'ના નિયામક બન્યાના બે વર્ષમાં જ એમણે ભારતને વિશ્વના (માત્ર છ દેશોવાળા) પરમાણુ નકશા પર સ્થાન અપાવ્યું.

પરમાણુ પરીક્ષણ કરનાર વૈજ્ઞાનિક ટુકડીનું નેતૃત્વ પણ એમણે જ સંભાળેલું. ૧૮મી મે, ૧૯૭૪ના રાજસ્થાનના રણમાં પોખરણ ખાતે દેશનો પ્રથમ શાંતિપૂર્ણ ભૂગર્ભ અણુપ્રયોગ કરીને પંડિત નહેરુ (૧૮૮૯-૧૯૬૪), ડૉ.હોમી ભાભા (૧૯૦૯-૬૬) અને ડૉ.વિક્રમ સારાભાઈ (૧૯૧૯-૭૧)નું સ્વપ્ન સાકાર કરી દેખાડ્યું. આ સમગ્ર યોજનાને 'ઓપરેશન



સ્માઈલિંગ બુધ્ધ' એવું સાંકેતિક નામ અપાયેલું. તે સમયે રામન્નાને ખૂબ ખ્યાતિ મળેલી અને તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી (૧૯૧૭-૮૪) પણ યશભાગી થયેલા.





**વિવિધ પદભાર અને સન્માન**

ભારતભરની અનેક વિજ્ઞાન અકાદમીઓ અને વિદ્યાસંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા હતા. સેન્ટર ફોર એડવાન્સ્ડ ટેકનોલોજી (ઈન્દોર), વેરીએબલ એનર્જી સાયક્લોટ્રોન સેન્ટર (કલકત્તા) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ (બેંગલોર)ની સ્થાપનામાં મદદરૂપ થયેલા. તો પાછલાં વર્ષોમાં અનેક સરકારી અને સંસ્થાકીય સ્તરે વિવિધ પદો પર સેવા આપી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ (બેંગલોર), સેન્ટર ફોર એડવાન્સ્ડ સાયન્ટિફિક રિસર્ચ (બેંગલોર) અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (મુંબઈ)ના અધ્યક્ષ (૧૯૭૨-૭૮), ભાભા પરમાણુ સંશોધન કેન્દ્રના નિયામક (૧૯૭૨-૭૮ અને ૧૯૮૧-૮૩), ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીના પ્રમુખ (૧૯૭૭-૭૮), ઈન્ડિયન એકેડેમી ઓફ સાયન્સીઝના ઉપપ્રમુખ (૧૯૭૭-૭૯), સંરક્ષણ ખાતાના વૈજ્ઞાનિક સલાહકાર (૧૯૭૮-૮૧), સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનના મહાનિયામક સલાહકાર (૧૯૭૮-૮૧), સંરક્ષણ ખાતા (૧૯૭૮) અને પરમાણુ ઊર્જા વિભાગ (૧૯૮૧)ના સચિવ, પરમાણુ ઊર્જા પંચના અધ્યક્ષ (૧૯૮૩-૮૭), ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સીના વૈજ્ઞાનિક સલાહકાર અને તેના ૩૦મા અધિવેશન (વિયેના, ૧૯૮૬)ના પ્રમુખ, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ (બેંગલોર)ના નિયામક (૧૯૮૭-૮૯ અને ૧૯૯૦-૯૭), કેન્દ્રીય સંરક્ષણ રાજયપ્રધાન (૧૯૯૦) તથા છેલ્લે રાજયસભાના સભ્ય (૧૯૯૭-૨૦૦૩) પદે રહ્યા હતા.

**પ્રદાન, સન્માન અને સંસ્મૃતિ**

કારકિર્દી દરમ્યાન એમને અનેક સન્માનો અને પારિતોષિકો પ્રાપ્ત થયા હતા. તેમાં શાંતિસ્વરૂપ ભટનાગર એવોર્ડ (૧૯૬૩), પદ્મશ્રી (૧૯૬૮), પદ્મભૂષણ (૧૯૭૩), પદ્મવિભૂષણ (૧૯૭૫), મેઘનાદ સહા એવોર્ડ (૧૯૮૪), ઓમપ્રકાશ ભસીન એવોર્ડ (૧૯૮૫), બિરલા મેમોરિયલ એવોર્ડ (૧૯૮૬), આશુતોષ મુકરજી ગોલ્ડ મેડલ (૧૯૯૬), કેટલીક યુનિવર્સિટીઓ દ્વારા માનદ્ ડી.એસ.સી. પદવી એનાયત થયેલ.

ડૉ.રામન્નાનું મુખ્ય કાર્ય 'ફિઝન ફિઝિક્સ' અને 'ન્યૂટ્રોન થર્મલિઝેશન'ના ક્ષેત્રમાં રહ્યું છે. એમણે અણુવિભાજન પ્રક્રિયાનો વિસ્તૃત પ્રાયોગિક અભ્યાસ હાથ ધરી તે સમજાવવા 'સ્ટોચેસ્ટિક થિયરી' વિકસાવી હતી. અપ્સરા, સાઈરસ અને પૂર્ણિમા અણુભઠ્ઠીઓની રૂપરેખા, સ્થાપના અને કાર્યારંભનો યશ પણ એમને ફાળે જાય છે.

પરમાણુ ઊર્જા પંચના અધ્યક્ષે આત્મકથા લખી હોય એવા ડૉ.રામન્ના પહેલા વ્યક્તિ છે ! તેઓ ખૂબ સંગીતશોખીન (સિધ્ધહસ્ત પિયાનોવાદક) હતા. વૈદિક સાહિત્યમાં પણ એમની ઊંડી રુચિ હતી. અનેકવાર તાત્ત્વિક ગોષ્ઠિઓમાં ભાગ લઈ પોતાના સુંદર વિચારો પ્રગટ કરતા. આવા મહાન વૈજ્ઞાનિક અને દાર્શનિક ડૉ.રાજા રામન્નાનું ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૪ના મુંબઈ ખાતે અવસાન થયું. ❁

## સુધારો

**નવેમ્બર વિશેષાંક રોગ અને આયુર્વેદમાં સાભાર તરીકે મોકલેલ પુસ્તકના લેખમાં ભુલથી મનુભાઈ શાહ ભાવનગર લેખકનું નામ લખેલ છે તે સુધારો કરી કાંતીલાલ જાની વૈદ્ય વાંચશો.**

# વાત્સલ્ય વંદના

**આ** ઘટનાનો તાત્પર્ય એ છે કે સત્પુત્રો પોતાની માનું અપમાન ક્યારે પણ સહન કરતા નથી. સત્પુત્રો મા-બાપને દુઃખી દેખી શકતા નથી.

શ્રીકૃષ્ણએ લોકોની વાતો સાંભળીને યશોદાને કહેલું-પૂછેલું કે મૈયા ! તું મારી મા નથી? લોકો કહે છે. તું શ્યામ તારી મા ગોરી એમ કેમ? તો ખરેખર લોકોની વાત સાચી છે? તું મારી મા નથી? યશોદા મૈયા શ્રીકૃષ્ણની વાત સાંભળી ભાવવિભોર બની ગલે લગાડી ચુંમી ભરીને કીધું, લોકો ભલે બોલે પણ હું તને કહું છું ને કે તું મારો દીકરો છે, હું તારી મા છું...!! આ રીતે સાંભળતા શ્રીકૃષ્ણ માને વળગી પડે છે. અરે બેટા ! લોકો યશોદાનંદ કહેશે. લોકો નંદ નંદ કહેશે. તું મારો બહુ જ પ્યારો લાલો છે.

આ રીતે બાલકૃષ્ણ લીલામાં માનો પ્રેમ બાળક પ્રત્યેનું વાત્સલ્ય-સ્નેહભાવ પ્રગટ થતો જોવા મળે છે.

ઉપાસકદશાંતા સૂત્રમાં દસ શ્રાવકોનાં અધિકારમાં ચુલની પિતા નામનાં શ્રાવકનું વર્ણન આવે છે. એમાં દેવોએ ચુલની પિતાને અલિત કરવા અનેક ઉપાયો કર્યા. એના વૈભવ નાશ પામતાં દેવમાયાથી બતાવ્યા, પત્ની-પુત્રોનો વિલાપ કરતાં હત્યા હત્યા થતી બતાવી તો પણ ચલિત ન થયા. પણ દેવોએ છેલ્લામાં છેલ્લો પ્રયોગ કર્યો માતાનો આક્રન્દ અને બચાવવાની કાકલુદી રૂદન સાંભળી પોતાની સ્થિતિ ભૂલી જઈ માતાને મદદ કરવા તૈયાર થઈ ગયો. ધ્યાન-સાધના અડગતા બધું જ ચૂકી ગયો.

આ ઘટનાથી ખ્યાલ આવે છે કે ધન-પુત્ર-પરિવાર-પત્નીના અનુરાગથી પણ ચડિયાતો અનુરાગ માતા પર હોય છે. માતૃસ્નેહથી પ્રેરાઈને સાધનાથી ચલિત થઈ ગયા એટલે આ સંસારમાં માથી વધીને કાંઈ નથી. શાસ્ત્રોમાં કહે છે ''देव-गुरुसमा माया'' મા દેવ-ગુરુ તુલ્ય છે. મતલબકે માતા પર દેવ જેવી શ્રધ્ધા રાખવી જોઈએ. ગુરુ સમાન આદર આપવો જોઈએ.



શિવકુમાર નાકર 'સાઝ' કહે છે : ચંદનની શીતળતા 'મા' તારે ખોળ લે... ને આંખોમાં ઝરમરતી પ્રીત હાલરડે ઘૂઘવતા સાત સાત સમંદરને... કોયલ શું મીઠુ તવ ગીત... મીઠલડી, હેતાળી, ગરવી તું 'મા'. માની વસમી વિદાય પછી ઘર... પરિવારમાં શૂન્યાવકાશ સર્જાઈ જાય. કવિનું હૃદય કકળી ઉઠે... આ ઓરડો આ ઓસરી આ ફળીયું પણ હવે... લાગે બધાં સુના સુનાં માના ગયા પછી... ઊઠી ગયુ પંખી અને ટહુકો ગયો રહી... લો ઘૂઘવે દરિયા લૂના... મા ના ગયા પછી... કાગ કવિ કહે છે.

**''મોઢે બોલુ મા ત્યાં મને નાનપ સાંભરે...**
**પછી આ બધી મોટપની મજા મને કડવી લાગે કાગડા''**

મા-બાપની આટલી આટલી ગરિમા-મહિમા હોવા છતાં કેટલા મા-બાપની હાલત અતિ દયાજનક-કફોળી નરી આંખે જોવા મળી રહી છે.

બંગાળમાં આવી વસેલા મા-બાપ-ચાર દીકરાઓની કર્મ કહાણી વાંચીને દિલ હલબેલી ઉઠ્યું. ચાર-ચાર દીકરાઓની સુખ-શાંતિ માટે ઘર-જમીન વેંચી બંગલામાં નવેસરથી ઘર વસાવી છોકરાઓની સાથે મા-બાપ રહેવા



કર્યો. હવે અમે દેશમાં જઈએ તો ક્યાં રહીએ? આ ઉંમરમાં ઘર ચલાવવા અમારાથી શું મહેનત થઈ શકશે? બંને ઘડપણથી ઘેરાયેલા છીએ, શરીર ખખડી ગયું છે. જે સમયે અમને સાચવવાની તમારા પર જવાબદારી આવી છે તે સમયે તમે અમને ઘરમાંથી કાઢવા તૈયાર થયા છો... ક્યાં જઈએ? કોનો આસરો લઈએ? ચાર-ચાર દીકરાઓ છો, તમારામાંથી અમને કોઈ

લાગ્યા. નાનપણમાં અનેક દુઃખો સંતાનો માટે વેઠી ગધાવૈતરુ કરી સંતાનોને ઉછેર્યો, ઠીક બધી જમાવટ થવા લાગી, બધું થાળે પડવા લાગ્યું. સારી રીતે ગોઠવાઈ ગયા. લગ્ન વગેરે થઈ ગયા. બધું સમું સુથરું થવા લાગ્યું. ત્યારે મા-બાપથી ઘરમાં અકડામણ વધવા લાગી. જે મા-બાપને સંતાનોને કપરાકાળમાં ઉછેરી અકડામણો સહી હોય એ જ મા-બાપ સંતાનોને અકડાવે-અળખામણાં લાગે ત્યારે શું સમજવું?

છોકરાઓને પત્નીઓ કહેવા લાગી. તમારા મા-બાપને કહીદો હવે દેશમાં જઈને રહે. અહીં સંકડાશ પડી રહી છે.

ચારે ચાર સંતાનો પત્નીઓની વાતે ચડી ગયા. પત્નીની વાતો જરૂર સાંભળવી જોઈએ. જરૂરી લાગે તો સ્વીકારવી પણ જોઈએ પણ સમજી-વિચારીને આગળ પગલા ભરવા જોઈએ.

ઘરમાં મા-બાપ માટે કંકાસ વધવા લાગ્યો. ચારે ભાઈઓ અને પત્નીઓનો એવો મત થયો કે કજીયાની જડ મા-બાપ છે તો એમને જ ઘરમાંથી કાઢી મૂકવાથી ઘરમાં શાન્તિ જળવાઈ રહેશે.

દરરોજના કજીયાથી તંગ થયેલા દીકરાઓએ કહી દીધું મા-બાપને તમે દેશમાં ચાલ્યા જાઓ. અહીં અમે તમને સંભાળી નહિં શકીએ. બિચારા મા-બાપ દેશમાં જવાની વાત સાંભળી પગ નીચેથી ધૂળ સરકવા લાગી, ચક્કર આવવા લાગ્યા. દીકરાઓને કહે છે, જે ઉંમરમાં મહેનત કરવા જેવી હતી તે ઉંમરમાં અમે મહેનત કરી તમને મોટા કર્યા, ભણાવ્યા, પરણાવ્યા... જમીન-ઘર તમારી ખાતર દેશમાંથી કાઢી આપણે અહીં વસવાટ

નહિં સાચવી શકે?

મા-બાપને ચારે સંતાનોએ કહી દીધું તમારી આ દયાભરી એકે વાત અમે સાંભળવા માંગતા નથી. તમે ઘર છોડી દો. વહેલી તકે ઘરમાંથી નીકળી જાઓ. દીકરાઓ મા-બાપને ધક્કે ચડાવવા લાગ્યા. મોટી ઉંમરમાં સંતાનો મા-બાપને મારે, કેવી કઠોરતા કહેવાય. અંતે શૂન્યની પળોમાં માતા-પિતા સળગતા ચૂલામાં માથું ઘાલી અકાળે જીવનનો અંત આણ્યો. દેશમાં જવાને બદલે કકળતા હૈયે પરલોકે પ્રયાણ કર્યું...!!

**"યાદ બર બસ આ ગઈ મા, મૈંને દેખા જબ કભી, મોમબત્તી કો પીઘલકર રોશની દેતે હુએ !"**

કોઈપણ આશા-અપેક્ષા વિના જગતને રોશની આપી. પોતાની જાતને પીગળાવીને મીટાવી દેતી, મીણબત્તીને જોઉં છું ત્યારે મને 'મા' યાદ આવે છે. મા-બાપ સંતાનો માટે પોતાની જાતને કુરબાન કરી દે છે. 'મા' એ ઉઘડતી સવારનો પ્રકાશ છે અને આથમતી સંધ્યાની શીતળતા છે, મા વિશ્વની દરેક ભાષામાં વાત્સલ્યનું 'એકાક્ષરી' કાવ્ય છે.

જગતમાં સૌથી સુંદર સાદ છે મારી મા...! મા સઘળું જ છે શોકમાં એ આપણું આશ્વાસન છે... દુઃખમાં એ આપણી આશા છે... દુર્બળતામાં એ આપણી શક્તિ છે.

મા પ્રેમ, કરૂણા, વાત્સલ્ય, સહાનુભૂતિ, સહનશીલતા અને મમતાનું મૂર્તિમંત સ્વરૂપ છે.

આપણે અંકુર રૂપે જન્મ્યા પછી કાંઈ અચાનક વૃક્ષ બની જતા નથી. એને માટે તો પ્રચંડ સાધના કરવી પડે, મા ને અનુભવ છે. એને માટે પ્રતીક્ષા જોઈએ, ધીરજ

જોઈએ, ખંત જોઈએ, મહેનત જોઈએ, વિશ્વાસ જોઈએ, શ્રધ્ધા જોઈએ, તપશ્ચર્યા જોઈએ, સમર્પણ જોઈએ. એટલે તો મા ફક્ત જન્મદાત્રી નથી એ જીવનદાત્રી પણ છે અને સંસ્કારદાત્રી પણ છે. એક વાત ધ્યાનથી વાંચો...

**"હોશિયારી ભલે બાપ આપતો હોય પણ,**
**સંસ્કાર તો મા જ આપે."**

બાપ પરિવારનો મોભી છે, પણ મા પરિવારનું હૃદય છે. ખરેખર હૃદયમાં સંગ્રહી રાખવા જેવી રચના વાંચી લો.

**"બાપ થાવા તો લાખ્ખો તૈયાર છે પણ માવડી તો બસ માવડી જ હોય છે, ક્યાંથી એ પાતી અમૃતના ઘૂંટડા જેની છાતીની નસેનસમાં લોહી છે. બાપે મારીને પૂરેલ જે છોકરાને એને મધરાતે ખવડાવતાં જોઈ છે. નાદાન કઝીયાળા છોકરાને ધીબેડી ધીબેડી પછી ધરવા ધરવ જે રોઈ છે"... બાપ થાવા...**

મા બાળકને દવા પીવડાવતા કેટલો પ્યાર આપે... ખોળામાં લે... વાટકી કે ચમચીમાં દવા લે... પોતાનું દૂધ હોય તો તે નહીં તો પાણી કે દૂધમાં દવા ભેળવી છોકરો જૂએ તે રીતે મા દવા ચાટે... મા ચાટે એટલે છોકરાને થાય કે મને ચાટવા-લેવામાં શું?

પિતાશ્રીને ક્યારે તમે દવા પીતા જોયા છે? જોયા હશે તો મા કરતાં મિજાજ સાથે દવા લેવા કહેશે... પિતા ખોળામાં સુવડાવે તો ઠેકડા મારવા માંડે... સરખી રીતે ન પીએ તો બાપ કહે અલ્યા દવા કેટલી મોંઘી છે? પીએ છે કે નહિં...!! ઢોળજે નહિં પૈસાનો પાણી થશે. બાપ રૂપિયા બચાવવાની ફીકર કરે જ્યારે માની મમતા એથી અલગ જ હોય.

અને મા તો અન્નપૂર્ણા કહેવાય. બીજાઓને જમાડીને જમે. બીજાઓની સગવડો સાચવી લીધા પછી વધઘટમાં મા પોતા માટે ચલાવી લે. મા નિરસ કામોને અત્યંત રસપૂર્વક-ચીવટથી કરે અને બધા કામોની સાથે સાથે શાકમાં-દાળમાં મીઠું વધારે છે કે ઓછું છે તેની જીણવટથી તપાસ કરી લે. છોકરાઓને સ્કૂલે જવાનું મોડું તો નહીં થાય ને? એની પણ ફીકર. જે લોકો કામ માટે જાય છે તે દુકાને કે ઓફિસમાં સમયસર પહોંચશે કે નહિ? આવી સતત જે કાળજી રાખતી રહે તેને મા કહેવાય.

મા એક વિશાળ વટવૃક્ષ જેવી છે. વટવૃક્ષનો કેટલો વ્યાપ? એની ઘેઘુરતા કેટલી? વિશાળતા કેટલી? એની દોરડા જેવી વડવાયુ બે-પાંચ છોકરા સાંકડી કરે ત્યારે એના થડને માંડ માંડ બાથ ભરી શકે. આપણી બાજુમાં હોય તે છતાં એની વિશાળતાની ખબર ન પડે. એને આશ્રયે કેટકેટલા નાના-મોટા જીવજંતુઓ-જાનવરો-પક્ષીઓ-માણસો હોય... એટલે મા પણ આવી વિશાળ વટવૃક્ષ જેવી છે. વટવૃક્ષ પડી જાય ત્યારે એની વિશાળતાનું અને ઉપયોગિતાનું જેમ ભાન થાય તેમ મા કેટલી વિશાળ છે એની ખબર સમયસર પડી જવી જોઈએ. માની હયાતિમાં વિશાળતાની ખબર ન રાખીએ તો જિંદગીભર વસવસો રહી જાય. એટલે માને વિશાળતા-મહાનતાને સમયસર સમજી લેવી જોઈએ.

❁



Satyam Collection®

અનેક ભેટ, એક નામ

Discover Unique Greeting Cards,
Thoughtful Gifts and Novelty Treasures
at Our One-Stop Shop

• J. Tata Road, Nr. Eros, Churchgate, Mumbai, Tel: 42138800
• Ghantali, Vishnu Nagar, Thane (W), Tel: 25408714

# ઉત્તરાયણની સાઈડ ઈફેક્ટ

■ હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

લગ્ન કરવામાં કમુરતાં નડે, પણ પ્રેમ કરવામાં કમુરતા નથી નડતાં. ઉત્તરાયણ જેવો તહેવાર ન હોત તો ગુજરાતમાં કેટલાંય છોકરા-છોકરી આજીવન કુંવારા રહી ગયાં હોત.



"ઉત્તરાયણ સુધી રાહ જુઓ. ઠેકાણું પડી જાય તો ઠીક છે, નહીંતર પછી મુરતિયો શોધવાનું શરૂ કરી દેવું પડે. આવતી ઉત્તરાયણ સુધી કંઈ રાહ જોઈને બેસી ન રહેવાય, સમજયા?" આવી ચિંતા મોટાભાગની મમ્મીઓ એમના પતિઓની આગળ વ્યક્ત કરતી હોય છે.

'લગ્નજીવનમાં ઉત્તરાયણનો ફાળો' એ વિષય પર હું ચિંતન કરી રહ્યો હતો ત્યાં જ અમારો મિત્ર બાબુલાલ બોસ આવ્યો. બાબુલાલ આમ તો બેકાર છે, પણ બેકારમંડળના સ્થાપક - પ્રમુખના નાતે સૌ એને 'બોસ' કહીને બોલાવે. 'પંડિઈયા.' બાબુલાલે ઘરમાં પ્રવેશતાં જ કહ્યું, "આલેલ્લે... હમણાં જ ઊઠ્યો કે શું?"

"હા યાર", મેં આળસ મરડીને કહ્યું, "આજે ડબલ રજા છે ને એટલે ડબલ ઊંઘ ખેંચી..."

"ડબલ રજા?!" બાબુલાલે માથું ખંજવાળ્યું. બાબુલાલને અકથ્ય અને અવર્ણનીય આશ્ચર્ય થાય એટલે એ માથું ખંજવાળવા મંડી પડે.

"હા, આજે શનિવાર અને ઉત્તરાયણ - બે રજાઓ ભેગી થઈને !"

"ઠીક", બાબુલાલે સોફામાં ફસડાતાં કહ્યું, "જલદી તૈયાર થઈ જા, પછી પતંગ ચગાવવા મારા ધાબે જઈએ."

"કેમ", વાઈફે ટેબલ પર ચાના ડબલ કપ મૂકતાં કહ્યું, "તમારા ધાબે કેમ? અમારું ધાબું મોટું છે?"

"વાત સાચા ધાબા કે ખોટા ધાબાની નથી, ભાભી." બાબુલાલે કહ્યું, "તમારી ભાભી ગઈકાલની બરોડા ગઈ છે, એના પપ્પાના ઘેર અને હમણાં હું એકલો છું."

"તો તો ત્યાં ન જવાય, તમે લોકો આપણા ધાબે જ પતંગ ચગાવો." વાઈફે કહ્યું, "મારે એવું જોખમ નથી લેવું."

"એમાં જોખમની વાત ક્યાં આવી, ભાભી?" બાબુલાલે કહ્યું, "ઊલટાનું તમારે એટલી અહીં રાહત રહેશે."

"મારી વાત જવા દો." વાઈફે ખાલી કપ રકાબી ઉપાડતાં કહ્યું, "પણ તમને લોકોને ત્યાં કેવી રાહત મળશે એની મને ખબર છે."

"હું અને બાબુલાલ જમવાના ટાઈમે આવી જઈશું." મેં તૈયાર થતાં કહ્યું, "તું અમારી ચિંતા કરીશ નહીં."

"મને તમારી ચિંતા નથી." વાઈફે સનાતન સત્ય ઉચ્ચાર્યું, "મને બીજાં ધાબાંવાળાઓની ચિંતા છે."

"ભાભી, તમને મારા પર ભરોસો નથી?"

"હું તો એટલું જાણું કે ચોરનો ભાઈ ઘંટીચોર." મારી વાઈફે મારી તરફ હાથ ધરીને કહ્યું, "મને આમના પર સહેજેય ભરોસો નથી. લગ્ન પહેલાંની ઉત્તરાયણ મને હજીય યાદ છે."

"દુર્ઘટનાઓને યાદ કરવાની ના હોય." મેં ગંભીર થઈને કહ્યું, "જે કૃષ્ણમૂર્તિએ કહ્યું છે કે ગમખ્વાર બનાવો ભૂલવા માટે હોય, એને વારંવાર યાદ કરીને દુઃખી ન થવાય."

"એટલે જ હું કહું છું કે મારે એવી દુર્ઘટના બીજીવાર નથી થવા દેવી. વળી બાબુભાઈનાં મિસિસ પણ ત્યાં નથી." વાઈફે ઉત્તરાયણની આડઅસરો સમજાવતાં કહ્યું, "ના, ભાઈ ના, ક્યારે શું થઈ જાય કંઈ કહેવાય



નહીં અને આપણું ધાબું શું ખોટું છે?''

''આપણા ધાબા પર તો કેટલા બધા લોકો ઊભા હોય છે.''

''એ તો ઘણું સારું કહેવાય.'' વાઈફે કહ્યું, ''એકબીજા પર વોચ'' તો રહે. વળી બાબુભાઈના ઘેર આવવું મને ફાવેય નહીં અને તહેવારના દિવસે ઘર બંધ રખાય પણ નહીં.

''તારે ત્યાં આવવાની શી જરૂર છે?'' મેં પૂછ્યું.

''કહ્યુંને એકવાર કે તમને લોકોની ધાબે એકલા રાખવા જોખમ છે.'' વાઈફે શાક સમારવાનું શરૂ કરતાં કહ્યું, ''ભાભી ભલેને બિચારાં વડોદરા હોય, પણ ચિંતા તો અહીંની જ કરતાં હશે. બાબુભાઈ પણ ભાઈબંધ તો તમારા જ ને?''

અમારો હૂંફાળો સંવાદ ચાલતો'તો ત્યાં જ ફોનની રિંગ વાગી : ''હેલ્લો... વાઈફે રિસીવર ઉપાડ્યું, કોણ?''

''?!?!''

''હા, બોલો બોલો ! એ અહીં જ આવ્યા છે. તમે એમની ચિંતા ન કરશો. ટિંચુના પપ્પાને પણ હું એ જ કહું છું કે બાબુભાઈના ઘેર લોક કરીને આપણા ધાબે જ પતંગ ચગાવો. હા... હા... તમે એમની ચિંતા ન કરશો. રાત પડે પતંગો ચગાવવાની બંધ થશે ત્યાં સુધી બાબુભાઈને હું અમારા ઘેર જ રોકી રાખીશ. તમે એ ચિંતા કરશો નહીં. શું કહ્યું? જરા મોટેથી બોલો... ના...ના... અમારા ધાબે પણ એ લોકોને હું એવી તક તો નહીં જ આપું. એ તો ધાબે હું પણ હાજર હોઈશ જ ને... મજાલ છે બેમાંથી કોઈનીય કે આડાઅવળી નજર કરે? અરે હોય કંઈ, આ તો મારી ફરજ છે ભાભી. તમે બાબુભાઈને ઓળખો છો. તો હુંય ટિંચુડાના પપ્પાને ક્યાં નથી ઓળખતી? તમતમારે સહેજ પણ ચિંતા કરશો નહીં. એ લોકો જ્યાં સુધી ધાબે રહેશે ત્યાં સુધી હું વોચમેનની જેમ ખડેપગે હાજર હોઈશ. અરે અરે, એમાં આભાર શાનો માનવાનો? હા, આવજો... જે સી કૃષ્ણ...''

''બરોડાથી ફોન હતો?'' મેં કહ્યું, ''બાબુલાલને આપવો'તોને... ભાભી સાથે વાત તો કરત...''

''જોયું પંડિયા'', બાબુલાલે સોફામાં બેસી માથે હાથ દેતાં કહ્યું, ''વડોદરે બેઠી બેઠી મારી ચિંતા કરે છે.''

''તે કરે જ ને'', હું કંઈ કહેવા જાઉં એ પહેલાં તો વાઈફે જ કહ્યું, ''આને ચિંતા ના કહેવાય, ટેન્શન કહેવાય. એ તો સારું થયું ભાભીનો ફોન આવ્યો અને મેં હૈયાધારણ આપી. તે હેં બાબુભાઈ, તમારીય છાપ એવી છે?''

''ના ભાભી.'' બાબુલાલે કહ્યું, ''પણ જ્યારથી એને એ વાતની ખબર પડી છે કે પંડિયા અને તમે આવી જ એક ઉત્તરાયણે પતંગ ચગાવતાં ચગાવતાં એકબીજાને


With Best Compliments From

**AMRATLAL K. SAVLA**

Insurance Advisor

603, Girner Towar, Plot No.208, Ram Tekdi Road, Sewri, Mumbai-400015

**Mo. : 98212 15265 - 83560 37821**




# Chheda's

## Chheda Insurance & Investment Services

Contact For :

- Mutual Fund
- General Insurance
- Fixed Deposit
- Life Insurance

**Nilesh L. Chheda**
**+91 9820134626**
**Shaila N. Chheda**
**+91 9819208711**

E-mail : nileshchheda@hotmail.com

## Chheda Graphics

Graphic Designers | Quality Printers

- Packaging Designs
- Stationery
- Brochures
- Books
- Screen Printing
- Offset Printing
- Multicolour Prints
- Banners & Sign Board

**Ketan : 98209 77922**
E-mail : ketanlchheda@gmail.com

309-ATLANTIC COMMERCIAL TOWER, RB MEHTA MARG, PATEL CHOWK, ABOVE VODAFONE GALLERY, GHATKOPAR (E), MUMBAI-400 077
Tel. : +91 22 25060549 / 25060283 / 21020495 / 21020692

મળ્યાં અને લગ્ન કરી બેઠાં. બસ, ત્યારથી એ અવારનવાર મને ચેતવ્યા કરે કે પંડિતભાઈનો ચેપ જો તમને લાગ્યો તો... મારા જેવી ભૂંડી બીજી કોઈ નથી હા...''

''હું તો કહું છું કે આવા ઉત્તરાયણ જેવા તહેવાર પર સરકારે પ્રતિબંધ જ મૂકી દેવો જોઈએ.'' વાઈફે શાકના વઘારનો છમકારો બોલાવતાં કહ્યું, ''બસ પછી ન રહેગા બાંસ... ન બજેગી બાંસુરી...''

''ઉત્તરાયણ પર જો પ્રતિબંધ હોત ને, તો અત્યારે તું અહીં ન હોત. મેં કહ્યું.''

''હું ૨૦૦૭ પછીની ઉત્તરાયણની વાત કરું છું.'' વાઈફે કહ્યું, ''મને તો આપણા ટિંચુડાની ચિંતા રહ્યા કરે છે. છેલ્લા અઠવાડિયાથી પેલી બબલીના ધાબે ને ધાબે થાંભલાની જેમ ઊભો રહે છે. આપણા ધાબે પતંગ ચગાવતાં મેં એને જોયો જ નથી. અમુક બાબતોમાં તો ખરેખર એ તમારા પર જ ગયો છે.''

''સારુંને'' મેં હરખાઈને કહ્યું, ''એ અત્યારથી સ્વાવલંબી બની રહ્યો છે !''

અમારી વાતો ચાલતી'તી ત્યાં જ ટિંચુડો અને બબલી આવી પહોંચ્યાં.

''મમ્મી'', ટિંચુએ કહ્યું, ''હું અને બબલી ધાબે પતંગ ચગાવવા જઈએ છીએ. અમને કોઈ ડિસ્ટર્બ ન કરશો.''

''થોડો નાસ્તો તો કરી લે.'' વાઈફે કહ્યું, ''તને ભાવે છે એટલે તો મેં તલસાંકળી અને ચીકી બનાવી છે.''

''બબલીના ઘેર હું ઊંધિયું અને જલેબી ખાઈને આવ્યો છું.'' ટિંચુએ બબલીને ફિરકી પકડાવતાં કહ્યું, ''બબલીના ધાબે એટલું મોટું ટોળું છે કે અમને ત્યાં પતંગ ચગાવવાની મજા ન આવી. ચાલ બબલી ધાબે....''

''પંડિયા, જોયું?'' ટિંચુ અને બબલી ધાબે ગયાં પછી બાબુલાલે મારી તરફ ઝીણી આંખ કરીને કહ્યું, ''ભાભી આપણી પર વોચ રાખવાનું કરે છે અને આ લોકો છડેચોક...''

''બાબભ'ઈ, વાઈફે બાબુલાલના હાથમાં પતંગો અને મારા હાથમાં ફિરકી આપતાં કહ્યું, ''ધાબે હવે મારે આવવાની જરૂર નથી. તમે લોકો ધાબે જાવ અને પતંગ ચગાવો. મારી અડધી ચિંતા ઓછી થઈ ગઈ.''

''કેમ અડધી ચિંતા?'' મારાથી પુછાઈ ગયું, ''બીજી અડધી ચિંતા કોની?''

''ટિંચુડો અને બબલી ધાબે ગયાં, એ જોયું નહીં?!''

- આવું છે. માત્ર નવરાત્રિ જ નહીં, ઉત્તરાયણ પણ કેટલાક લોકોને ઉજાગરા કરાવે છે !

❁

જય અંબે મા
પરમ પૂજ્ય વડીલોને નતમસ્તકે વંદન

Hetal Photo Art

Since 1981...

- PHOTO / VIDEO & MULTI SET UP CAMERAS
- LED SCREENS
- PLASMA TV / PROJECTORS
- DIGITAL ALBUMS, FRAMES & GIFTS
- JIMMY JIBS
- CONFERENCES & AWARD NITES
- EVENTS & WEDDING PLANNERS
- SPECIAL TELECAST ON AASTHA, ARIHANT & JAY HO INTERNET TV CHANNEL

- PRE WEDDING
- CANDID PHOTOGRAPHY
- CANDID VIDEOGRAPHY
- PORTFOLIO • FASHION • JEWELLERY
- INDUSTRIAL, COMMERCIAL & INTERIOR
- DOCUMENTARIES & CORPORATE FILMS
- PRODUCT LAUNCHING FILMS
- HELICAM & HELICOPTER SHOOT

Mahesh Shah : 9821050853

Hetal Photo Art


38/40 Bora Bazar, Fort,
Mumbai - 400 001
Tel.: 22641387
email : hetalphotoart@yahoo.com

Karan Shah : 9773109850

KARAN SHAH PHOTOGRAPHY

B-45, Soman Nagar, Chinchpokli (E),
Mumbai - 400 012
email : karanshahm@gmail.com

Only memories are forever



# ઘરજમાઈ




**દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'**

તમે માનશો? સંસારમાં જો ખરેખર સુખી થવું હોય તો ઘરજમાઈ બનવું જોઈએ. લોકોને ખરેખર સુખી થવું નથી હોતું એટલે જ જુદું ઘર માંડીને રહે છે અને પછી ઘરમાં વસ્તુઓ થઈ રહેતાં શ્રીમતીજી ઉપર ગુસ્સે થાય છે, બાળકોને ટીપે છે અને ઘણી વાર આ બધા ત્રાસથી કંટાળીને કેટલાક આપઘાત કરવા જેટલો ઉત્સાહ બતાવી દે છે. પણ, ભલા માણસો ! દરેક આધિ, વ્યાધિ અને ઉપાધિના ઉપાયો હોય છે. સંસારમાં સર્વથી વધુ સુખી, સંતોષી અને ધૈર્યવાન બનવું હોય તો, સાકરથી મીઠી સાસરીમાં જઈને ઘરજમાઈ બનીને રહેવું. ત્યાં તમને જરૂર મજા પડશે. આખરે પરમ પૂજ્ય શ્વસુર તો બાપને સ્થાને છે અને પૂજ્ય સાસુ તમારા માતૃશ્રીનું પદ શોભાવે તેવા શક્તિશાળી હોય છે. તો પછી ઘરજમાઈ બનવામાં વાંધો શો?

દીકરીને સાસરે વળાવ્યા પછી તેના માબાપ દીકરીના સસરાને કાગળ લખે છે : 'અમારી દીકરીને તમારી જ દીકરી હોય તેમ રાખશો. અમારે ત્યાં જેવી સુખી હતી તેવી જ સુખી ત્યાં રહેશે એવી અમને શ્રધ્ધા છે. અમારે ત્યાં કોઈ ભારે કામ ન હતું, એટલે મોટાભાગે આરામ કરવા ટેવાયેલી દીકરીને હળવું કામ સોંપશો એવી શુભ આકાંક્ષા રાખીએ છીએ.' આ જ પ્રમાણે પરણેલા પુત્રના પિતાએ દીકરાના સસરાને પત્ર લખીને જણાવવું જોઈએ કે, 'અમારો ચિરંજીવી હવેથી તમારે ત્યાં રહેવા આવશે. તમે તમારા દીકરાની માફક એને રાખશો. પુત્રને પરણાવ્યા પછી પિતાનો હક પુત્ર ઉપરનો ઓછો થાય છે. પરણાવ્યા પછી પણ પુત્ર અમારા કહ્યામાં રહે એવું માનનારાં માતાપિતા અમે નથી. હવે તો અમારા કરતાં તમારી ફરજ વધે છે. અમે અમારા પુત્રને અત્યાર સુધી દુઃખ પડવા દીધું નથી. કેટલીક વાર અમારી શક્તિની બહાર જઈ અમે તેની ઈચ્છા પૂરી કરવા ટેરેલીનનાં પેન્ટશર્ટ પહેરાવ્યાં છે, પણ એનું દિલ દુભવ્યું નથી. એ જ પ્રમાણે તમે એને રાખશો એવી આશા છે.' બસ આવું થાય, સમાજ બદલાય, રિવાજો બદલાય તો સુખ-શાંતિ થાય !

જ્યારથી અમે ઘરજમાઈ બનવાનો પાકો નિર્ણય જાહેર કર્યો છે ત્યારથી મિત્રો, સંબંધીઓ, પડોશીઓ અને જ્ઞાતિબંધુઓથી માંડીને શેરી વાળનારા ઝાડુવાળા સુધીના બધા જ કહેવા લાગ્યા છે, 'હેં ભાઈ ! સાચું, તમે ઘરજમાઈ બનવાના? એ તો શરમજનક કહેવાય !' પણ અમે આ ટીકાકારોને મૂર્ખ ગણીએ છીએ. આખરે ઘરજમાઈ બનવું એ કોઈ ગંભીર ગુનો તો નથી જ ને? એમાં શરમ શી? ઊલટું અમારી નજરે તો ઘરજમાઈ બનવું એ તો સદ્‌ગુણ, યોગ્ય વ્યવસ્થા અને સુખી થવાનો ઉત્તમ માર્ગ છે.

શ્રીયુત વિષ્ણુ ભગવાનને તમે ઓળખતા હશો જ ! તેઓ પણ અમારા વિચારને મળતા આવે છે. એ બાબતમાં તેઓશ્રી અમારા દોસ્ત છે. દેવો અને દાનવોએ



સમુદ્રમંથન કર્યું અને તે વેળાએ સમુદ્રે ખુશ થઈ બધાં જ રત્નો દેવોને આપ્યાં. તેમાં એક સ્ત્રીરત્ન પણ હતું. લક્ષ્મીજીને સમુદ્રે વિષ્ણુ ભગવાનને અર્પણ કર્યા. રિવાજ પ્રમાણે લક્ષ્મીએ પતિગૃહે જવું જ જોઈએ, પણ વિષ્ણુ ભગવાને ઘરજમાઈ બનવાનું પસંદ કર્યું. સમુદ્રમાં રહેલ શેષનાગની પોચી રૂ જેવી પથારી કરી એ તો લહેરથી સૂતા ! લક્ષ્મીજી વીંજણા વડે પવન નાખવા લાગ્યાં. પાણી માગે ત્યારે પીવડાવવા લાગ્યા અને ખાવા લાગે ત્યારે સ્વહસ્તે કોળિયા ભરાવવા લાગ્યાં અને પછી તો વિષ્ણુ ભગવાનને લહેર થઈ ગઈ. તેઓ બોલવાનું ઓછું રાખતા. મોટેભાગે તો તે ઊંઘી જ જતા. શ્વસુરને ઘેર પડ્યા પાથર્યા રહ્યા છતાં કોઈની ટીકાથી ડર્યા નહીં તેથી તેઓશ્રીને 'શાન્તાકારમ્' એવું બિરુદ આપવામાં આવેલું. ખાવાનું, પીવાનું અને રહેવાનું શ્વસુરનું હોય પછી શાંત જ રહેવું જોઈએ ને? આ જ્યારથી જાણ્યું છે ત્યારથી 'ઘરજમાઈ બનીશું' - એમ કહેતાં શરમ અનુભવતા નથી અને છડેચોક કહીએ છીએ – 'બંદા ઘરજમાઈ બનશે ત્યારે જ જંપશે !'

અમે ઘરજમાઈ બનવાનો નિર્ણય લીધો છે ત્યારના ટીકા કરનારા પણ વધી ગયા છે. જે સામું નહોતા જોતા તે ટીકીટીકીને જુએ છે અને જે બોલાવે તેની સામે આ નિમિત્તે બોલવું પડે છે.

'ઘરજમાઈ બનીને રહેવું તેના કરતાં ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવું સારું એવા વાક્યો અવાર-નવાર સાંભળીને કરેલો નિર્ણય ડગમગી જવાનો પૂરેપૂરો સંભવ હતો ત્યાં તો કૈલાસ ઉપર રહેતા શિવજી સ્વપ્નમાં આવીને કહેવા લાગ્યા, 'મૂરખા ! લોકોની ટીકાથી ડરી જઈને ઘરજમાઈ બનવાના તારા ઉત્તમ નિર્ણયને ભ્રષ્ટ ન કરતો. મને અનુસરવાથી તારું અવશ્ય કલ્યાણ થશે.' બસ શિવજીનું અનુસરણ કરવું વધુ યોગ્ય છે. ઉત્તમ માર્ગ ક્યો? મહાન પુરુષોના માર્ગને અનુસરવો તે જ ઉત્તમ માર્ગ ખરો કે નહીં? શિવજી પર્વતરાજ હિમાલયની પુત્રી પાર્વતીને પરણ્યા એ તો જગજાણીતી વાત છે. એમને કોઈ કન્યા આપતું ન હતું એવું કેટલાકનું માનવું હતું. છતાં પર્વતરાજ હિમાલયે કન્યા આપીને ગુનો કર્યો હોય તેમ શિવજી તો ત્યાં જ રહ્યા. કૈલાસ તો હિમાલયનું મસ્તક કહેવાય છે. સસરાને માથે ચઢી બેસે તે જ ખરો જમાઈ ! શિવજી અને વિષ્ણુભગવાન જેવા બે પ્રખ્યાત જમાઈરાજો વિશે જાણ્યા પછી ક્યો દુર્ભાગી નર ઘરજમાઈ બનવાનું નહીં વિચારે? આ દાખલા જાણ્યા પછી બોલતાં જીભમાં અને ચાલતાં પગમાં જોર વધ્યું ! આખરે ઘરજમાઈ બનવું એ શરમની ચીજ નથી પણ આદર્શ પૂરો પાડવાનું સાહસ છે.

ઘરજમાઈ બનનારનું વારંવાર અપમાન થવાનો સંભવ છે એવું અમે ઘણાઓની પાસેથી જાણ્યું. પણ હસી કાઢ્યું. કારણ કે, અપમાન થાય તો પણ શું? માન અને અપમાન એવા ભેદ તો અજ્ઞાનીઓ રાખે. સદેહે ગીતાપ્રોક્ત સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો અનુભવ કરવા ઘરજમાઈ બનવું અતિ આવશ્યક છે. 'ક્યારનો પડ્યો રહ્યો છે અહીં, નોકરી કરવાની દાનત થતી નથી, કામમાં ઢેકા નમતા નથી, આ તો જમાઈ કે જમડો !' આવા અનેક વાક્બાણો ઘરજમાઈને સીધી કે આડકસરી રીતે સ્પર્શી જાય છે. પણ મહાભારતના યુધ્ધમાં શિખંડીની પાછળ સંતાઈ રહી અર્જુને સતત બાણોનો મારો કરવા છતાં ભીષ્મ પિતામહ શસ્ત્રોનો ત્યાગ કરી હાથ પગ જોડી રથ ઉપર બેસી રહ્યા હતા તેમ ઘરજમાઈએ વાક્બાણોના પ્રહારોથી વિચલિત ન થઈ શ્વસુરના ખાટલાને કે પાટલાને છોડવો ન જોઈએ. 'જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી' એ અનુભવોક્તિને અનુસરી અનુભવ લેવા ખાતર પણ ઘરજમાઈ બનવું જરૂરી છે.

ઘરજમાઈ બનવામાં ગેરફાયદા ઘણા છે. ઘરજમાઈ બનીએ તો શ્રીમતીજીની બધી જ મુશ્કેલીઓ દૂર થઈ જાય. એમનો ટકટકારોય બંધ થઈ જાય ! વધારામાં અમારી બાળપૂંજી એમના પિતાશ્રીને માથે પડે. અમારા શ્રીમતીજીની સાડીઓની ખરીદીથી માંડીને એમના હાથખર્ચના પૈસા સુધીની જોગવાઈ તેઓ જ કરે. એમની

દીકરીના દીકરા-દીકરીને ખવડાવે, આખા ઘરનું પૂરું કરે તો શું જમાઈનું જ પૂરું ન થાય? 'અમારી દીકરીને સૂકવી નાખી, તમારો હાથ જ એવો', એવા કર્ણકટુ વચનામૃતો સાસુજીએ બોલવાનો શ્રમ લેવો ન પડે અને 'તમે મારી દીકરીને કામ જ કરાવ્યા કરો છો. લૂંડાપણામાં કરવા નથી આપી, સમજ્યા ને?' આવું બધું કહી શબ્દોનો દુરુપયોગ કરી ઉભય પક્ષને નાખુશ થવું નહીં પડે. કારણ કે, ઘરજમાઈ બની જતાં એમની પ્રાણપ્યારી પુત્રી એમના સાન્નિધ્યમાં જ આઠે પહોર રહે અને એમના માતાપિતાની સેવા કર્યા જ કરે એવી સગવડ સાચવનાર ઘરજમાઈ ઉપર તો ખુશ થવું ઘટે. ઘરજમાઈ રહેનારના ઉદાત્ત ગુણોની પ્રશંસા કરવી જોઈએ અને જે ગામમાં આવા ઘરજમાઈઓ રહેતા હોય તેમને બની શકે તો સુવર્ણચંદ્રક એનાયત કરવા જોઈએ. ઘરજમાઈઓ તો ત્યાગીવીરો છે !

હમણાં જ મારા જાણવામાં આવ્યું કે એક કંજૂસ સસરો ઘરજમાઈનું સુખ સહન ન થતાં પોતાના ઘરજમાઈને સવારમાં વહેલો ન જાગે તો અથવા જાગેલો પણ પથારીમાં પડ્યો રહ્યો હોય તો, જોરથી કચકચાવીને લાત મારતો હતો. છતાં પેલા ઉસ્તાદ ઘરજમાઈએ શ્વસુરગૃહનો ત્યાગ કરેલો નહીં. લાંબા સમય સુધી શ્વસુરગૃહે રહેવાથી શ્વસુરનું ઘર પોતાનું જ ઘર હોય તેમ તેને લાગતું હતું. એ ઘરજમાઈ વફાદાર કહેવાય. ભૃગુઋષિએ લક્ષ્મીજીના દેખતા વિષ્ણુભગવાનને જોરથી લાત મારેલી, પણ વિષ્ણુભગવાન ગુસ્સે નહીં થયેલા. ઘણા દેવો અને ઋષિઓને આશ્ચર્ય થયેલું અને 'વિષ્ણુભગવાન બધા દેવોમાં મહાન છે' એવી ઘોષણા



કરેલી. પણ કોઈએ તેનું કારણ જણાવ્યું નથી એ શોકનો વિષય છે. શ્રીવિષ્ણુ ગુસ્સે નહીં થયેલા. કારણ કે, ઘરજમાઈ તરીકે રહીને એ શ્રીમાને અક્રોધ નામનો પ્રખ્યાત ગુણ મેળવ્યો હતો. શ્રવણ નામના એક પુત્રે પોતાના આંધળા માબાપને કાવડમાં બેસાડી જાત્રા કરાવી તેથી પ્રભાવિત થઈ ઘણી વાર કહેવાય છે. 'દીકરા હોજો તો શ્રવણ જેવો હોજો.' તો આ બાબતમાં 'ભાઈ, ફલાણા ભાઈનો જમાઈ સારો, સસરો લાતો મારે તો પણ ગુસ્સે થતો નથી. જમાઈ હોજો તો એવા હોજો' એમ લોકો કહેવા પ્રેરાય તેમાં આબરુ ઓછી જવાની છે? આબરુ જાય તો સસરાની જાય !

આ મોંઘવારીના જમાનામાં સંયુક્ત કુટુંબો ભાંગતા જાય છે. બે ભાઈઓ સાથે રહી શકતા નથી. પરણીને પુત્રો જુદા થાય છે. એવું અજુગતું બની રહ્યું છે ત્યારે પૂજ્ય સાસુ એકલા-એટૂલાં પડી જવાનો સંભવ પૂરેપૂરો છે. એ બિચારા એકલાં ન પડી જાય તે માટે પણ ચાલો ત્યારે ઘરજમાઈ બનીએ ! એમાં વળી શરમ શાની? ઘર મળશે, ઉપાધિ ટળશે અને ઘરજમાઈનું માનવંતુ પદ તો કોઈ ખૂંચવી નહીં લે ! ❁


**વિનોદ કે. શાહ ફોન (ઘર) ૨૪૧૪૪૪૪૧**
**ગામ : મોટા આસંબીયા**

**વાડીલાલ કે. શાહ ફોન (ઘર) ૨૪૦૯૬૬૯૪**
**મો. : ૯૮૨૦૦૫૯૬૨૧, ૯૩૨૨૮૬૫૯૪૩**

# મેસર્સ ભાવેશ એન્ડ કાં.

**અનાજ, કઠોળ અને દાળોના જથ્થાબંધ અને**
**છૂટક વેપારી તથા કમિશન એજન્ટ**

**ડી/૩૨, એ.પી.એમ.સી. માર્કેટ નં.-૨, દાણાબંદર, વાશી, નવી મુંબઈ - ૪૦૦૭૦૫.**
**ફોન : ૨૭૮૩૮૨૮૦, ૨૭૮૪૯૦૧૬**

વૈદ્ય પ્રશાંત ગૌદાની

# શિયાળાનું શક્તિદાયક ફળ : જામફળ



આપણાં શિયાળુ ફળોમાં 'જામફળ' એક સુલભ, સસ્તું અને લોકપ્રિય ફળ છે. મૂળ તો જામફળ મધ્ય અને દક્ષિણ અમેરિકાનું વતની ગણાય છે. અને પોર્ટુગીઝ લોકો તેને ભારતમાં લાવ્યા એવું કહેવાય છે. જામફળના ગુણો અને સ્વાદને જોઈને આપણે એ પરદેશી ફળને સ્વીકાર્યું અને તે ભારતમાં સર્વત્ર થાય છે. વાડીઓમાં પણ તેનો વ્યવસ્થિત ઉછેર કરવામાં આવે છે. આ વખતે શિયાળાના આ શક્તિદાયક ફળના ઔષધિય ગુણકર્મો અને ઉપયોગો વાચકો સમક્ષ રજૂ કરું છું.

**ગુણકર્મો** : જામફળનાં નાના કદના ઝાડ, કે જેને આપણે જામફળી કહીએ છીએ. અલ્હાબાદ, બનારસ અને મિરજપુરમાં તથા ગુજરાતમાં વડોદરા, ધોળકા, પાદરા તથા મહુવામાં ઘણાં થાય છે. જામફળીને ભાદરવા-આસો મહિનામાં ફૂલો આવે છે અને પછી તેને જામફળ બેસે છે. જામફળ બે જાતનાં (૧) સફેદ ગર્ભવાળા અને (૨) લાલ-ગુલાબી ગર્ભવાળા જોવા મળે છે. જેમાંથી સફેદ જાતના વધારે મીઠાં હોય છે.

પાકાં જામફળ સ્વાદમાં ખટમીઠાં અને તૂરાં, ઠંડાં, કફ અને વીર્યને વધારનારા, આહાર પણ રુચિ ઉપજાવનાર, પચવામાં ભારે, વાયુ અને પિત્તનાશક અને હૃદ્ય એટલે કે હૃદય માટે હિતકારી છે. જામફળ થાક, ચક્કર, મૂર્છા, કૃમિ, ગાંડપણ, શોષ-સૂકવા, દાહ-બળતરા તથા ગરમીનાં તમામ દર્દોમાં હિતકારી અને કબજિયાતનાશક છે. તેના બીજ કબજિયાત કરનાર છે.

જામફળમાં પ્રોટીન, ફેટ-ચરબી, કાર્બોહાઈડ્રેટ, કેલ્શિયમ, ફોસ્ફરસ, લોહ, વિટામીન-એ થોડી માત્રામાં અને વિટામિન સી અને બી પૂરતા પ્રમાણમાં હોય છે. તેમાંથી પોટેશિયમ સારા એવા પ્રમાણમાં મળી રહે છે.

ઉપયોગો : જામફળમાં પિત્તનું શમન કરવાનો ગુણ હોવાથી તે ખૂબ જ ઉપયોગી ફળ છે. પિત્તની અધિકતાને લીધે હાથ-પગનાં તળિયાં બળતાં હોય કે પેટમાં દાહ-બળતરા થતી હોય તો જામફળનાં બીજ કાઢી નાંખી, પીસીને તેમાં ગુલાબજળ અને સાકર મેળવીને પીવાથી પિત્તનો પ્રકોપ શાંત થાય છે.

જામફળ મીઠાં હોય છે. એટલાં શક્તિદાયક પણ હોય છે. જામફળ સાત્ત્વિક અને મેધ્ય-બુધ્ધિવર્ધક હોવાથી વિદ્યાર્થીઓ અને માનસિક શ્રમ કરનારા અને બુધ્ધિજીવીઓએ ખાવા જેવાં છે. વળી જામફળ રેચક છે, એટલે કબજિયાતના દર્દથી કાયમ પીડાનારા લોકો માટે તે આશીર્વાદ સમાન છે. કબજિયાતમાં વચ્ચેથી બીજ કાઢીને બાકીનું જામફળ છાલ સાથે ખાવું.

કાચું જામફળ એ આધાશીશી-માઈગ્રેનમાં ઉત્તમ પરિણામ આપે છે. લીલા કાચા જામફળને જરા પાણી સાથે પથ્થર પર ઘસીને સવારે કપાળ પર જ્યાં દુઃખાવો થતો હોય ત્યાં લેપ કરવાથી બે-ત્રણ કલાકમાં જ આધાશીશી મટે છે. એક દિવસમાં જો પૂરેપૂરો ફાયદો ન થાય તો બીજા દિવસે સવારે ફરીથી લેપ કરવો અને સવારે એક કે બે પાકાં જામફળ ખાવાં.

કેટલાક લોકો સવારે ખાલી પેટે જામફળ ખાતા હોય છે. જેમને એ રીતે જામફળ ખાવાની ટેવ-અભ્યાસ હોય તેમને તથા પિત્ત પ્રકૃતિવાળાને એ રીતે જામફળ ખાવાથી કંઈ નુકશાન થતું નથી. પરંતુ કફ પ્રકૃતિવાળાઓને અને સવારે જામફળ ખાવાનો અભ્યાસ ન હોય તેમને શરદી થઈ અને સાધારણ તાવ આવી જતો હોય છે. જામફળ ખાવા માટેનો સારામાં સારો સમય તો બપોરના ભોજન પછીનો છે. બપોરનું ભોજન લીધા બાદ એકથી બે કલાકે એકાદ જામફળ ખાવું જોઈએ. તેનાથી શરીરને જરૂરી પોષકતત્ત્વો મળી રહે છે. ❁


Gala Caterers®
SINCE 1971
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GALA CATERERS
GALA CATERERS
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US NOW |
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280

# જો ઘૂંટણમાં દુખાવો રહેતો હોય તો?



વોકિંગ, સીડીઓ ચડવી, વસ્તુઓ ઉપાડવી તેમજ આરામથી બેસવું... આવી રોજબરોજની મોટાભાગની એક્ટિવિટી માટે આપણે ઘૂંટણ પર આધાર રાખીએ છીએ. હાલની વ્યસ્ત જીવનશૈલીમાં લગભગ દરેક વયજૂથની વ્યક્તિ ઘૂંટણના દુખાવાની ફરિયાદ કરતી જોવા મળે છે. હકીકત એ છે કે જો ઘૂંટણમાં દુખાવો થતો હોય તો એની સીધી અસર દૈનિક જીવન પર પડે છે.

'ક્રોનિકની પેઈન'માં લાંબા સમય સુધી ઘુંટણમાં દુખાવો રહે છે, સોજો આવી જાય છે અને એક અથવા તો બંને ઘૂંટણ વધારે પડતાં સેન્સિટિવ બની જાય છે. ક્રોનિકની પેઈન જેવી શારીરિક તકલીફ માટે અનેક પરિબળો જવાબદાર છે અને એવી સારવાર માટે અનેક ટ્રીટમેન્ટના વિકલ્પો પણ છે. ખાસ વાત તો એ છે ક્રોનિકની પેઈનનો અનુભવ દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોય છે.

**ક્રોનિની પેઈન શું કામ થાય છે?**

ક્યારે થતો ઘૂંટણનો દુખાવો અને ક્રોનિકની પેઈન એકબીજા કરતાં સાવ અલગ છે. ઘણી વ્યક્તિ ઈજા અથવા તો અકસ્માત પછી ટેમ્પરરી ની પેઈનનો અનુભવ કરે છે જે ક્રોનિક ની પેઈન નથી. ક્રોનિક ની પેઈનમાં ભાગ્યે જ ટ્રીટમેન્ટ વગર રાહત મળે છે અને એ મોટાભાગે ક્યારેક એક અકસ્માતનું પરિણામ નથી હોતું.

**ક્રોનિક કી પેઈન માટે જવાબદાર પરિબળો**

ઈજાને કારણે ઘૂંટણની આસપાસ બ્લિડિંગ અને સોજાની પરિસ્થિતિ સર્જાય અને જો સમયસર એની યોગ્ય રીતે સારવાર ન કરવામાં આવે તો ક્રોનિક સમસ્યા સર્જાઈ શકે છે.

❁ ઘૂંટણમાં મચકોડ

❁ ઘૂંટણનો વધારે પડતો ઉપયોગ

❁ ઈન્ફેક્શન

❁ ફિઝિક્લ એક્ટિવિટી કરતી વખતે ખોટું પોશ્ચર

❁ ફિઝિકલ એક્ટિવિટીની અવગણના કરવાની ભૂલ

❁ મસલ્સનું અયોગ્ય રીતે સ્ટ્રેચિંગ

કોને ક્રોનિક ની પેઈન થવાનું જોખમ વધારે?

જે વ્યક્તિનું વજન વધારે હોય અથવા તો સ્થૂળ હોય તેમને ઘૂંટણની સમસ્યાઓ થવાનું જોખમ વધી જાય છે. જ્યારે વ્યક્તિ ચાલે છે, દોડે છે કે સીડી ચડે છે ત્યારે દરેક વધારાના કિલો વજન માટે ઘૂંટણે બમણું પ્રેશર સહન કરવું પડે છે.

**ક્રોનિક ની પેઈનનું જોખમ વધારતા પરિબળો**

❁ ઉંમર કે પછી જૂની ઈજા કે ટ્રોમા

❁ એથ્લિટિક એક્ટિવિટી અથવા તો ફિઝિકલ એક્સરસાઈઝ

**ક્રોનિક ની પેઈનનાં લક્ષણો ક્યાં છે?**

દરેક વ્યક્તિ માટે ક્રોનિક ની પેઈનનાં લક્ષણો અલગ અલગ હોય છે. આ દુખાવાની તીવ્રતાનો આધાર એ થવા માટે જવાબદાર પરિબળો હોય છે. ક્રોનિક પેઈનના લક્ષણોમાં સતત દુખાવો, ઘૂંટણ પર દબાણ આવે ત્યારે થતો દુઃખાવાનો અહેસાસ, બર્નિંગ ડિસકમ્ફર્ટ તેમજ ઘૂંટણને સ્પર્શ કરવામાં આવે ત્યારે થતા દુખાવાનો અહેસાસ તેમજ સોજાનો સમાવેશ થાય છે.

**ક્રોનિક ની પેઈનથી કઈ રીતે બચી શકાય છે?**

જો ઘૂંટણને વધારે પડતો ઘસારો લાગવાને કારણે ફિઝિકલ એક્ટિવિટી પછી બહુ પીડા થતી હોય તો લાઈફ



સ્ટાઈલમાં પરિવર્તન કરવાથી આ દુખાવામાં થોડી રાહત મેળવી શકાય છે. આ ઉપાયો નીચે પ્રમાણે છે...

❁ એક્સરસાઈઝ પહેલાં વોર્મ અપ એક્ટિવિટી કરો. એક્સરસાઈઝ પહેલાં અને પછી ક્વાડ્રિસેપ્સ (નિતંબના આગળના સ્નાયુઓ) અને હેમસ્ટ્રિન્ગ્ઝ (પગની ઘૂંટણની પાછલી બાજુની મોટી નસ)ને સ્ટ્રેચ કરો.

❁ લો ઈમ્પેક્ટ એક્સરસાઈઝ ટ્રાય કરો. ટેનિસ કે રનિંગ જેવી એક્સરસાઈઝ કરવાને બદલે સ્વિમિંગ કે બાઈસિકલ ટ્રાય કરો. લો-ઈમ્પેક્ટ એક્સરસાઈઝ અને હાઈ-ઈમ્પેક્ટ એક્સરસાઈઝનું કોમ્બિનેશન ઘૂંટણને જરૂરી બ્રેક આપશે.

❁ વજન ઘટાડો, વધારે વજનથી ઘૂંટણના દુખાવાની સમસ્યા વકરી જશે.

❁ દોડવાને બદલે ચાલો. દોડવાથી ઘૂંટણ પર વધારે દબાણ પડશે.

❁ સમથળ જમીન પર ચાલો. ઉબડખાબડ રસ્તા પર ચાલવાથી ઘૂંટણને ઈજા થવાની શક્યતા વધી જાય છે. આવું ન થાય એ માટે હંમેશાં સારા અને સમથળ રસ્તા પર જ ચાલો.

❁ પગને સપોર્ટ આપો. શૂ ઈન્સર્ટનો ઉપયોગ કરવાથી ની પેઈનની સમસ્યા વકરાવે એવી સ્થિતિથી બચી શકાય છે.

❁ નિયમિત રીતે રનિંગ શૂઝ રિપ્લેસ કરો. આવું કરવાથી પગને યોગ્ય સપોર્ટ અને કુશનનો ટેકો મળશે.

ઘૂંટણ પણ શરીરના બીજા અનેક જોઈન્ટ જેવા જ છે અને વર્ષો સુધી એના સતત વપરાશને કારણે એને ઘસારો લાગે છે. આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે પણ એના કારણે ઘૂંટણને ઈજા થવાનું જોખમ વધે છે. જોકે સમયસર યોગ્ય પગલાં લઈને ઈજાનું જોખમ ઘટાડી શકાય છે. તમારે લાઈફ સ્ટાઈલમાં પરિવર્તન કરીને અને મસલ્સની ફ્લેક્સિબિલિટી વધારે એવી એક્સરસાઈઝ કરીને એવા વિકલ્પોની પસંદગી કરવાની છે જે ઘૂંટણને ઈજા થવાની શક્યતા ઘટે અને જો કોઈ ઈજા હોય તો ઝડપી રિકવરી થઈ શકે.

જો તમને ઘૂંટણની પીડા પરેશાન કરી રહી હોય તો સૌથી મહત્ત્વનું પગલું એક્સપર્ટ ડૉક્ટરની સલાહ લેવાનું છે. જો તમને ઘૂંટણમાં ભારે ઈજા પહોંચી હશે તો આનાથી સમયસર સારવાર શક્ય બનશે. ચોક્કસ નિદાન તમને માનસિક શાંતિનો અહેસાસ કરાવશે અને હિલિંગની પ્રક્રિયાને ઝડપી બનાવશે. ❁


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ફોન ઘર : ૨૪૦૯૨૦૪૩/૨૪૦૭૬૪૧૮

**શ્રી ઓધવાનંદ જ્યોતિષ મંગલ કાર્યાલય**

સંચાલક : રાજગુરુ હિંમતલાલ ઉત્તમરામ મોતા, જ્યોતિર્વિદ, બી.એ.એસ. - મો.-૯૩૨૨૧૦૩૪૪૫ રાજગુરુ હરેશ હિંમતલાલ મોતા, જ્યોતિર્વિદ, બી.કોમ.-મો.-૯૩૨૪૩૯૯૫૭૫ - રાજુભાઈ મો. : ૯૩૨૪૫૨૭૪૨૭ - સચીન મો. : ૯૯૩૦૩૭૨૪૬૨ જન્માક્ષર, વાસ્તુ, ગૃહપ્રવેશ, લગ્ન મુહુર્ત તથા અન્ય મુહુર્તો, લગ્ન રજીસ્ટર્ડ વિધી, જૈન લગ્ન વિધી, રાશી મેળાપક, લગ્ન વિધી, ધાર્મિક કર્મકાંડ, વૈદિક મંત્ર જાપ, જયેષ્ઠનક્ષત્ર, મૂળનક્ષત્ર, આશ્લેષનક્ષત્ર, વૈધૃતિયોગ, વ્યતિપાતયોગ, વદી ૧૪ અમાવાસ્ય ભારી વેરાઘડી શાન્તીપૂજા વગેરે ક્રિયાઓ કરનાર. ચંડીપાઠ, નવચંડી, શિવરૂદ્રાભિષેક, સત્યનારાયણ મહાપૂજા, કુંભ વિવાહ, અર્કવિવાહ, વિષ્ણુ વિવાહ, ભૂમિ પૂજન, નવગ્રહ શાંતી, નવગ્રહ જાપ, નવગ્રહ રત્ન સિધ્ધિ તથા જાપ, યંત્ર સિધ્ધિ પૂજા કરનારા.

૨૮૨/૪, સેવાકુંજ, જયશંકર યાજ્ઞીક માર્ગ, હિમાલય હોટલ પછી, સન્મુખાનંદ હોલની બાજુમાં, જનતા અને મેઘદૂત સ્ટોરની બાજુમાં, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.



# હસજો હળવે હળવે

■ **કૌશલ ગુલાબચંદ રાંભીયા**

❖ સોનુ : આવીજા, અંદર આવીજા. તું કૂતરાથી ડર નહીં.
મોનુ : કેમ? શું આ કૂતરો કરડતો નથી?
સોનુ : હું પણ એજ જોવા માંગું છું. આ કૂતરો હમણાં જ ખરીદીને લાવ્યો છું.

❖ ચટપટલાલ : તમારો છોકરો મારા છોકરાના દાખલાની કોપી કરે તેનો મને વાંધો નથી.
ખટપટલાલ : તો પછી તમે ના કેમ પાડો છો?
ચટપટલાલ : દાખલો ખોટો પડે તો મારા છોકરાને મારે છે એટલા માટે.

❖ ગ્રાહક : વેઈટર, આમ આવ. આ ટોમેટો સોસમાં આ માખી શું કરે છે?
વેઈટર : સાહેબ, એ તો મજાથી તરતી હોય એમ લાગે છે.

❖ વિકાસ : તમે કેમ ટાઈપિસ્ટ બદલી નાખી?
સુહાસ : તે ઘડીએ ઘડીએ આનો સ્પેલિંગ શું? આનો સ્પેલિંગ શું? એમ પૂછી પરેશાન કરતી તી.
વિકાસ : એટલા માટે બદલી નાખી?
સુહાસ : ના મારે વારે ઘડીએ કહેવું પડતું હતું ''મને નથી આવડતો'' અને એ મને ખરાબ લાગતું હતું. માટે બદલી નાખી.

❖ શિક્ષક : બોલ મોન્ટુ, જો ૫૦ માણસોને જમાડવા માટે પાંચ કિલો દાળ જોઈતી હોય તો ૭૫ માણસોને જમાડવા માટે કેટલી દાળ જોઈએ?
મોન્ટુ : સાહેબ, દાળ તો એટલી જ જોઈએ. ફક્ત બે ડોલ પાણી વધારે નાખવું પડે.

❖ છોટુ : બોલ ગોટુ, તારો આ કોટ શેમાંથી બનેલો છે?
ગોટુ : મારા પપ્પાના પાટલુનમાંથી.

# હાસ્યના હિલોળે

❁ મહેશ : દોસ્ત ! શેર બજારમાં પૈસા રોકીને તું કેટલા કમાયો?
સુરેશ : શેર-બજાર ખોટમાં ગઈ ને મારા બધા રૂપિયા ધોવાઈ ગયા.

❁ મેહુલ : અમારા બંને વચ્ચે વાદવિવાદ થતો જ નથી.
રોમેશ : એવું કેમ બને?
મેહુલ : એ જેમ કહે તેમ જ હું કરું ને હું એને કંઈ કહું નહીં.

❁ મનિષા : તમે તો કહેતા હતા કે ત્રણ દુકાન ખોલી છે પછી પોલીસ પકડવા કેમ આવી?
રોમેશ : તું પરમ દિવસે પિયર ગઈ હતી ત્યારે મેં હથોડાથી ત્રણ દુકાનો ખોલી હતી.

❁ માસ્તર : ગરમી ન હોત તો શું થાત?
વિદ્યાર્થી : બે નુકસાન થાત. આંબા ખાવા ન મળત ને વેકેશન પણ ન મળત.

❁ મગન : હું લાખોપતિ છું.
ગગન : હું કરોડપતિ છું.
છગન : હું બે બૈરીનો પતિ છું.

❁ મીતા : બેટી ! પતિના પગલે પગલે ચાલજે.
પુત્રી : હું એમના પગે ચાલું તો એ કેવી રીતે ચાલશે.

■ **લઘુગોવિંદ**

## બચુડો

અધા : પુત્તર બચુડા?
બચુડો : કો અધા કુરો આય?
અધા : હી પાંજી સામે જોકો સરદારજી રે'તો તેંજો છોરો મોન્ટુ હથમેં પક્કડ ખણેનેં કડા વેનેતો સે જરા પુછતા?
બચુડો : હી તા ઈ ગાલ આય કે પાંજી બાજુમેં જોકો મકાંમાસી રેંતા તેંજો છોરો ઘરેં ન વો, તેંલા મકાં માસી મોન્ટુ કે ચ્યાં કી મોન્ટુ જા તો નીચે દુકાનસે ૧૦૦ ગ્રામ ગરમ મસાલા લે આ. તડેં મોન્ટુ પક્કડ ખણેને ''ગરમ'' મસાલો ગેનેલા વ્યો આય.

# બ્રેઈનગેમ

**જવાબને અંતે ટી આવવો જોઈએ**

૧ દરેક વેપારી બતાવે ..........
૨ એક સ્ટોરને કહેવાય ..........
૩ આયુર્વેદની દવાને કહેવાય ..........
૪ એક કલર ..........
૫ લોટ દળવાનું સાધન ..........
૬ બાળકને રમવાનું સાધન ..........
૭ કાનને શોભાવતી ..........
૮ આંગળીનો શણગાર ..........
૯ સ્કુલમાં વપરાય ..........
૧૦ રવિવારે બધાને હોય ..........
૧૧ ખાવામાં વપરાય..........
૧૨ પાર્લાની પ્રખ્યાત હોસ્પિટલ ..........
૧૩ કંકુ મૂકવાનું સાધન ..........
૧૪ અવાજ કરતી..........
૧૫ ધાવપર કરાય..........
૧૬ નકામી વસ્તુ ફેંકવા વપરાય ..........
૧૭ એક હિલ સ્ટેશન ..........
૧૮ શિખર ચઢતા પહેલાં જ્યાં જવાય..........
૧૯ માંડવી શહેરની ખાવાની પ્રખ્યાત વસ્તુ..........
૨૦ એક તહેવાર..........
૨૧ આંગળી અને અંગુઠાની રમત..........
૨૨ વાળમાંથી કરાય..........
૨૩ નામકર્મથી મળતી પ્રતિભા ..........
૨૪ બસનું બીજું નામ..........
૨૫ માયાવી મનુષ્યને કહેવાય..........

---

**નોંધ :**

**(૧) કચ્છ રચનાનું લવાજમ ભરેલ ગ્રાહકને ઈનામ આપવામાં આવશે. (૨) એક કરતા વધારે સાચા જવાબ મળશે તો ડ્રો કરીને વિજેતા નક્કી કરવામાં આવશે. (૩) ગ્રાહકે પોતાના મોબાઈલ નંબર સાથે મોકલવો. જેથી ઓનલાઈન ઈનામ આપી શકાય. રોકડ ઈનામ આપવામાં આવશે નહીં. (૪) સરખા સાચા જવાબ આપનારના નામ કચ્છ રચનામાં છાપવામાં આવશે. (૫) ગ્રાહક નંબર સાથે જવાબ મોકલો.**

**જવાબો ફોટો પાડીને વોટ્સઅપ નંબર પર મોકલવા - મો.૯૧૬૭૪૬૬૩૩૯**

**પ્રથમ ઈનામ - ૧૦૧ રૂ.** **બીજું ઈનામ - ૫૧ રૂ.**

**નામ :** **ગ્રાહક નં. :**

# બાળપણ અને સમાજ જીવન

■ મનુભાઈ શાહ - ભાવનગર

મારું બાળપણ નદીના ઝરણાંની જેમ વિતાતું હતું. પણ મને લાગે છે કે આપણું બાળપણ ખોઈ બેઠા છીએ. બાળપણનું જીવન મૂલ્યવાન છે. નિર્દોષ છે. બાળપણમાં કશી ગતાગમ હોતી નથી. બાળક બધું જોયા કરે છે. તેની એકાગ્રતા તીવ્ર હોય છે. કોઈ બોલાવે તો તે બોલાવનારના મોં અને હોઠ ઉપર ટગર ટગર જોયા કરે છે. તેની પાસે વાચા નથી. સંગીતના અવાજથી તે તરત જ ઊંઘી જતું હોય છે એટલે તો બાળકને ઘોડિયામાં સુવરાવે ત્યારે સુવરાવનાર ગાય છે. ગીતના લયથી બાળક સૂઈ જાય છે.

બાળકને ક્યારેય તેડ તેડ ન કરો. આમ કરશો તો તે તેડાગરું તેડકણું થઈ જશે. જરૂર પડે અવશ્ય તેડો. બાળકના જીવનમાં બધું સહજ છે. બાળકને ભૂખ લાગે તો રડે. ઊંઘ આવે તો રડે, બેઠક ભીની થઈ હોય તો રડે. બીજું બાળકને કોઈપણ પ્રકારની બીક નથી હોતી.

એક બનેલો પ્રસંગ (બનાવ) છે. એક પરિવારમાં મોટાઓ ગયા. ઘેર બાળક અને એની મા બે હતા. માને કૂવે પાણી ભરવા જવાનું હતું તેથી બાળકને ઘોડિયાના સુવરાવી પાણી ભરવા ગયા. ત્યાં એક મોટો સાપ બાળકના ઘોડિયા ઉપર ચડી મોં નીચે રાખે છે. બાળક સાપના મોંને પકડવાનું કરે છે પણ સાપનું મોં ઊંચું હતું. એટલામાં મા પાણી ભરીને આવી અને ઘોડિયા ઉપર સાપ જોઈ રાડ પાડી ઊઠી. સાપ નીચે ઉતરી ચાલ્યો ગયો. માંએ બાળકને તેડી રડતી આંખે ચુંબન કરવા લાગી. સાપને જોયો એટલે મોટી ફાળ થઈ. ખેર બાળક તો નિર્દોષ તેને કોઈપણ પ્રકારની બીક નથી હોતી.

બાળકના હાથમાં જે આવે તે મોંમાં મૂકે. તેને ખ્યાલ ન હોય કે આ ખવાય કે ન ખવાય. બાળકના સંસ્કાર ઘડતર ઉપર જ તેના જીવનનો વિકાસ થતો હોય છે. બાળકના પહેલા પાંચ વર્ષ જે સંસ્કાર પાડીએ તેના પાયા પર ચણતર થાય છે. પહેલા પાંચ વર્ષ બાળક માટે



અગત્યના હોય છે. ત્યારે મા બાપ તેમજ પરિવાર તેને કેવા સંસ્કારો આપે છે તેના ઉપર બાળકનું ઘડતર થાય છે.

મારો જન્મ વણિક પરિવારમાં થયો હોય તે રીતે સંસ્કાર ઘડતર થયું. મારા બા મને તેડી દેરાસર લઈ જાય. મને દેરાસરમાં બેસાડી સેવા પૂજા કરે, હું જોયા કરું. ભગવાન શું દર્શન કે સેવાપૂજા શું તે મને ક્યાંથી ખબર પડે.

ખેડૂતો અનાજના ઉગાવામાં ફળ ઝાડમાં ઝેરી દવાનો છંટકાવ કરે. પરિણામે નાના નાના પંખીઓ ચકલા, કાબર જે જીણા જીવડાને ખાય પરિણામે જીવડામાં ઝેરી દવાની અસર થવાને કારણે પંખીઓ જીવડા ખાય એટલે મરી જાય. આજે આપણને ગામડાઓમાં ચકલા, કાબર જેવા પંખીઓની જાત નાબૂદ થઈ છે.

ચીનમાં ચકલાઓને મારી નાખ્યા. પરિણામે વનસ્પતિમાં જીવાંતનો ખૂબ જ ઉત્પન્ન થઈ જેથી અનાજને નુકસાન થયું. ઉત્પાદન ઓછું થયું. સરકાર મૂંઝાઈ. નિષ્ણાંતોને બોલાવ્યા. બધી જીણવટભરી તપાસ કરી તો નિષ્ણાંતોને ખ્યાલ આવ્યો કે જીવડાને ખાનાર પક્ષી તો નાશ થયેલો છે. આથી નિષ્ણાંતોએ સરકારને કહ્યું કે ચકલા ન હોવાથી જીવાંતનો ઉપદ્રવ વધુ થયો છે જેથી ઉત્પાદન ઓછું આવે છે. આથી ચીની સરકારે



ચકલાની મોટા પાયે આયાત કરવામાં આવી. જેથી ઉત્પાદનમાં વધારો થયો.

હું નાનો હતો ત્યારે ફળિયામાં થોડા દાણા નાખતો તેથી કબુતર, ચકલા, કાબર ચણવા આવતા. હું પકડવા જાઉં તો ઊડી બીજી જગ્યાએ ઉડી ચણે, મને ત્યારે ઓછી ખબર કે પંખીઓ જે પકડાઈ જવાની બીક લાગે છે. બાળકની સમજની મર્યાદા હોય છે.

આ ગાળામાં બાળકોના કપડાં નાની ચડ્ડી અને ગંજી (નાની) જેમ જેમ બાળક મોટું થાય તેમ મોટી ચડ્ડી અને બાંડિયું હતા. નાની બાળાના કપડા ફ્રોક ને ચડ્ડી હતા. મોટી દીકરી થાય એટલે ચણિયા ચોળી હતા. પુરુષ વર્ગમાં વેપારી ધોતી ખમીશ, ફેટો અને કાળી ટોપી અથવા થોડા ભરેલી આછા કસરવાળી ટોપી પહેરતા. મોટી બહેનો સાડી પુરું બ્લાઉઝ, ચણિયો હતા. ગાંધીજીના ચિત્રમાં ધોતી, ખમીશ અને ફેંટો પહેરેલું જોવા મળે છે. પૂરા કપડા પહેરવા એ બહેનોની સંસ્કારિતા હતી. ખેડૂતો કેડિયું ચોરણી (ફુમતાવાળી) ખમીશ પહેરતા.

મોટી દીકરીઓ નવરાશના સમયમાં ભેગી બેસી ભરત ગૂંથણ, મોતીનું તોરણ બનાવતી જે લગ્ન પ્રસંગે કરિયાવરમાં સાથે લઈ જતી.

એ ગાળામાં જાન ગાડામાં આવતી. ઘણી વખત પહોંચતો પરિવાર જાનને બે દિવસ રોકે. ગામના લોકો જાનૈયાઓને ચાપાણી કરવા બોલાવી જાય. આ ગ્રામ્ય સંસ્કૃતિ હતી. પરસ્પર પ્રેમભાવ હતો.

દીકરીને વળાવતી વેળા જે લાગણીના દશ્યો સર્જાય છે તે જોવા મળતા હોય છે. માતા-પિતા, ભાઈ-બહેન, પરિવાર બહેનપણીઓ વગેરેને ગળે વળગીને દીકરી ચોધાર આંસુથી રડે છે. પિતા કદી ક્યારે રડ્યા ન હોય પણ દીકરીને વળાવતી વખતે ચોધાર આંસુથી રડી પડે છે અને દીકરીને વળગી પડે છે. દીકરી તો વહાલનો દરિયો છે. પણ દીકરીને તો વળાવવી પડે છે. કારણ કે ત્યાં જ તેનું સંસાર જીવન શરૂ થાય છે. આજીવન ત્યાં જ રહેવું પડે છે. આ સમાજમાં વણાયેલો સંસ્કાર છે. માત પિતા કે પરિવારની ઈચ્છા હોય કે ન હોય દીકરીને સાસરે મોકલવી પડે જ છે. કહેવાય છે કે દીકરી પારકી થાપણ છે. ઘરે દીકરી હતી, પણ જ્યારે દીકરી સાસરે જાય છે ત્યારે તેના ઘણા સંબંધો વધી જાય છે. સાસરે ગઈ એટલે ભાભી, કાકી, પૂત્રવધૂ, પત્ની, મામી બનતી હોય છે. આજ સંસારજીવનની પ્રણાલી છે. પણ લેખિત સંબંધો વધી જાય છે.

આ ગાળામાં ગામડાઓમાં ખેતી અને પશુપાલન મુખ્ય હતા. તેની સાથે વેપારી મજૂર વર્ગ, સાધુ, ઉપરાંત વહવાયા એટલે લુહાર, સુથાર, દરજી, વાણંદ, મોચી, સોની વગેરે રહેતા. ખેડૂત વર્ષમાં પોતાને વહવાયાની જ્યારે જરૂર પડે ત્યારે તેનું કામ કરાવતા. જ્યારે અનાજ પાકે અને ખળે દાણા આવે એટલે વહવાયા ખળે પહોંચે. ખેડૂત વરસમાં જે કામ કરાવ્યું હોય તેના આધારે દાણા ભરી આપે. બીજા દાણા ઘરે માટીની ઉચ્ચી કોઠી હોય તેમાં ભરે અને કાઠીની નીચે સાઈડમાં કાણું રાખે. જ્યારે ઘરમાં દાણાની જરૂર પડે તે કાણા મારફત દાણા લે. કોઠી પેક રાખે. કોઈ ખેડૂત ગામના વેપારીને દાણા વેચે. ગામમાં સાધુ હોય તે ઘરે ઘરે લોટ માંગવા જાય.

વેપારી કરિયાણું રાખે સાથે પશુઓનું ખાણદાણ રાખે. સાથે કાપડ પણ રાખે. જે ગામના લોકો જરૂરી વસ્તુ રોકડેથી અથવા ખાતે લઈ જાય. જે ભાવ હોય તે રીતે રકમ નક્કી કરે. લાવનારનું ખાતુ હોય તો તે વેપારી હિસાબ કરી આપે. ઘીમાં વાળી લે. એ ગાળામાં ઘી તો ભાવ શેર ના (૨, ૨૫, ૫૦) બે રૂા. સવાબે, અઢી રૂા.નો ભાવ હતો.

મજૂર વર્ગ પોતે જ વસ્તુ જોઈતી હોય તે રોકડેથી લઈ જાય. ભંગી હરીજન કાંઈ લેવા આવે તો નીચે વસ્તુ

પૈસા લઈને આપે,

ખેડૂત કે અન્ય વરણના નાનાદીકરા દીકરી ગડિયુ પાણી (માપ) અનાજ (બાજરો-તલ-જુવાર) લઈ આવે અને વેપારી તેની રકમ થાય તે વસ્તુ ચા, ખાંડ, તેલ જે જોઈતું હોય તે આપે. આમ વસ્તુ વિનિમયથી વ્યવહાર થતો.

ત્યારનું તોલ માપમાં નવટાંક, પાશેર, અડધો શેર, શેર, બે શેર, પાંચ શેર, દસ અને વીસ દેશ જેટલા વજનિયા હોય છે. તે જ રીતે ગડિયું, પાલી, માણું માપ હતા. ખેડૂત પાસે વેપારી અનાજ લેવા જાય તો માણા દ્વારા મોટા કાંટા દ્વારા અનાજ ભરે. આ ગાળામાં ચલણી નાણું નીચે મુજબ હતું.

૧ પૈસાની ૩ પાઈ

૧ પૈસાના ૨ અડધા પૈસા

૪ પૈસાના ૧ આનો

૪ આનાની ૧ પાવલી

૨ પાવલીનો અડધો રૂપિયો

૨ અડધાનો એક રૂા. હતો.

નોટમાં ૧-૫-૧૦-૧૦૦નું ચલણ હતું.

હું નિશાળે જાઉં ત્યારે મારી બા ૧ પાઈ આપે. હું વેપારી પાસે ૧ પાઈના ગોળા કે ટીકડા આપે, ત્યારે કેટલી સોંઘવારી હતી. તેની આજે કલ્પના જ કરવાની રહે છે.

જો ઘરમાં દૂઝાણું હોય તો ઘરના બહેનો વાશિદુ કરે, ગાયને ખાણદાણ આપે. પાણીનું ભરેલું તમારું સહે. ગમાણમાં સુકું, લીલો ચારો નાખે અને ગાયને દોહવે. અમારા ઘરમાં ગાય હતી. તેનું દૂધ ઘર માટે રાખે. ગામનો ગોવાળ તેના પશુને ચરવા લઈ જાય ત્યારે અમારી ગાયને ચરવા લઈ જાય. મહિને જે નક્કી થાય તે ચરવાના રકમ આપે.

સવારના નાના-મોટા સૌ પરિવાર બાવળના દાંતણ કરે. આગલી સાંજના વાઘરણ બેન (દેવીપૂજક) અમો તેને ભાભી કહી બોલાવીએ. ઘરના જેટલા સભ્યો હોય તેટલા દાંતણ આપે. મારી બા તેને ખાવાનું આપે. જે તેમને ઘેર પરિવાર સાથે જમે.

સવારના વડીલો ચા પીએ, અમો નાનાને લગભગ શેકેલો રોટલો અને દહીં સિરામણમાં આપે.

ગામમાં વણિક તેમજ ખોજાની દુકાનો હતી. દુકાનમાં પાન માવા ન મળે, સોપારી આંબલિયા અને દેશી બીડી મળે. જે બીડી વેપારી દુકાનમાં બેસી બીડી વાળે. પાન નજીકના તાલુકાના મથકેથી લઈ આવે. ૨૫-૨૫ બીડીની જૂડી તૈયાર રાખે. ગામમાં બીડીનું પ્રમાણ ખરું.

બજારમાં અમારી દુકાન હતી. મને મારા બાપુજી દુકાને લઈ જાય. બજારમાં ઢોર ગાય, ભેંસ, નાના વાછરું નીકળે તે જોયા કરું.

ગામમાં લગ્ન પ્રસંગ હોય અથવા સારા માઠા પ્રસંગો હોય ત્યારે દુકાનદાર લીસ્ટ બનાવી આપે. તેના આધારે માલ સામાન (તેલ, ગોળ, ખાંડ, ચણા લોટ વગેરે) વજન કરાવીને લઈ જાય. જેને ઘેર પ્રસંગ હોય તેના નામે સામાન ખાતે લઈ જાય. પાછળથી નામું સમજી લે. કોઈ વખત પ્રસંગે રસોઈ કરવા વેપારીમાં જાણકાર હોય તેને રસોઈ કરવા લઈ જાય. મારા જીકાકા રસોઈ સારી કરતા એટલે તેમને બોલાવી જાય.

દીકરી સાસરે જાય ત્યારે ઘરની સ્થિતિ પ્રમાણે ઘરેણામાં હાર, કાનની બુટી અથવા એરિંગ, નાકની ચૂંક, પગ માટે ચાંદીના છડા તેમજ ચાંદીનો કુશિયાળો માબાપ દીકરીને આપે. બાકી દીકરીને ગમે તેવા કપડા, બેગ, બીજી વસ્તુ લઈ આપે. દીકરી રાજી થાય તે માબાપ પરિવાર જોતો હોય છે.

બીજું આ ગાળામાં માબાપ દીકરી માટે જે સગપણ કરે તે માન્ય રહેતું. માબાપ અગાઉ કોઈ પરિવારમાં યુવાન છોકરો હોય, વેપાર કરતો હોય, પરિવાર ધાર્મિક હોય તો પરિવાર જ દીકરીનું સગપણ કરે અને લગ્નનું નક્કી કરે ત્યારે છુટાછેડાની વાત જ ન હતી. આ સંસ્કારીતા હતી.

બીજું કોઈ સંજોગોમાં કોઈ વિધવા થતું તો તેને આજીવન વિધવાનું જીવંત જીવવું પડતું. સુખદુઃખમાં જીવન પસાર કરવું પડતું ત્યારે પુરુષ વિધુર થાય તો બીજી પત્ની કરી શકે. તેને માટે કોઈ બંધન ન હતું. સ્ત્રીઓ લાચાર હતી. આ એક દૂષણ હતું.

“આનંદ” નામના મારા પુસ્તકમાં વિધવા વિવાહ કરાવેલ, ત્યારે સમાજમાં મોટો ઉહાપોહ થયેલો. છેવટે લાંબા ગાળે શાંત થયો. એક સમય એવો આવ્યો કે સમાજ વિધવા વિવાહ કરાવવા તૈયાર થયો. આ ઉલ્લેખ પુસ્તકમાં વિસ્તારથી આપેલ છે. ❁

# વાનગી

■ નેહા ગાલા

## ઉત્તરાયણ સ્પેશિયલ ખીચડો



**સામગ્રી :** ચણાની દાળ ૧ કપ, તુવેરની દાળ ૧ કપ, ઘઉંના ફાડા ૧ કપ, મગની દાળ ૧ કપ, ચોખા ૨ કપ, લીલા વટાણા અડધો કપ, લીલી તુવેરના દાણા ૧ કપ, અડદની દાળ ૧ કપ, સમારેલી કોથમીર પા કપ, ઘી અથવા તેલ ૪ ચમચી, તજ ૧ ટુકડો, લવિંગ ૨ નંગ, તમાલ પત્ર ૧ નંગ, કાજુ બદામ ટુકડા ૪ ચમચી, સીંગદાણા ૨૦ થી ૨૫ દાણા, મરી પાઉડર પા ચમચી, લીલાં મરચાની પેસ્ટ ૧ ચમચી, આદું પેસ્ટ પા ચમચી, જાયફળ પાઉડર પા ચમચી, ઈલાયચી પાઉડર પા ચમચી, વરિયાળી પા ચમચી, કાશ્મીરી લાલ મરચું ૨ ચમચી.

**રીત :** ચણાની દાળ, તુવેરની દાળ, અડદની દાળ, અડધો પોણો કલાક ગરમ પાણીમાં પલાળી રાખવી. મગની દાળ અને ચોખા પણ પલાળી રાખો. બધી દાળ મિક્સ કરી બાફી લેવી. ઘઉંના ફાડા પણ બાફી લેવા. લીલા વટાણા અને તુવેરને પણ કૂકરમાં એક સીટી વગાડી બાફી લો. સીંગદાણાને શેકીને ફોતરા કાઢી લો. હવે એક કડાઈમાં ઘી કે તેલ લઈ વઘારની બધી સામગ્રી મૂકો. પાંચ મિનિટ જેવું શેકાવા દો. તેમાં કાશ્મીરી લાલ મરચું અને  બાફેલી સામગ્રી ઉમેરો. આદુ-મરચાંની પેસ્ટ, જાયફળ પાઉડર, ઈલાયચી પાઉડર, વરિયાળી અને સીંગદાણા ઉમેરી દો. બે ગ્લાસ જેટલું પાણી ગરમ કરી રેડો અને દસ બાર મિનિટ ખદખદવા દો. લચકા પડતો ખીચડો સમારેલી કોથમીર ભભરાવીને પાપડ સાથે સર્વ કરો.

## ગળ્યો ખીચડો

**સામગ્રી :** છડેલા ઘઉં ૧ કપ, ગોળ-અડધો કપ, જાયફળ પાઉડર ચપટી, ઘી જરૂર મુજબ, લીલાં નાળિયેરની છીણ ૩ ચમચી, કિસમિસ ૨ ચમચી, દૂધ ૧ કપ, કેસરના તાંતણા ૮ થી ૧૦.

રીત : ઘઉંને આગલી રાતે પલાળી દેવા. બીજા દિવસે સવારે તેને સરસ બાફી લેવા. કૂકર ખોલી બાફેલા ઘઉં ગરમ ગરમ હોય તેમાં જ ગોળને ઝીણો સમારીને ઉમેરો. મીડિયમ તાપે સતત હલાવતા રહો. ઘટ્ટ થાય એટલે તેમાં દૂધમાં કેસર પલાળીને રેડો. હવે ઘી, જાયફળ પાઉડર, કિસમિસ અને લીલાં નાળિયેરની છીણ ભભરાવો અને ગરમાગરમ ગળ્યા ખીચડાનો સ્વાદ માણો.

## રજવાડી ખીચડો

**સામગ્રી :** ચણાની દાળ ૧ કપ, તુવેરની દાળ ૧ કપ, ઘઉંના ફાડા ૧ કપ, મગની દાળ ૧ કપ, ચોખા ૩ કપ, લીલા વટાણા ૧ કપ, લીલી તીવેરની દાળ ૧ કપ, સમારેલી કોથમીર અડધો કપ, ઘી અડધો કપ, આદું-મરચાંની પેસ્ટ ૧ ચમચી, લાલ મરચું પાઉડર ૧ ચમચી, હળદર અડધી ચમચી, ધાણાજીરું ૧ ચમચી, ગરમ મસાલો ૧ ચમચી, જાયફળ પાઉડર પા ચમચી, ધાણાજીરું ૧ ચમચી, ગરમ મસાલો ૧ ચમચી, જાયફળ પાઉડર પા ચમચી.

**વઘારમાં :** તજ, લવિંગ, તમાલપત્ર, સૂકા લાલ મરચાં, આખા મરી, સીંગદાણા, ઈલાયચી, બદામના ટુકડા, કાજુ ટુકડા, કિસમિસ, લીમડાંના પાન.

**રીત :** ખીચડી એ દરેક ગુજરાતીઓની ઓળખાણ છે. વાત જ્યારે ઉત્તરાયણ સ્પેશિયલ ખીચડાની આવે ત્યારે દરેક ગુજરાતીના મોંમાં પાણી આવે જ. અલગ અલગ પ્રકારના અનાજ, લીલા દાણા, સુકા તેજાના અને ડ્રાયફ્રુટ સાથે બનાવતો ઉત્તરાયણ સ્પેશિયલ ખીચડા

વગર આ તહેવાર અધૂરો છે. સૌપ્રથમ બધી દાળ, ઘઉંના ફાડા અને ચોખાને પાણી વડે સારી રીતે ધોઈને ગરમ પાણીમાં ૨ કલાક પલાળવા દેવું. હવે જાડા તળિયાવાળા વાસણમાં તેલ ગરમ મૂકી વઘારની દરેક વસ્તુ મૂકો. ત્યારબાદ આદું-મરચાંની પેસ્ટ સાંતળી તેમાં પલાળેલી દાળ, ઘઉંના ફાડા અને હળદર ઉમેરી લો. બે ગ્લાસ પાણીને ગરમ કરીને રેડો. ચોખા થોડીવાર પછી ઉમેરવાના છે. ઢાંકણ ઢાંકીને ચડવા દો. દાળ અને ફાડા થોડા ચડે એટલે તેમાં પલાળેલા ચોખા, લીલાં વટાણા અને તુવેરના દાણા ઉમેરો. હવે તેમાં લાલ મરચું પાઉડર, ધાણાજીરું, સ્વાદ મુજબ મીઠું, જાયફળ પાઉડર, ગરમ મસાલો અને સમારેલી કોથમીર ઉમેરો. જરૂર હોય તો હજુ થોડી પાણી ઉમેરો. વચ્ચે વચ્ચે હલાવતા જાઓ અને ઢાંકણ ઢાંકીને ચડવા દો. ખીચડો સારી રીતે ચડી જાય એટલે ગેસ બંધ કરી દસ મિનિટ સીઝવા દો. સ્વાદિષ્ટ ખીચડાને સમારેલી કોથમીરથી ગાર્નિશ કરી ગરમાગરમ સર્વ કરો.

## ઊંધિયું



**સામગ્રી : મૂઠિયાં બનાવવા માટે :** જીણી સમારેલી મેથી ૧ કપ, ચણાનો લોટ પોણો કપ, ઘઉંનો કરકરો લોટ પા કપ, આદું-મરચાંની પેસ્ટ ૨ ચમચી, હિંગ પા ચમચી, ખાંડ ૧ ચમચી, બેકિંગ સોડા પા ચમચી, હળદર પા ચમચી, પાણી જરૂર મુજબ, મીઠું સ્વાદ મુજબ, તેલ તળવા માટે.

**ઊંધિયા માટે શાક અને અન્ય સામગ્રી :** બટાકા ૩ નંગ, રીંગણ ૨ નંગ, શક્કરિયા ૨ નંગ, રતાળુ નાનો ટુકડો, ફલાવર ૧ કપ, કાચા કેળા ૧ નંગ, મિક્સ પાપડી ૧ કપ, લીલા તુવેરના દાણા અડધો કપ, ઝીણું સમારેલું લીલું લસણ પા કપ, સમારેલા લીલાં મરચાં ૨ નંગ, સમારેલી કોથમીર પા કપ, ટામેટા ૨ નંગ, તેલ ૪ ચમચા, અજમો પા ચમચી, હિંગ પા ચમચી, તજ નાનો ટુકડો, લવિંગ ૪ થી ૫, સૂકાં લાલ મરચાં ૨ નંગ, તમાલપત્ર ૨ પત્તા, મોટા એલચા ૨ નંગ, હળદર અડધી ચમચી, ખાંડ ૧ ચમચી, ગરમ મસાલો ૧ ચમચી, મીઠું સ્વાદ મુજબ, પાણી જરૂર મુજબ.

**રીત :** ઊંધિયું બનાવવા માટે સૌ પ્રથમ મેથી ધોઈ નિતારી ઝીણી સમારી લેવી. કોથમીર તથા લીલું લસણ પણ સમારી લેવું. ઊંધિયાના દરેક શાકને અલગ અલગ સમારી ધોઈ તૈયાર કરી લો. હવે મૂઠીયા બનાવવા માટે એક વાસણમાં મેથી, કોથમીર, આદુ-મરચાંની પેસ્ટ, ખાંડ, હિંગ, અજમો, બેકિંગ સોડા, હળદર, લીંબુનો રસ, તેલ અને સ્વાદ મુજબ મીઠું ઉમેરી હાથ વડે મિક્સ કરી લો. હવે તેમાં ચણાનો લોટ, ઘઉંનો કરકરો લોટ ચાળીને મિક્સ કરો અને થોડો થોડો પાણીનો છંટકાવ કરતા જાઓ અને મૂઠિયાં બનાવી લો. એક કડાઈમાં તેલ ગરમ થાય એટલે તૈયાર કરેલા મૂઠિયાં મધ્યમ તાપે તળી


Ramesh P. Shah
M. : 9321414680

Sagar R. Shah
M. : 9833184943

**Shree Mamal Novelty**

Mfg, of Hairpins & Hair Accossoiles

A-15, Bhatiya Estate, Ganesh Nagar, Opp. Garuda Petrol Pump, Kandivali (West),
Mumbai-400 067. Maharashtra (India) - E-mail : gapu.saga@gmail.com



# સોની કાનજી આણંદજી જ્વેલર્સ પ્રા.લી.

**IN MUMBAI**
**Since 1968**

બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, ૨જે માળે, સહકાર નગરની સામે,
નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧. ફોન : ૨૪૧૫૦૫૭૨, ૪૧૭૫૫૫૦૦
E-mail : admin@sonikanji.com - Website : www.sonikanji.com

કચ્છ : ફરાદીવાલા

લો. હવે બટેકા, શક્કરિયા, રતાળુ અને ફલાવરને તળી લેવા. મિક્સ દાણાને કુકરમાં બે સિટી વગાડી બાફી લો. એક મોટી કડાઈમાં તેલ ગરમ મૂકો. તેલ ગરમ થાય એટલે ખડા મસાલા વઘારમાં મૂકો. ત્યારબાદ આદું-મરચાંની પેસ્ટ, સમારેલા રીંગણ, પાપડી અને ટામેટા ઉમેરી સાંતળો. સ્વાદ મુજબ મીઠું, હળદર, લાલ મરચું અને ગરમ મસાલો એડ કરો. થોડું તેલ છૂટું પડે એટલે તળેલા શાક, બાફેલા દાણા અને કાચા કેળાના ટુકડા મિક્સ કરો. જરૂર મુજબ પાણી રેડી ઢાંકીને દસ મિનિટ ચડવા દો. બધું શાક સરસ ચડી જાય એટલે તળેલા મૂઠિયાં મિક્સ કરી ગેસ બંધ કરી દો. સમારેલી કોથમીર અને લીલું લસણ ભભરાવી ગરમાગરમ ઊંધિયાની મજા માણો.

## ચાપડી ઊંધિયું

**સામગ્રી :** ઊંધિયું મોટું બાઉલ, તેલ ૨ ચમચા, સમારેલી ડુંગળી ૨ નંગ, સમારેલા ટામેટા ૨ નંગ, આદું-મરચાં-લસણની પેસ્ટ ૧ ચમચી, હળદર પા ચમચી, લાલ મરચું પાઉડર ૧ ચમચી, ધાણાજીરું ૧ ચમચી, ગરમ મસાલો અડધી ચમચી, હિંગ પા ચમચી, સમારેલી કોથમીર ૪ ચમચી.

**ચાપડી માટે :** ઘઉંનો કરકરો લોટ ૧ કપ, સોજી પા કપ, તેલ ૧ ચમચો, મીઠું સ્વાદ મુજબ, સફેદ તલ અડધી ચમચી, તેલ તળવા માટે.

**રીત :** બપોરે ઊંધિયું બનાવ્યું હોય અને વધ્યું હોય તો તેમાં થોડો ફેરફાર કરી ચાપડી સાથે ફરી ખાઈ શકાય. સૌપ્રથમ ચાપડી માટેની બધી સામગ્રી લઈ જરૂર મુજબ પાણી ઉમેરીને લોટ બાંધો. લોટ ભાખરીથી થોડો કઠણ બાંધવાનો છે. લોટને દસ મિનિટ રેસ્ટ આપી એક લુવો લઈ હથેળી વડે દબાવી દબાવીને ચાપડી તૈયાર કરવાની છે. બધી ચાપડી તૈયાર થઈ જાય એટલે ગરમ તેલમાં સોનેરી તળી લો. તૈયાર થયેલી ચાપડીને સાઈડમાં રહેવા દો. હવે ઊંધિયા માટે એક કડાઈમાં તેલ ગરમ મૂકી હિંગનો વઘાર કરી સમારેલી ડુંગળી સાંતળો, આદું-મરચાં-લસણની પેસ્ટ અને સમારેલાં ટામેટા ઉમેરો. તેલ છૂટું પડે એટલે બધા મસાલા અને દોઢ ગ્લાસ જેટલું પાણી ઉમેરી ઉકળવા દેવું. સરસ ઘટ્ટ રસો થઈ જાય એટલે ગેસ બંધ કરી કોથમીર ઉમેરવી. પીરસતી વખતે થાળીમાં ચાપડીનો હાથ વડે મસળીને ભૂક્કો કરો. તેની ઉપર ગરમગરમ રસાવાળું ઊંધિયું રેડો, સમારેલી ડુંગળી અને લીલાં મરચાં સાથે ચાપડી ઊંધિયાનો સ્વાદ માણો.

## મિક્સ ચિકી

**સામગ્રી :** સફેદ તલ પા કપ, મગફળીના બી પા



કપ, દાળિયાની દાળ પા કપ, કોપરાંની છીણ ૧ કપ, કાજુ ટુકડા પા કપ, બદામ ટુકડા પા કપ, પમકીન સીડ્સ પા કપ, ગોળ ૩ કપ, ઘી ૧ ચમચી.

**રીત :** ઉપર જણાવેલી બધી વસ્તુ બરાબર સાફ કરી ગેસ પર ધીમા તાપે શેકી લેવી. હવે અન્ય કડાઈમાં પાઈ બનાવવા માટે એક ચમચી ઘી મૂકી ગોળ ઉમેરો. લોખંડના તવેથા વડે સતત હલાવતાં પાઈ તૈયાર કરો. તેમાં શેકેલી બધી સામગ્રી મિક્સ કરી લો. હવે થાળી અથવા પ્લેટફોર્મ પર ઘી લગાવી ચિકીનું મિશ્રણ ફેલાવી ઝડપથી વણી લેવી. તરત કાપા પાડી લેવા. આ મિક્સ ચિકી પરિવારના દરેકને બહુ ભાવશે.

## હેલ્ધી ચિકી

**સામગ્રી :** ગોળ ૧ કપ, શેકેલા સીંગદાણા પા કપ, બદામના ટુકડા પા કપ, કાળા તલ પા કપ, સફેદ તલ પા કપ, ડ્રાય ક્રેનબેરી પા કપ, ઓટ્સ અડધો કપ, સનફલાવર સીડ્સ પા કપ, કાળી દ્રાક્ષ પા કપ, અખરોટના ટુકડા પા કપ, કોર્નફ્લેક્સ પા કપ, ઘી અડધી ચમચી.

**રીત :** સૌપ્રથમ બધી સામગ્રીને ડ્રાય રોસ્ટ કરી લો. હવે એક જાડી કડાઈમાં ઘી ગરમ મૂકી ગોળને પાઈ બનાવવા માટે ઓગળવા મૂકો. જેવી જોઈતી હોય એવી પાઈ તૈયાર થઈ જાય એટલે શેકેલી સામગ્રી તેમાં સારી રીતે મિક્સ કરો. ઘીથી ગ્રીસ કરેલા પ્લેટફોર્મ પર ચિકીને પાથરો. વાડકી વડે દબાવીને દબાવીને ચિકીને સરસ ઢાળી દો. તરત જ કાપા પણ પાડી લો. ઠંડી થાય એટલે આ અવનવી હેલ્ધી ચિકીને ડબ્બામાં ભરી લો.

❁

# મોગલ ધામ કચ્છ

■ ડૉ.મિહિર એમ. વોરા



મિત્રો આ માહિતી આધારિત લેખ છે જેની નોંધ લેજો. એક પણ શબ્દ લેખકનો નથી જેની નોંધ લેજો. આઈ મોગલનું આ ધામ કચ્છના કબરાઉમાં આવેલું છે. ભચાઉથી ૧૬ કિ.મીના અંતરે કબરાઉ મોગલ ધામ આવેલું છે. વર્ષો જૂના રોગને માતા કરી દે છે દૂર. જ્યાં નથી સ્વીકારાતી દાન-દક્ષિણા. કચ્છના કબરાઉમાં બિરાજમાન મા મોગલ પૈસા નહીં ભક્તોના ભાવની ભૂખી છે. તેવું ભક્તોનું માનવું છે. કબરાઉમાં આવતા શ્રધ્ધાળુઓને માતાજી પ્રત્યે અતૂટ આસ્થા જોડાયેલી છે. કચ્છના કબરાઉમાં બિરાજમાન મા હાજરાહજુર છે. ભક્તોને સાક્ષાત પરચા પણ આપે છે. આઈ મોગલનું આ ધામ કચ્છના કબરાઉમાં આવેલું છે. ભચાઉથી ૧૬ કિ.મી.ના અંતરે કબરાઉ મોગલ ધામ આવેલું છે.

રસ્તા પરથી પસાર થાઓ એટલે દૂરથી માની ધજા અને લાલ રંગમાં લખેલ માંના દર્શન થઈ જાય. વડવાળી મોગલ એટલા માટે કહેવાય છે કારણ કે માતા વડની નીચે બિરાજમાન છે. માટે માતાના નામની સાથે વડવાળી મોગલ જોડાયું છે. આ મંદિર અન્ય મંદિરો કરતા અલગ તરી આવે છે કારણ કે કબરાઉ મોગલધામમાં એક રૂપિયાનું દાન સ્વીકારાતું નથી. દાન કોને અપાય તો કહે છે દાન તો દીકરીને જ અપાય. માતાજીએ અહીં તેમની હયાતિના પુરાવા આપ્યા છે. માએ નિસંતાનને ત્યાં ઘોડિયું બંધાવ્યું. જેની સાબિતી અહીંની દીવાલ પર નાના ભૂલકાઓના ફોટો લગાવવામાં આવ્યા છે. એક એક ફોટો માના આશીર્વાદની સાબિતી આપે છે કે માએ કેટલાને ખોળાનો ખુંદનાર દીધો ને કેટલાયના ઘરમાં દીકરી રૂપે દીપ પ્રગટાવ્યો. અનેકોને આઈએ ગંભીર બીમારીઓથી મુક્તિ અપાવી છે. મોગલના આ ધામમાં આવતા લોકોના મનમાં એક સવાલ હોય છે કે માતાને પ્રસન્ન કેવી રીતે કરવી? તો તેનો જવાબ બાપુ ખુદ આપે છે. મા મોગલને ખુશ કરવા અને તેમના આશીર્વાદ મેળવવા માટે મોગલ માનો કોઈ દીવો કરવાની જરૂર નથી.

માત્ર તમે તમારી કુળદેવીનો દીવો કરી તમારી કુળદેવી અને મોગલ માનું સ્મરણ કરો. આ કરવાથી મોગલ મા તમારા પર કૃપા વર્ષાવશે. મા મોગલને ગૂગળનો ધૂપ ખૂબ જ પ્રિય હોવાથી ગૂગળના ધૂપમાં ગાયનું ઘી નાખીને ધૂપ કરો અને મા મોગલના આશીર્વાદ હંમેશા ભક્તોની સાથે જ રહે છે એ તો અઢારે વરણની મા છે. જ્યારે મા મોગલને આસ્થાથી અને શ્રધ્ધાથી માનવામાં આવે તો એ તમારી સાથે છે અને પોતાના દુઃખ દૂર કરે છે અને તેમની કૃપા હંમેશા વરસતી રહેશે. અગરબત્તી કરવા કરતાં ઘરમાં ધૂપ કરવો જોઈએ અને હા મા મોગલને શ્રધ્ધા રાખવાથી તે અચૂક ભક્તોની માનતાઓ પણ પૂર્ણ કરે છે. અહીં લાગેલા અલગ અલગ પોસ્ટર્સ બતાવે છે કે માતામાં શ્રધ્ધા રાખો પણ અંધશ્રધ્ધા બિલકુલ ના રાખો. માટે જ તો લખ્યું છે કે પહેલા ડૉક્ટરની દવા બાદમાં દુઆ.



જીવનમાં સારા કામ કરવાની સલાહ આપે છે. કચ્છમાં આવેલા એક મંદિરના દેવી દેવતાઓ સાથે લોકોની વિશિષ્ટ આસ્થા જોડાયેલી છે. અહીં અનેક ધાર્મિક સ્થળો આવેલાં છે જે પ્રત્યે કચ્છી લોકોને તેમજ દેશ વિદેશમાં વસતા લોકોને અતૂટ આસ્થા છે, એવું જ એક મંદિર કે જ્યાં લોકોને માથું ટેકતા જ મળે છે આશીર્વાદ. માતાજી નિસંતાન દંપતીને આપે છે બાળકનું સુખ અને જુના રોગોમાંથી પણ મળે છે મુક્તિ.

આ મોગલધામ શ્રધ્ધાળુઓની રહસ્યથી ભરપૂર અને રોચક કહાનીઓ સાથે જોડાયેલું છે. ભુજ ભચાઉ હાઈવે પરથી પસાર થાઓ એટલે દૂરથી માની ધજા અને લાલ રંગમાં લખેલ માના સ્તંભના દર્શન થાય છે. મા મોગલ એક વિશાળ વડના ઝાડ નીચે બિરાજમાન છે. માટે માતાના નામની સાથે વડવાળી મોગલ પણ જોડાયેલ છે. મોગલધામમાં આવતા શ્રધ્ધાળુઓની મનોકામના પૂર્ણ કરીને માતાજીએ અહીં તેમની હયાતિના પુરાવા આપ્યા છે. તો મોગલ મા એ નિસંતાનના ઘરે બાળક સુખ આપીને તેના ઘરે ઘોડિયું બંધાવ્યું છે જેની સાબિતી અહીંની દીવાલ પર નાના ભૂલકાઓના ફોટો લગાવવામાં આવ્યા છે. અહીંની દીવાલો પર લગાડવામાં આવેલ હજારો ફોટો માના આશીર્વાદની સાબિતી આપે છે કે આઈ મોગલે અનેકના ઘરમાં દીકરી રૂપે દીપ પ્રગટાવ્યો છે. તો આઈ એ ગંભીર બીમારીથી પીડાતા અનેક લોકોને મુક્તિ અપાવી છે. મોગલના આ ધામમાં આવતા લોકોને અહીં જણાવવામાં આવે છે કે મોગલને ખુશ કરવા અને તેમના આશીર્વાદ મેળવવા માટે મોગલ માનો કોઈ દીવો કરવાની જરૂર નથી. માત્ર તમે તમારી કુળદેવીનો દીવો કરી તમારી કુળદેવી અને મોગલ માનું સ્મરણ કરો અને વિશ્વાસ રાખો જેનાથી મોગલ માની કૃપા થશે. મા મોગલના આશીર્વાદ હંમેશા ભક્તોની સાથે જ રહે છે એ તો અઢારે વરણની મા છે. આમ, કચ્છનું આ મોગલધામ લાખો શ્રધ્ધાળુઓની આસ્થાનું પ્રતિક છે અને મોગલ મા અહીં હાજરાહજુર છે અને અહીંથી લોકોને અંધશ્રધ્ધાથી દૂર રહેવા માટે અનુરોધ પણ કરવામાં આવે છે.

**સંદર્ભ** : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ અને ગૂગલ ફોટો

# ડોમ્બિવલીમાં કચ્છીઓ માટે શિક્ષણની નવી સુવિધા

**અર્પિત ગંગર દ્વારા**







માટુંગા બોર્ડિંગ (શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ સીવીઓ જૈન છાત્રાલય) માત્ર એક નામ નથી, તે હજારો વિદ્યાર્થીઓ માટે લાગણીના સરનામાં સમાન છે. તેણે ઘણા લોકોનાં જીવનને પરિવર્તન અને આકાર આપી જીવનનો સાચો અર્થ શીખવ્યો છે અને તેમને આત્મનિર્ભર બનવામાં મદદ કરી છે. ઘણી સફળ વ્યક્તિઓ જીવનમાં તેમની સિધ્ધિઓ માટે માટુંગા બોર્ડિંગને શ્રેય આપે છે.

શિશુવનના સફળ સંચાલન પછી માટુંગા બોર્ડિંગ હવે 'વીરા જગાણી સ્કૂલ ઓફ એક્સેલન્સ'ના પ્રારંભ સાથે તેની શૈક્ષણિક હાજરીને ડોમ્બિવલીમાં વિસ્તારી રહી છે. ડોમ્બિવલીમાં શરૂ થનારી નવી શાળાનું સંચાલન શિશુવન સ્કૂલ (માટુંગા) દ્વારા કરવામાં આવશે.

ડોમ્બિવલી મિત્રમંડળના સહયોગથી, માટુંગા બોર્ડિંગે તાજેતરમાં ભૂમિપૂજન સમારોહ યોજ્યો હતો. જેમાં એક હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

માટુંગા બોર્ડિંગ, એક ૧૦૯ વર્ષ જૂની સંસ્થા છે જેણે એ જ પરિસરમાં ૨૦૦૯માં શિશુવન શાળાની સ્થાપના કરી હતી, જ્યાં હાલમાં ૧૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે.

ડોમ્બિવલી મિત્રમંડળ, ડોમ્બિવલીના લોકોની સેવા કરવા માટે સમર્પિત ૫૦ વર્ષ જૂની સંસ્થા છે જે શિશુવન સંચાલિત શાળાનું નામ 'વીરા જગાણી સ્કૂલ ઓફ એક્સેલન્સ' રાખવામાં આવશે.

આ સાત માળની સંસ્થા આઈસીએસઈ સ્તરનું શિક્ષણ આપશે અને સમગ્ર બાંધકામ બેથી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. પ્લેગ્રુપથી ધોરણ દસ સુધીનું શિક્ષણ આપવામાં આવશે.

ચંદ્રકાંત ગોગરી (માટુંગા બોર્ડિંગના અધ્યક્ષ) વીરા જગાણીના વિદ્યાર્થીઓ શિશુવનના વિદ્યાર્થીઓ જેવું જ શિક્ષણ મેળવે તેની ખાતરી કરીને, શિક્ષણની ગુણવત્તા સાથે બાંધછોડ કરવામાં નહીં આવે.

નિમેષ છેડા (માટુંગા બોર્ડિંગના પ્રમુખ) અમે કામ કરતા માતા-પિતાને મદદ કરવા માટે એક દિવસીય બોર્ડિંગ સુવિધા રજૂ કરીશું. જેમને દિવસ દરમ્યાન તેમના બાળકોને છોડવા માટે સ્થળની જરૂર હોય છે.

કિશોર છેડા (ડોમ્બિવલી મિત્રમંડળના પ્રમુખ) ડોમ્બિવલીમાં નોંધપાત્ર સંખ્યામાં કચ્છીઓ વસે છે, ને મોટાભાગે મધ્યમ અને નીચલા વર્ગના છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વીરા જાગાણી સ્કૂલમાં ફીનું માળખું તૈયાર કરવામાં આવશે. ફી ભરવામાં અસમર્થ કવીઓ વિદ્યાર્થીઓ માટે, માટુંગા બોર્ડિંગ અને ડોમ્બિવલી મિત્રમંડળ નાણાંકીય સહાય પૂરી પાડશે.



since 1975

## MANSI textiles

*Specialise in :*
Fabric for girl's dresses, infant wear, women's night wear and men's shirting

101, Kumar Fun'n'shop, 1st Floor, Old Hindmata Theatre, Dr Ambrdkar Rd , Dadar East , Mumbai 400014

TEL : 02224114329 / 02224136151
Harakhchand Gangar : 9820032030
Kirti (Ravi) Gangar : 9967768833

## MILAN textiles

*Specialise in :*
Exclusive fancy shirting fabric

21, Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224112352 , 02224113032
Nemchand Gangar : 9821097336

## APNA® textiles

*Specialise in :*
Fancy shirting fabric

22 , Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224120734
Vinod Gangar : 9321162013
Hasmukh Gada : 9320031226

## Sankalp SYNTHETICS

*Specialise in :*
Exclusive shirting fabric

37, Kesharbaug , Dr. B. J Devrukhkar Marg, Opposite Progressive Co-op Bank, Hindmata, Dadar East, Mumbai 400014

TEL: 02224131661
Shivji Shah : 9820001312 | Sailesh Shah : 9821016559
Mayur Shah : 9820790587

## MAYKA® Lifestyle

*Specialise in :*
Casual wear fabrics for men and women

37/38 , Kewal Industrial Estate, Ground Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai 400013

TEL : 02249556666
Amit Gangar : 9819901234 | Hardik Gangar : 9819577677
Mayank Gangar : 9820550015

## MAYKA® SYNTEX

*Specialise in :*
100% Cotton shirting garment fabric supplier, smart formals and clubwear shirting fabric

52, Kewal Industrial Estate, Ground Flr, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013

TEL : 02262495555
Jayanti Gangar : 9224500000 | Samay Gangar : 9819032325
Nirav Gangar : 9773296976 | Nilesh Shah : 9820790572

*With best compliments*

માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પરિવાર - ચુનડી

# દાંદેલી : પ્રકૃતિપ્રેમીઓ માટે એક અવિસ્મરણીય સ્થળ



દિવાળીની રજાઓ પૂરી થઈ ચુકી છે અને રાબેતા મુજબ સૌ હરીફરી, તાજામાજા થઈને પોતપોતાના કામધંધે વળગી ગયા છે. એવામાં ફરવા માટે ભાગ્યે જ વિચાર આવે. છતાં શિયાળાની શરૂઆતમાં સાહસવૃત્તિ અને પ્રાકૃતિક સુંદરતા વચ્ચે થોડો સમય વિતાવવાની ઈચ્છા હોય તો તમારે દાંદેલી વિશે ચોક્કસ વિચારવું રહ્યું. દાંદેલી કર્ણાટકનું એક મનમોહન શહેર છે જે દક્ષિણ ભારતનાં મુખ્ય પર્યટન સ્થળો પૈકીનું એક છે. તે આકર્ષક ખીણો અને નયનરમ્ય નદીઓ માટે પ્રસિદ્ધ છે. અહીં એ બધું જ મોજૂદ છે, જે એક પ્રકૃતિપ્રેમી વ્યક્તિ ઈચ્છતી હોય છે. અહીં તમે હાથી, વાઘ, દીપડા, ઊડતી ખિસકોલી અને હરણની વિવિધ પ્રજાતિઓને તેના કુદરતી વાતાવરણ વચ્ચે ફરતાં જોઈ શકો છો. અહીં તમને અનેક પ્રકારની દુર્લભ પ્રજાતિના જીવજંતુઓ અને અનેક પ્રકારની વનસ્પતિઓ જોવા મળશે. પ્રકૃતિપ્રેમીઓ માટે આ એક અવિસ્મરણીય સ્થળ એટલા માટે છે, કેમ કે અહીં કુદરતી સૌંદર્યની સાથોસાથ અનેક પ્રકારની સાહસિક રમતોની પણ મજા માણી શકો છો. જેમાં બોટિંગ, નેચર વોક અને બીજી અનેક એડવેન્ચર એક્ટિવિટીનો સમાવેશ થાય છે. પોતાની અદ્‌ભુત પ્રાકૃતિક સુંદરતાને કારણે દાંદેલી હવે એક આદર્શ પર્યટન સ્થળ તરીકે ઓળખાવા લાગ્યું છે.

જો તમે રાફ્ટિંગ, કેનોઈંગ અને અન્ય એડવેન્ચર એક્ટિવિટીમાં રસ ધરાવો છો તો અહીંની કાળી નદી તમારા માટે પરફેક્ટ સ્પોટ છે. પોતાના સૌંદર્યને કારણે આ જગ્યા દર વર્ષે મોટી સંખ્યામાં સાહસિકોને આકર્ષે છે. દાંદેલીના વન્યજીવન અભયારણ્યમાં તમને દુર્લભ જીવો અને વનસ્પતિઓથી વાકેફ થવાની તક મળશે. અહીં તમે તમારા પ્રિયજનો સાથે ખરેખર સાહસિક પળો વિતાવી શકો છો. કેમ કે અભયારણ્ય ૩૩૪ વર્ગ માઈલમાં ફેલાયેલું છે જેમાં હાથી, દીપડો, મગર, ગ્રેટ પાઈડ હોર્નબીલ, પેરગ્રીન ફાલ્કન, બ્લૂથોટેડ બાર્બેટ વગેરેને નજીકથી જોવાની તક મળી શકે છે. આ અભયારણ્યથી અંદાજે ૨૫ કિ.મી. દૂર આવેલું શિરોલી શિખર આ અભયારણ્યની સૌથી ઊંચી જગ્યા છે. કુદરતના ચાહકો માટે આ જગ્યા એક અદ્‌ભુત અનુભવ છે. આ સિવાય અહીં દાંડેલપ્પા મંદિર જોવા જેવું સ્થળ છે જે દાંદેલીના ઈતિહાસ સાથે જોડાયેલું છે. હરિયાળી વચ્ચે આવેલું આ મંદિર સ્થાનિકો માટે એક મહત્ત્વનું ધાર્મિક સ્થળ છે. જોકે આ બધાંથી અલગ એક સ્થળ છે. જે તમારા માટે આજીવન સંભારણું બની રહેશે, તે છે મોલંગી જળધોધ. શહેરના શોરબકોરથી દૂર અહીં આવીને તમે બધો થાક, ચિંતા ભૂલીને કુદરતના રંગોમાં પરોવાઈ જશો. દાંદેલીમાં પટ્ટડકલ નૃત્ય મહોત્સવ, મકરસંક્રાંતિ અને થાઈ પુષ્પમ એ ત્રણ મુખ્ય તહેવારો અને ઉત્સવો છે. પટ્ટડકલ નૃત્ય મહોત્સવ ત્રણ દિવસ ચાલે છે અને એ દરમિયાન સ્થાનિકો દ્વારા પરંપરાગત નૃત્યના અદ્‌ભુત કાર્યક્રમો યોજાય છે. દાંદેલીમાં ફરવા માટે શિયાળાની સિઝન સૌથી ઉત્તમ ગણાય છે. એટલે કે ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી અહીં પરિવાર સાથે સમય વિતાવવાની મજા જ કંઈક ઓર છે. જો તમે દિવાળીની રજાઓમાં કોઈ પ્લાનિંગ ન કરી શક્યા હો તો દાંદેલનું પ્લાનિંગ બેસ્ટ રહેશે.

❁



# મહિલા મંચ



## શિયાળામાં માનુનીઓનાં મનપસંદ જેકેટ્સની જમાવટ

શિયાળા દરમિયાન ઠંડીને કારણે આઉટફિટમાં બહુ પ્રયોગો નથી કરી શકાતા પણ સ્ટાઈલિશ સ્વેટર, શાલ, સ્વેટશર્ટ, હૂડી અને જેકેટ્સની મદદથી સ્ટાઈલિશ લુક મેળવી શકાય છે. હાલમાં આધુનિકાઓ પાસે જેકેટ્સના અનેક વિકલ્પો ઉપલબ્ધ છે અને એમાંથી તેઓ પ્રસંગને અને ડ્રેસિંગને અનુરૂપ સ્ટાઈલની પસંદગી કરીને ફેશનેબલ લુક મેળવી શકે છે.

**પફર જેકેટ :** પફર જેકેટને ડાઉન જેકેટ પણ કહેવાય છે. મહિલાઓમાં આ જેકેટ્સનો ક્રેઝ ઘણો વધ્યો છે, પફર ક્વિલ્ટેડ જેકેટ્સ ઈન્સ્યુલેટેડ હોય છે. તેમાં બનેલા એર પોકેટ્સની અંદર ડક અને અન્ય બર્ડ્સના પીછાં ભરેલા હોય છે. તે શરીરને ગરમ રાખે છે. આ બંને ઉપરાંત સિન્થેટિક કોટનથી ભરેલા જેકેટ્સ પણ માર્કેટમાં મળે છે. આ શિયાળામાં ઓવરસાઈઝ્ડ લોન્ગ પફર જેકેટ્સની ડિમાન્ડ ઘણી વધી છે. આ પફર જેકેટ્સ લેધર, વેલ્વેટ, પોલિસ્ટર અને સિન્થેટિક આ દરેક ફેબ્રિકમાં મળે છે. તમે આમાંથી તમારા કમ્ફર્ટ અને ચોઈસને ધ્યાનમાં રાખીને સિલેક્ટ કરી શકો છો. શોર્ટ લેન્થને બદલે હવે ઘૂંટણ કે ફુલ બોડી લેન્થ જેકેટ્સ માર્કેટમાં આવી ગયા છે. તેમાં તમે બ્રાઈટ અને ન્યૂટ્રલ કલર્સ ચોઈસ કરી શકો છો. આ જેકેટ્સ દરેક બજેટમાં મળી શકે છે.

**મોટો જેકટ :** વિન્ટર વેર તરીકે ટ્રેન્ડમાં આવેલાં મોટો જેકટ સ્લિમ, ફિટ અને સ્ટાઈલિશ લુક આપે છે. શરૂઆતમાં પુરુષોની ફેશન ગણાતા આ મોટો જેકેટને યુવતીઓએ પણ પોતાની પસંદગીનો પહેરવેશ બનાવી લીધો છે. છેલ્લા ઘણા સમયથી ક્રોપ ટોપે યુવતીઓમાં આકર્ષણ જમાવ્યું છે અને હવે માર્કેટમાં આવેલાં ક્રોપ્ડ મોટો જેકેટ તેમના ફેવરિટ બની ગયા છે. ક્રોપ ટોપ અથવા કેઝ્યુઅલ ટીશર્ટ સાથે ક્રોપ ટોપનું મેચિંગ કરી શકાય. લેધર, ફર, બેલ્ટ અને ચેન વગેરે પ્રકારની દરેક સ્ટાઈલમાં ક્રોપ્ડ મોટો જેકેટ તમને ફેશન માર્કેટમાં જોવા મળશે.



**લેધર જેકેટ :** ઓફિસ વેર હોય કે સિમ્પલ વેર... દરેક આઉટફિટ પર લેધર જેકેટ સુંદર લાગે છે. હાઈવેસ્ટ જીન્સ પર પણ લેધર જેકેટ પહેરી શકાય. એ હેપનિંગ લુક આપે છે.

**એનિમલ પ્રિન્ટ જેકેટ :** બોલ્ડ એન્ડ બ્યૂટીફુલ લુક મેળવવો હોય એનિમલ પ્રિન્ટના જેકેટ ટ્રાય કરી શકાય. સામાન્ય રીતે આ સ્ટાઈલના જેકેટ નાની વયની યુવતીઓ પર વધારે સારાં લાગે છે. જો તમે અલગ લુક ઈચ્છતા હો તો લેપર્ડ પ્રિન્ટના જેકેટ ટ્રાય કરી શકાય. સિમ્પલ બ્લેક ટોપ ઉપર લેપર્ડ પ્રિન્ટ ઉઠાવ આપે છે. આ સ્ટાઈલના જેકેટ સાથે શોર્ટ્સ સાથે લોન્ગ શૂઝનું કોમ્બિનેશન કરી શકાય. આ કોમ્બિનેશન યુવતીની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે.

**ડેનિમ જેકેટ :** જો તમારે ડેનિમ જેકેટમાં જ પોતાનું બેસ્ટ સ્ટાઈલ સ્ટેટમેન્ટ ફ્લોન્ટ કરવું હોય તો માર્કેટમાં અનેક ડિઝાઈન અને સ્ટાઈલ ઉપલબ્ધ છે. વન પીસ કે મેક્સી ડ્રેસ ઉપર આ સ્ટાઈલનાં ડેનિમ જેકેટ અનોખો લુક આપશે. હાલમાં એમ્બ્રોડરીવાળા ડેનિમ જેકેટ યુવતીઓના ફેવરિટ બની ગયા છે. જાતજાતનાં ફુલ-વેલોની એમ્બ્રોઈડરી કરેલા ડેનિમ જેકેટ સુંદર લાગે છે.

# SLOGAN T-SHIRT




ઉત્તરાયણ આવે એટલે ફેશનેબલ યુવતીઓ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે બધાંના આકર્ષણનું કેન્દ્ર બનવાના પ્રયાસ શરૂ કરી દે છે. તેઓ આ દિવસ દરમિયાન પહેરવાના ડ્રેસની પણ આગોતરી પસંદગી કરી લે છે. સામાન્ય દિવસોમાં ફેશનેબલ આઉટફિટ પહેરવાનું પસંદ કરતી યુવતીઓ કમ્ફર્ટેબલ અને ગરમી ન થાય તેમજ હવામાં વોર્ડરોબ માલફંક્શન નો ભોગ ન બનાય એવા વસ્ત્રોની પસંદગી કરે છે. આ કારણોસર આ દિવસે પહેરવા માટે યુવતીઓ સામાન્ય રીતે જીન્સ કે પછી અલગ સ્ટાઈલના બોટમ સાથે સ્ટાઈલિશ આધુનિક ડિઝાઈનના ટોપ્સ અને ટી-શર્ટ પહેરવાનું પસંદ કરતી હોય છે. હાલમાં યુવતીઓમાં અલગ અલગ સ્લોગન લખેલાં ટી-શર્ટ પહેરવાનું વધારે પસંદ કરે છે. આ ટી-શર્ટ તેમના મૂડ અને પર્સનાલિટીને સારી રીતે દર્શાવે છે.

**એટિટ્યુડનો અંદાજ**

આ ટી-શર્ટના માધ્યમથી યુવતીઓને ફેશનની સાથોસાથ પોતાના એટિટ્યૂડ કે પસંદગી દર્શાવવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે. જો યુવતી પર્યાવરણ પ્રત્યે સજાગ હોય તો એ આ દિવસે ગ્લોબલ વોર્મિંગને ધ્યાનમાં રાખીને ‘ગો ગ્રીન’, ‘સેવ ટ્રી’, ‘લવ ટ્રી’ વગેરે સ્લોગનવાળા ટી-શર્ટ પહેરી શકે છે. આ રીતે તે તહેવાર માણવાની સાથે સાથે સમાજને સંદેશ આપી શકે છે. આમ, આવા સ્લોગનવાળું ટી શર્ટ પહેરીને એક કાંકરે બે પક્ષી મારી શકાય છે.

**રોમેન્ટિક મૂડ દર્શાવે**

ઉત્તરાયણ એટલે ઉત્સવની ઉજવણી પર રોમાન્સનું ટોપિંગ. આ દિવસે પોતાનો રોમેન્ટિક અંદાજ દર્શાવવા માટે આ સ્લોગન ટી-શર્ટની મદદ લઈ શકાય છે. આ સ્લોગન ટી-શર્ટ પર ઘણી વાર તો તેમને જે શોખ હોય, તેમનો મૂડ કેવો છે, તેમના પ્રિય ગાયક કોણ છે એવા ચિત્રો પણ દોરેલા હોય છે અને તેની સાથે સ્લોગન લખેલું હોય છે. ઘણી વાર આવા સ્લોગન ટી-શર્ટમાં પ્રેમની માગણી પણ કરવામાં આવે છે. જેમ કે, ‘લવ મી’, ‘વિલ યુ લવ મી?’, ‘આઈ લવ માયસેલ્ફ’ વગેરે સ્લોગન સાથે હાર્ટ દોરેલું હોય છે. આ રીતે યુવતીઓ મોંમાંથી એક શબ્દ બોલ્યા વગર પોતાની લાગણી સામેની વ્યક્તિ સુધી પહોંચાડી શકે છે.

**કાળજી જરૂરી**

જ્યારે ઉત્તરાયણની ઉજવણી કરવા માટે સ્લોગન ટી-શર્ટ પહેરવાનો વિકલ્પ પસંદ કરો ત્યારે એના પર જે સ્લોગન લખેલું હોય એના પર થોડું ધ્યાન આપો. ઘણી વખત ડબલ મીનિંગ સ્લોગન તમારી પર્સનાલિટીને ઝાંખપ લગાવી શકે છે. સ્લોગન ટી-શર્ટમાં કલર્સ તો જે પહેરો તે સારા જ લાગે છે. હા, તેમાં કલર્સ સાથે સ્લોગનના કલર્સનું કોમ્બિનેશન પરફેક્ટ હોવું જોઈએ. અન્યથા તે અત્યંત ખરાબ લાગે છે. લાલચટક રંગના ટી-શર્ટ પર ગોલ્ડન કે બ્લેક કલરથી ‘ગો ગ્રીન’ લખેલું હોય તો એ બિલકુલ સારું નથી લાગતું.

# સાદા સલવાર સૂટને હેવી લુક આપતા અવનવા દુપટ્ટા



**જ્યા**રે ભારતીય વસ્ત્રોની વાત આવે છે, ત્યારે સલવાર સૂટની ગણતરી દરેક વયની યુવતીઓના ફેવરિટ આઉટફિટમાં કરી શકાય. નોંધનીય છે કે સલવાર સૂટમાં દુપટ્ટો અલગ કે ભારે હોય ત્યારે સૂટને એક અલગ જ લુક મળે છે. સલવાર સૂટની ખાસિયત એ દુપટ્ટા છે જે તેને શાનદાર લુક આપે છે. હાલમાં માર્કેટમાં એવા અવનવા દુપટ્ટા મળે છે જે સાદા સલવાર સૂટને બહુ સરળતાથી હેવી લુક આપે છે. આવી સ્થિતિમાં, તમારે બજારમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના દુપટ્ટાથી પણ તમારા સૂટને આકર્ષક બનાવવો જોઈએ. ચાલો જાણીએ કે સાદો કે સાદો સૂટ પણ ભારે દુપટ્ટાથી અલગ કેવી રીતે બની શકે છે.

**સિકવન્સ દુપટ્ટો :** તમારો સૂટ કે જેમાં કુર્તા અને સલવાર એક જ રંગના અને સાવ સિમ્પલ છે. આ ડ્રેસને પહેરીને પાર્ટીમાં જવાનું હોય તો તમે તેની સાથે સિકવન્સ દુપટ્ટો લઈ શકો છો. કારણ કે સિકવન્સ દુપટ્ટા હેવી લુક આપે છે. તે તમારા સૂટને અલગ સ્ટાઈલિશ લુક આપે છે. તમે ઈચ્છો તો સૂટના રંગ કરતાં કોન્ટ્રાસ્ટ રંગનો દુપટ્ટો પહેરી ખાસ લુક ક્રિએટ કરી શકો છો. આ ડ્રેસિંગ પછી તમારો સૂટ ખૂબ જ સુંદર લાગશે.

**ફ્લાવર પ્રિન્ટેડ દુપટ્ટા :** તમારા કલેક્શનમાં મલ્ટિકલર ફ્લાવર પ્રિન્ટેડ દુપટ્ટો રાખો. એને તમે દરેક જગ્યાએ પહેરી શકો છો. પછી ભલે તે ઓફિસ હોય કે કોલેજમાં, આવો સ્ટાઈલિશ દુપટ્ટો પહેરવામાં સરળ છે તેમજ તમારા લુકને સિમ્પલ તેમજ ટ્રેન્ડી બનાવવામાં મદદ કરશે. જોકે આવો દુપટ્ટો લેતી વખતે હંમેશાં ધ્યાન રાખો કે આ પ્રકારના દુપટ્ટાનો બેઝ કલર હંમેશાં હળવો હોવો જોઈએ, તો જ પ્રિન્ટ હાઈલાઈટ થશે.

**ગોટા પટ્ટી વર્ક દુપટ્ટા :** જો તમારે લગ્ન કે પાર્ટીમાં તમારો સલવાર સૂટ પહેરવો હોય અને તમને થોડો હેવી લુક પણ જોઈતો હોય તો તમારે ગોટા પત્તી દુપટ્ટા પહેરવા જોઈએ. ગોટા પટ્ટી વર્ક હંમેશાં નેટ અથવા જ્યોર્જેટ પર સારું લાગે છે. તમે આ દુપટ્ટાને તમારા પસંદગીના મેચિંગ રંગો સાથે રંગાવી પણ શકો છો.

**કલર કોન્ટ્રાસ્ટ દુપટ્ટા :** કોઈપણ સૂટને અલગ લુક આપવા માટે દુપટ્ટા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને જો તમે કોન્ટ્રાસ્ટ રંગની પસંદગી કરશો તો તે વધુ આકર્ષક લાગે પરંતુ એ માટે કોન્ટ્રાસ્ટ કલરની પસંદગી યોગ્ય રીતે કરો.


**બંધેજ દુપટ્ટા :** બંધેજ દુપટ્ટા દરેક મહિલાઓને સારા લાગે છે તેમજ તે પ્લેન સુટ પર અલગ લુક આપે છે. આમાં તમને ચુનરી, બાંધેજ અને લહેરિયા જેવી ઘણી પ્રિન્ટ જોવા મળશે. બજારમાં આની વિવિધતા ઉપલબ્ધ છે.

**મિરર દુપટ્ટા :** મિરરવાળા દુપટ્ટા આજકાલ મહિલાઓ અને છોકરીઓમાં ખૂબ પસંદ કરવામાં આવી રહ્યા છે. સિમ્પલ સુટ સાથે આવા દુપટ્ટા હેવી લુક આપે છે. એ પહેરવાથી યુવતી સ્ટાઈલિશ લુક મેળવી શકે છે.

**બનારસી દુપટ્ટા :** બનારસી દુપટ્ટા હંમેશાં એવરગ્રીન રહ્યા છે. આમાં ફેબ્રિકની અલગ અલગ ગુણવત્તા ઉપલબ્ધ છે. વળી, બનારસી ફેબ્રિકમાં ઘણા રંગો અને પ્રિન્ટ છે. જેઓ એકદમ આકર્ષિત જણાય છે. આ દુપટ્ટા સલવાર સુટ પર ખૂબ જ સુંદર લાગે છે.



# સ્ત્રી એ એક રહસ્ય છે



■ ભવાનજી ગાલા

માનવજીવનમાં સ્ત્રીનું મહત્ત્વ અનેક કારણોસર સ્વીકારાયું છે. માનવ સંસ્કૃતિના પાયામાં સ્ત્રીનું યોગદાન વિશેષ રહ્યું છે. માતા તરીકે પોતાના સંતાનમાં સંસ્કાર રેડીને સમાજની સંસ્કૃતિનું નિર્માણકાર્ય સ્ત્રી પર છોડવામાં આવ્યું હોઈ, યુગે યુગે સ્ત્રી કેન્દ્રમાં રહી છે. સ્ત્રી જીવનને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકીને સ્ત્રીને સમજવા આપણે પ્રયત્ન કરીએ, તો સ્ત્રી એ એક રહસ્યમય દેખાશે. સ્ત્રીનું વર્તન અને તેણીના પ્રકૃતિના અભ્યાસ પછી પણ સ્ત્રીને સમજવી એ ખરેખર એક મુશ્કેલ પ્રક્રિયા છે. આ માટે આપણે માનવ ઈતિહાસના પાના ફેરવીએ અને યુગે યુગની પરિસ્થિતિનો તાગ મેળવવા પ્રયત્ન કરીએ.

માનવજીવનમાં લગ્નની અનિવાર્યતા સ્વીકારાઈ છે, એટલે જ માનવ પશુઓથી જુદો પડ્યો છે અને પોતાની સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. સમાજમાં લગ્નની પ્રથાના કારણે સ્ત્રી પુરુષમાં ઐક્યની ભાવના વિકસી છે અને જીવન સરળ બન્યું છે, એટલું જ નહીં, પણ સફળ જીવન પ્રાપ્ત કરવું હોય, તો લગ્નીત સ્ત્રી-પુરુષ એકાત્મા બને એ જરૂરી છે. એમ આજે સર્વ કોઈ સ્વીકારે છે. અલબત્ત યુગે યુગે અને વિવિધ સમાજોમાં લગ્નપ્રથા ભિન્ન હોવા છતાં લગ્નના સંસ્કારનો સર્વત્ર સ્વીકાર થયેલ છે.

માનવ સંસ્કૃતિમાં લગ્નનો સ્વીકાર એ ખરેખર એક અદ્ભુત ઘટના છે. એથી માનવજીવનને સ્થિરતા પ્રાપ્ત થતાં માનવી સંસ્કારી હોવાનો દાવો કરે છે. માનવજીવનને સ્થિરતા પ્રાપ્ત થઈ છે. તેનું બીજું કારણ ખેતીની શોધ છે. ખેતીની શોધ પણ સ્ત્રીએ કરી છે. આદિ કાળમાં પુરુષ હંમેશા ભટકીને શિકાર કરીને ખોરાક મેળવતો. જ્યારે સ્ત્રી ગુફામાં રહીને મોટા ભાગનો સમય પસાર કરતી. ગર્ભાવસ્થામાં જ્યારે સ્ત્રી કામકાજ ઓછું કરી શકતી, ત્યારે આસપાસના વાતાવરણનું નિરીક્ષણ કરવાનો પુરતો સમય મળતો. વર્ષાના સમયમાં ગુફાની આસપાસ ઉગી નીકળતી વનસ્પતિને જોઈને ખેતી કરવાની શોધ પ્રથમ સ્ત્રીના મનમાં પેદા થઈ છે. ખેતીની શોધ પછી ભટકવાની જરૂરત ઓછી થતી ગઈ અને કાળક્રમે ખેતીની વ્યવસ્થાના કારણે સમાજ વ્યવસ્થાની પ્રથા અમલમાં મૂકાઈ. આમ જતે દહાડે જંગલી અવસ્થામાં ભટકતો માનવી સામાજિક રીતરિવાજોના બંધન દ્વારા નિમંત્રિત કરવામાં આવતા માનવી સંસ્કારી બન્યો. આ પછી તબક્કાવારની સ્ત્રી-પુરુષની સ્વીકાર પ્રથાના અંતે લગ્નની પ્રથા જન્મી છે.

આજે હવે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે માનવી પ્રચલિત ચાલુ રીતરિવાજો કે રૂઢિ જલ્દી છોડી શકતો નથી અને નવા સુધારાઓ ઝડપથી અપનાવી શકતો નથી, કારણ કે સ્ત્રી લગ્નની સંસ્કૃતિને ચુસ્ત રીતે વળગી રહેવા માંગે છે. પુરુષની પ્રકૃતિ ચંચળ છે અને તે લગ્ન બહારના સંબંધો બાંધવા આતુર રહે છે. પરિણામે ઉદ્ભવકાળથી રૂઢિ અને મુક્તાચાર વચ્ચેનો સંઘર્ષ સતત ચાલ્યા કરે છે. આમ છતાં લગ્ન સંસ્થાને જરા પણ આંચ આવી નથી, તેનું મુખ્ય કારણ સ્ત્રીની લગ્નની પ્રણાલિકાને વળગી રહેવાની વૃત્તિ છે. એમાં તેની સલામતી પણ છે.

હકીકતમાં કામવૃત્તિ એ પ્રકૃતિ છે. લગ્ન એ સંસ્કૃતિ છે. જ્યારે વ્યભિચાર એ વિકૃતિ છે. જ્યારે પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચે સમતુલા ન જળવાય, ત્યારે વિકૃતિ પેદા થાય છે. આવી વિકૃતિ યુગેયુગે જોવા મળે છે. પરિણામે સ્ત્રીને સહન કરવું પડ્યું છે. સ્ત્રીની સહનશીલતા વિકસી હોય, તેનું મુખ્ય કારણ એ છે કે સ્ત્રી સલામતી ઝંખે છે. આ સલામતી કાજે તે લગ્નની રૂઢીને સખ્ત રીતે વળગી રહે છે. પરિણામે પુરુષ પણ સ્ત્રીના સહકાર વગર લગ્નની રૂઢીને ત્યજી શકતો નથી. માનવ સમાજનું શ્રેય જોવા જઈએ, તો સંસ્કૃતિ અપનાવવામાં જ તેનું હિત છે. પ્રકૃતિ પાસે મુક્ત આનંદનું વરદાન છે, જ્યારે સંસ્કૃતિ શ્રેયોધર્મી હોઈ, બંધનોથી બાંધીને સલામતીભર્યું સુખ આપે છે.

માનવ સંસ્કૃતિની વાત છોડી છે, ત્યારે ભૂતકાળમાં

વિવિધ યુગોમાં સ્ત્રીનું સમાજમાં શું સ્થાન હતું તે જાણવા આપણું મન ઉત્સુક બને એ સ્વાભાવિક છે. ભારતીય સમાજમાં સ્ત્રી પાસે એક વિશિષ્ટ પ્રકારના કાર્યની અપેક્ષા રાખવામાં આવતી હતી. સ્ત્રી જીવનના વિવિધ પાસાઓને અનુલક્ષીને જે અભ્યાસ નોંધો પ્રગટ થઈ છે. તે પરથી વિવિધ યુગમાં સ્ત્રીના સામાજિક, આર્થિક અને સંસ્કારિક પાશ્વભૂમિકા સ્પષ્ટ થતાં જણાય છે. ભૂતકાળમાં ભારતીય સ્ત્રી સમાજમાં ઘણું ઊંચું સ્થાન ધરાવતી હતી. વેદકાળમાં સ્ત્રીનું સ્થાન સન્માનિત હતું. વેદકાળ પછીના સમયગાળામાં સ્ત્રીનું સ્થાન ઉતરતું ગયું અને ઠેઠ ૧૮મી સદીના અંત સુધી સમાજમાં સ્ત્રીને લગભગ અપમાનીત કક્ષાએ મૂકીને સમાજ વ્યવસ્થા ઊભી કરવામાં આવી. આ પરિસ્થિતિનું આપણે વિગતવાર વિશ્લેષણ કરીએ, તો સ્ત્રીની આજની માનસિક સ્થિતિનો ખ્યાલ આવશે.

વેદકાળ અંગે આજે પણ વિદ્વાનોમાં ઉગ્ર મતભેદ છે. મહામહોપાધ્યાય કાણેના મત મુજબ વૈદિક સમય ઈ.સ.પૂર્વે ૪૦૦૦ થી ૧૦૦૦ સુધીનો છે. જ્યારે અન્ય વિદ્વાનો માને છે કે વૈદિક કાળ ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૮૦૦ સુધીનો ગણવો યોગ્ય છે. જો કે આપણી સંસ્કૃતિનો ઈતિહાસ હજારો વર્ષોથી એકધારો મળતો રહ્યો છે. આપણી પાસે સમય અંગે મર્યાદિત સાધનો હોવા છતાં ભારતીય સમાજની એક વિશિષ્ટતા એ છે કે ઈતિહાસકારોએ ભૂતકાળની રેખાઓ મોહન-જો-દડોથી શરૂ કરીને અત્યાર સુધી દોરી છે અને એ આધારે આપણે આપણી પૂર્વની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ વિશે નક્કર પાયા પર અનુમાન બાંધી શકીએ છીએ.

વેદકાળને ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ઈ.સ. પૂર્વે ૮૦૦ સુધીના સમયગાળાને માન્ય રાખીને આપણે આગળ વધીએ તો કહી શકાય કે આ સમયગાળા દરમિયાન ચાર વેદોની અને તેની વિધિઓ સમજાવતા બ્રાહ્મણ ગ્રંથોની રચના થઈ. આ પછી સમાજની રૂઢિઓથી ત્રાસેલા વિચારકોએ આશ્રમો અને જંગલોમાં ચિંતન કરી ઉપનિષદ અને આરણ્કોની રચના કરી. સપ્તસિંધુ અને ગંગાયમુનાના તટ પ્રદેશમાં વિકસેલી વૈદિક સંસ્કૃતિ લગભગ આખા ભારતમાં પથરાઈ ગયેલી, એમ માનવાને માટે આપણી પાસે પૂરતા કારણો છે. 'મનુ સંહિતા'માં આર્યોની સમાજરચનાના ખ્યાલો સ્પષ્ટ રીતે અંકાયેલા છે. ધર્મ સૂત્રોમાં આર્યોએ જે પરિવર્તન કર્યું છે, તેની રૂપરેખા છે.

વેદકાલીન સમાજ રચના પિતૃસતાક હતી. આ સમાજ રચનામાં કન્યાના જન્મને મુક્ત આવકાર મળતો નહીં પણ પુત્રીના જન્મ પછી તેના વિકાસ પ્રત્યે ભારે ચીવટ રાખવામાં આવતી હતી. સ્ત્રી શિક્ષણ અંગે સ્ત્રીઓને વેદનો અભ્યાસ કરવાની છુટ હતી. વૈદિક અભ્યાસ માટેના પ્રવેશદ્વાર રૂપી ઉપનયનનો સંસ્કાર વિધિ પણ કન્યાઓને આપવામાં આવતો. તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં બ્રહ્મવાદિનીનો એક વિભાગ વિદ્યાર્થીઓ માટે હતો. જ્યારે ૧૫ થી ૧૬ વર્ષ સુધીની કિશોરીઓ માટે સદ્યોદ્યાનો વિભાગ હતો કે જેમાં જો કન્યાના લગ્ન ન થયા હોય, તેવી કન્યાઓ આ વિભાગમાં અભ્યાસ કરતી. આ બંને વિભાગોમાં અભ્યાસ કરીને ઘણી સ્ત્રીઓએ ઉજ્જવળ કીર્તિ પ્રાપ્ત કરી હતી. વેદના કાળમાં સંસ્કૃત ભાષામાં 'સ્ત્રી શિક્ષિકા' જેવા શબ્દોનો ઉલ્લેખ છે, તે બતાવે છે કે સ્ત્રીના શિક્ષણ અધિકાર અંગે તે સમયમાં ઘણી છુટ હતી.

વૈદિક કાળમાં લગ્ન અંગે શી પરિસ્થિતિ હતી, તેનું ચિત્ર દોરીએ, તો જણાશે કે લગ્ન એ સ્ત્રી-પુરુષના વ્યક્તિગત સંબંધોના આધાર પર નહીં, પણ સામાજિક ભૂમિકા આધારિત વિચારવામાં આવેલ. તેમાંય સ્ત્રીને એક ફરજરૂપે વિશિષ્ટ કાર્ય કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. અલબત્ત લગ્નને ધાર્મિક સ્વરૂપ આપીને ધાર્મિક વિધિઓથી લગ્નને પ્રમાણિત કરવાનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. આજે પણ આપણે જોઈએ છીએ, તે લગ્નના હેતુઓ સૈકાઓથી પ્રચલિત છે. આમ લગ્નમાં પ્રથમ ધર્મને, પછી વંશ ચાલુ રાખવાની નીતિને અને અંતે કામવૃત્તિને વૈદિકકાળથી સ્થાન આપવામાં આવ્યું છે.

માનવી જ્યારે પ્રકૃતિના મુક્ત આનંદ પર સંયમ કેળવીને સંસ્કૃતિના વર્તુળમાં પ્રવેશે છે, ત્યારે તેને સભ્યતાનું પ્રમાણપત્ર પ્રાપ્ત થાય છે. માનવીએ માનવ સમુદાયમાં રહેવાની વૃત્તિ કેળવી છે, કારણ કે તેને હિંસક પશુઓનો સતત ભય રહેતો. જો કે માનવ સમુદાયમાં રહ્યા પછી તે નિર્ભય બન્યો છે, એમ તો કહી શકાય નહીં, પણ માનવ સંસ્કૃતિનું નિર્માણ થતાં તેને



મનની શાંતી...
सौथी અલગ સૌથી અનોખી
હેમ
प्रे · शि · य · स
અગરબત્તીયો
મેન્યુફેક્ચરર એન્ડ એક્સ્પોર્ટર
હેમ કૉર્પોરેશન
મુંબઇ • બેંગલોર
જી-૫, રિદ્ધી સિદ્ધી એપાર્ટમેંટ, મીઠાગર ક્રોસ રોડ,
મુલુંડ (ઈ), મુંબઈ - ૪૦૦ ०८१.
गुलाब
चंदन
मोगरा
अगरबत्ती

સલામતીની શ્રધ્ધા બેસતાં, તે આજે માનવીથી અલગ રહી શકતો નથી. આમ ભય એ પ્રકૃતિદત્ત છે, જ્યારે શ્રધ્ધા એ સંસ્કૃતિ દ્વારા પેદા થયેલ એક લાગણી છે. આ બંનેમાંથી જ્યારે વહેમ પેદા થાય છે, ત્યારે લાગે છે કે એ વિકૃતિનું સ્વરૂપ છે.

માનવામાં આવે છે કે પુરુષ કરતાં સ્ત્રીની પ્રકૃતિ વધુ વહેમી હોય છે. પ્રણાલિકાને અનુસરતી અને સંસ્કૃતિમાં અખૂટ શ્રધ્ધા વ્યક્ત કરતી સ્ત્રીને અનુકૂળ વાતાવરણ પ્રાપ્ત ન થતાં તેમાં વહેમની વિકૃતિ દાખલ થઈ છે, એમ લાગે છે. આજે જેમ મુક્તિ એ પ્રકૃતિની પુત્રી છે. તેમ પ્રણાલિકા એ સંસ્કૃતિની દીકરી છે. સંસ્કૃતિના રંગે રંગાઈને સ્ત્રીને જેમ દોરવીએ છીએ, તેમ દોરવાતી ગઈ છે. સ્ત્રીની ગાય સાથેની સરખામણી પણ આ જ કારણે વજુદવાળી લાગે છે. સ્ત્રીના રક્ષણની જવાબદારી ઉઠાવતો પુરુષ સ્ત્રીને ભૂત ઉપાડી ન જાય, એટલા માટે તેને શરીરે હળદર ચોપડતા અને સ્ત્રી વિના પ્રતિકારે એમ કરવા દેતી. આજે પીઠીનો જે રિવાજ પ્રવર્તે છે, તે આવી અંધશ્રધ્ધામાંથી ઉત્પન્ન થયેલ છે. સ્ત્રીની પ્રકૃતિનું રહસ્ય સમજવા માટે આ બધી માહિતીઓ ઉપયોગી થાય એમ છે.

વેદકાળમાં સ્ત્રીનું ગૃહજીવન કેવું હતું, તે અંગે થયેલ અભ્યાસ પરથી કહી શકાય કે વેદકાલીન સમાજમાં સ્ત્રીને માટે ગૃહજીવનમાં ઉચ્ચ સ્થાન રજુ કરવામાં આવ્યું હતું. જ્યાં મોટી ઉંમરે લગ્ન થતા હોય અને સમાજમાં સ્ત્રીના શિક્ષણ માટે સારી વ્યવસ્થા હોય, તે સમાજમાં કુટુંબજીવનમાં સ્ત્રી મહત્ત્વનું સ્થાન ભોગવતી, એટલું જ નહીં, પણ સતી પ્રથા આ કાળમાં જોવા મળતી નહીં, એવો સ્પષ્ટ અભિપ્રાય અનેક વિદ્વાનોએ આપ્યો છે. જો કે તેના અવશેષ રૂપે કેટલીક વિધિઓ સાંકેતિક રીતે વેદકાળમાં થતી હતી. પતિના મૃત્યુ પછી વિધવા બનેલ પત્ની સ્મશાનમાં જતી અને પતિના શબ સાથે સૂઈ પણ જતી. પરંતુ પછીથી સ્વજનોની આગ્રહભરી વિનંતીથી એ પાછી ફરતી. પાછી ફરતી વખતે એકત્ર થયેલ બધા જ પ્રાર્થના કરતા કે આ વિધવા સ્ત્રીની હવે પછીની જિંદગી પણ સમૃધ્ધ થાય અને સંતાનોનું સુખ પણ તે પ્રાપ્ત કરે. આ પ્રકારનો ઉલ્લેખ વેદમાં જોવા મળે છે. તે બતાવે છે કે વેદકાળમાં સતી પ્રથા માત્ર વિધિ પુરતી હતી. એટલું જ નહીં પણ પુનર્લગ્નની આ સમયમાં છુટ હશે, એમ અનુમાન કરી શકાય.

જો કે પુનર્લગ્ન અંગે નિયોગની પ્રથા પણ સમર્થન આપે છે. વિધવા બનેલ સ્ત્રી વૈધવ્યજીવન ગાળે યા તો નજીકના સગા કે દિયર સાથે જાતીય સંબંધનો સ્વીકાર કરે કે પુનર્લગ્ન કરે, એ આ સમયગાળામાં છુટ હતી. નિયોગની પ્રથા એ કારણે અપનાવવામાં આવી હતી કે તેમાં વંશ અને મિલકતનું રક્ષણ થતું. આ કારણે વિધવાને પ્રેમભર્યા વાતાવરણમાં જીવવા મળતું. અથર્વવેદમાં પુનર્લગ્ન કરેલ સ્ત્રીને પુનર્ભૂનવજોના સ્વરૂપમાં બતાવવામાં આવી છે. જે વિધવા સ્ત્રીએ પુનર્લગ્ન કર્યું છે, તેનો મૃતઃ પામેલ પતિનો સ્વર્ગમાં મેળાપ કઈ રીતે કરાવવો એ અંગેની વિધિઓ એમ સૂચવે છે કે આ કાળમાં સ્ત્રીને પુનર્લગ્નની છૂટ આપવામાં આવી હતી.


વેદકાળમાં સ્ત્રીના ધાર્મિક જીવન અંગે પણ પ્રકાશ પાડી શકાય એમ છે. સામવેદની કાવ્યકણિકાઓ તો સ્ત્રીઓ જ ગાતી. પતિ જો દૂરના પ્રદેશમાં હોય તો પતિની ગેરહાજરીમાં રોજિંદી ધાર્મિક ક્રિયાઓ કરવાની જવાબદારી તેની પત્નીની રહેતી. રૂદ્રબલિ અને રૂદ્રયાગ જેવા યજ્ઞો તો સ્ત્રીઓએ જ કરવાના હતા. એ જ રીતે સ્ત્રીનું જાહેર જીવન પણ મુક્ત રહેણીકરણીમાં કદી પણ અવરોધરૂપ બન્યું નથી. એમ ૠગ્વેદનો અભ્યાસ કરતા જણાય છે. ૠગ્વેદમાં જાહેર ઉત્સવોનો ઉલ્લેખ છે, તેમાં યુવાન અને વૃધ્ધ સ્ત્રીઓ સામાજિક ઉત્સવને સફળ બનાવવા માટે કરતી તૈયારીઓનો ઉલ્લેખ પણ છે. ઉત્સવ દરમિયાન અશ્વોની દોડ યોજાતી, બાણાવળીઓ પોતાની બાણવિદ્યાનો પરચો બતાવીને શક્તિનું પ્રદર્શન કરતાં. આ સમયે કુંવારી કન્યા માટે યોગ્ય સાથીની પસંદગી થતી. આમ જ્યારે સ્ત્રીના મુક્ત હળવા મળવા પર અંકુશ ન હતો અને નિઃસંકોચ ભાવે આનંદ વ્યક્ત કરતી તેમજ પરપુરુષ સાથે સહજતાથી વાતચીત કરતી સ્ત્રી કેટલી સ્વતંત્રતા ભોગવતી, તેનો ખ્યાલ આવે છે.

આવી સ્વતંત્રતા ભોગવતી વેદકાલીન સ્ત્રી પછી ગુલામી અવસ્થામાં કેમ ધકેલાઈ ગઈ? એમાં ક્યા પરિબળોએ મુખ્ય ભૂમિકા ભજવી છે? તે અંગેની વિસ્તૃત ચર્ચા હવે પછીના પ્રકરણમાં કરશું. પણ આજની સ્ત્રી વેદકાલીન સ્ત્રી જેવું માનભર્યું સ્થાન મેળવી શકી નથી. એમ સ્પષ્ટપણે જણાય છે.

❃

# લાલ કિતાબ

**ડૉ. મિહિર એમ. વોરા**




મિત્રો આ માહિતી આધારિત લેખ છે જેની નોંધ લેજો. એક પણ શબ્દ લેખકનો નથી જેની નોંધ લેજો. મિત્રો લાલ કિતાબને વૈદિક જ્યોતિષની સૌથી મહત્ત્વપૂર્ણ પુસ્તકોમાંથી એક ગણવામાં આવ્યું છે. જોકે આની ભવિષ્યપાણી વૈદિક જ્યોતિષથી ઘણી જુદી હોય છે. લાલ કિતાબના અરમાન : આ પુસ્તકના બીજા ભાગને ૧૯૪૦માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

લાલ કિતાબ (ગુટકા) : સન ૧૯૪૧માં લાલ કિતાબના આ ત્રીજા ભાગને પ્રકાશિત કરવામાં આવ્યું હતું. લાલ કિતાબ : આ પુસ્તકના ચોથા ભાગને ૧૯૪૨માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. લાલ કિતાબના પાંચમાં અને અંતિમ સંસ્કરણને ૧૯૫૨માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

જોકે લાલ કિતાબના રચનાકારનું નામ તો અજ્ઞાત છે પરંતુ પંડિત રૂપ ચંદ્ર જોષીજીએ આના પાંચ ખંડોની રચના કરી. આમ લોકો માટે આ પુસ્તકને વાંચવા યોગ્ય બનાવી દીધું. લાલ કિતાબની મૂળ રચના ઉર્દુ અને ફારસી ભાષામાં કરવામાં આવેલી હતી. આ જ્યોતિષ શાસ્ત્રના સ્વતંત્ર મૌલિક સિધ્ધાંતો પર આધારિત એક પુસ્તક છે જેની પોતાની ખાસ વિશેષતાઓ છે. આ પુસ્તકમાં વર્ણિત પ્રમુખ ઉપાયોનો પ્રયોગ વ્યક્તિ પોતાની કુંડળીમાં હાજર ગ્રહ દોષોને દૂર કરવા માટે કરી શકે છે. આમાં આપેલા ઉપાયોનું પાલન વ્યક્તિ આસાનીથી કરી તેનાથી વધારે થી વધારે લાભ પ્રાપ્ત કરી શકે છે. લાલ કિતાબના ઉદ્ભવની વાત કરીએ તો આ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ખોદકામ દરમ્યાન તાંબાના પતરા પર ઉર્દુ અને ફારસી ભાષામાં કોતરાયેલી મળી હતી. ત્યાર પછી પંડિત રૂપ ચંદ્ર જોષી દ્વારા આને પાંચ ભાગોમાં વિભાજિત કરી તે સમયના લોકોની આમ પ્રચલિત ભાષા ઉર્દુમાં લખ્યું. આ જ્યોતિષીય પુસ્તકના ઉર્દુમાં હોવાને લીધે અમુક લોકો એવું માને છે કે આનું સંબંધ અરબ દેશથી છે જ્યારે આ માત્ર એક ધારણા છે. લાલ કિતાબમાં જીવનના દરેક ક્ષેત્રમાં આવનારી મુસીબતોનો અચૂક અને સરળ ઉપાય બતાવવામાં આવ્યું છે. આ પુસ્તકમાં બતાવેલ ઉપાયોનું અમીર, ગરીબ અને બીજા બધા વર્ગના વ્યક્તિઓ ઘણી આસાનીથી પાલન કરી શકે છે. આ પુસ્તકમાં વૈદિક જ્યોતિષથી અલગ કુંડળીના બધા ભાવના સ્વામી ગ્રહોના વિશે ના જણાવીને દરેક ભાવનું એક નિશ્ચિત સ્વામી ગ્રહ વિશે જણાવવામાં આવ્યું છે અને તેના જ આધાર પર આ જ્યોતિષીય ગણના કરી જાતકને ભવિષ્ય ફળ પ્રદાન કરે છે. આ પુસ્તકમાં ૧૨ રાશિઓ ને ૧૨ ભાવ ધ્યાનમાં છે અને તેના આધારે ફળોની ગણના કરેલી છે. લાલ કિતાબમાં આપેલા ઉપાયો સામાન્ય રીતે દિવસના સમયે કરવાથી જ સમસ્યાનું નિરાકરણ થઈ જાય છે. ઉપાયોને કરતાં પહેલાં પોતાની કુંડળીનું વિશ્લેષણ નિશ્ચિતરૂપે કરાવી લેવું જોઈએ. લાલ કિતાબમાં મુખ્ય રૂપે જાતકના પારિવારિક, આર્થિક, આરોગ્ય, કાર્યક્ષેત્ર, વેપાર, શાદી, પ્રેમ અને શિક્ષણના ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓના ઉપાય જણાવવામાં આવેલા છે. દરેક વ્યક્તિની કુંડળીમાં ગ્રહ-નક્ષત્રનો પ્રભાવ જુદું જુદું પડે છે અને તેના મુજબ જ આ પુસ્તકમાં વ્યાપક પ્રભાવી ઉપાયો વિશે જણાવવામાં આવ્યું છે. લાલ કિતાબના ફરમાન : લાલ કિતાબના આ પ્રથમ

ભાગને સન ૧૯૩૯માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

લાલ કિતાબ આમ લોકો માટે પણ જ્યોતિષ શાસ્ત્રને સમજવું ઘણું સરળ બનાવી દીધું. આના પ્રયોગથી પોતાની આજુબાજુની પરિસ્થિતિઓનું અવલોકન કરી તમે પોતાની કુંડળીમાં હાજર ગ્રહ દોષોના વિશે જાણી શકો છો અને તેમનો ઉપાય કરી શકો છો. લાલ કિતાબ એ એક પ્રાચીન ભારતીય જ્યોતિષ પુસ્તક છે. તે એક અસરકારક માર્ગદર્શિકા પ્રદાન કરે છે જેના દ્વારા વ્યક્તિ જીવનમાં સમૃધ્ધિ, વિપુલતા અને સંપત્તિને આકર્ષિત કરી શકે છે. આ સૂચનો ગ્રહોની સ્થિતિ અને નક્ષત્રોના આધારે આપવામાં આવ્યા છે અને આ પુસ્તક દ્વારા લોકો પૈસા આકર્ષવાના ઉપાયો જાણીને તેમની આર્થિક સ્થિતિ સુધારી શકે છે. લાલ કિતાબના ઉપાયો નીચે મુજબ છે.

❉ તમારી તિજોરીમાં અન્ય કિંમતી ચીજવસ્તુઓ અને રોકડ સાથે લાલ કપડામાં લપેટી સોના અથવા ચાંદીનો સિક્કો રાખો.

❉ તમારા ઘરમાં સમૃધ્ધ ઊર્જા આકર્ષવા માટે, તમારા પૂજા રૂમમાં શ્રીયંત્ર રાખો અથવા તેને બદલો અને નિયમિતપણે તેની પૂજા કરો.

❉ ગાયોને ગોળ ખવડાવવાથી બૃહસ્પતિ અથવા પ્રસન્ન થાય છે અને જીવનના નાણાંકીય પાસાઓમાં વધારો થાય છે.

❉ શનિવારે ઓછા નસીબદાર લોકોને જૂતા દાન કરો, આનાથી ભગવાન ''શનિ'' અથવા શનિ પ્રસન્ન થાય છે અને આખરે જીવનમાં આર્થિક વૃધ્ધિ શરૂ થાય છે અને કામમાં આવતા અવરોધો પણ દૂર થાય છે.

❉ શુક્ર ગ્રહને ખુશ કરવા માટે કીડીઓને ખાંડ અને લોટ મીક્સ કરી ખવડાવો, શુક્ર ગ્રહને ધન અને વૈભવનું પ્રતિક માનવામાં આવે છે.

❉ તમારા ઘરના તમામ પાણીના લીકેજને ઠીક કરો કારણ કે પાણીનો બગાડ આર્થિક નુકસાન તરફ દોરી જાય છે.

❉ બુધવારે ગૌશાળામાં જઈને ગાયને ચારો ખવડાવવાથી તમે તમારી કુંડળીમાં બુધ ગ્રહની નકારાત્મક અસરોને દૂર કરી શકો છો.

❉ તમારા વોલેટમાં ત્રણ તાંબાના સિક્કા રાખીને તમે તમારી જાતને અણધાર્યા નાણાંકીય નુકસાનથી બચાવી શકો છો.

❉ આલ્કોહોલનું સેવન કરવાનું ટાળો કારણ કે તે ઓરાને નબળી પાડે છે અને પૈસા અને નકારાત્મક ઊર્જાને આકર્ષિત કરે છે.

❉ દેવી મહાલક્ષ્મીનું સન્માન કરવા માટે મહાલક્ષ્મી યંત્રનો ઉપયોગ કરો.

❉ તમારા જીવનમાં દેવી મહાલક્ષ્મીના આશીર્વાદ મેળવવા માટે સાચા હૃદયથી ''શ્રી સુક્તમ''નો જાપ કરો.

❉ ઘીનો દીપો પ્રગટાવો અને ભગવાન કુબેરની પ્રાર્થના કરો, આર્થિક સમૃધ્ધિની તમારી સાચી ઈચ્છા વ્યક્ત કરો.

નોંધ : અહીં આપવામાં આવેલી જાણકારી ધાર્મિક આસ્થાઓ અને લોક માન્યતાઓ આધારિત છે, જેનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. સામાન્ય જનરૂચિને ધ્યાનમાં રાખીને આ માહિતી રજુ કરવામાં આવી છે.

**સંદર્ભ વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ અને ગૂગલ ફોટો.** ❉



**ફિલ્મી સફર**

# સિનેમાના પડદા પરનો આમઆદમીનો ચહેરો : અમોલ પાલેકર

કોઈ જૂની સરકારી ઓફિસનો કર્મચારી, બેંકનો કેશિયર, પ્રાથમિક શાળાનો શિક્ષક - આમાંથી કોઈ ફિલ્મી પડદે હીરો તરીકે આવી જાય તો કેવા લાગે? જવાબ છે અમોલ પાલેકર જેવા. એક સામાન્ય માણસની જિંદગીમાં ઘટતી રોજબરોજની ઘટનાઓ, સુખ-દુઃખ, લાચારીઓ, સપનાઓને જે રીતે અમોલ પાલેકરે ફિલ્મી પડદે અભિવ્યક્ત કરી બતાવ્યાં છે તે રીતે ભાગ્યે જ બીજા કોઈ અભિનેતાએ કર્યાં હશે. ફિલ્મી પડદે આપણે તેમને નવા શહેરમાં ભાડાનું મકાન શોધતા યુવક તરીકે, કોલેજમાં છોકરીઓને પ્રેમપત્ર લખતાં કે સિટી બસમાં અપડાઉન કરતી છોકરીને છાનામાનાં જોતા, હોસ્ટેલમાં પાણીની ડોલ લઈને પોતાનો વારો આવે એની રાહ જોતા, કલાર્ક કે શિક્ષકની નોકરી કરતા, મિત્રો સાથે ગપાટા મારતાં અને વચ્ચે વચ્ચે માથામાં દાંતિયો ફેરવતા જોયા છે. અમોલ કદી આપણને ફિલ્મી દુનિયાના ટિપિકલ સુપરહીરો ટાઈપ હીરો લાગ્યા જ નથી. તેઓ તો ખભે ખાદીનો થેલો નાખીને ફરતા કોઈ શિક્ષક, ક્યારેક જૂનાં સ્કૂટરને કિક મારતા, છોકરી સાથે ઈન્ડિયા ગેટ કે ફિલ્મ જોતા, ટ્રેન કે બસમાં ચડવા માટે ભીડનો હિસ્સો બની જતો કોઈ આમ આદમી જ લાગ્યા છે. ફિલ્મી પડદે તેમને જોતા એવું જ લાગે જાણે આપણી વચ્ચેથી જ કોઈ સ્ક્રીન પર પહોંચી ગયું હોય. તેમની ફિલ્મો જોઈને લાગે જાણે આપણી રોજિંદી ઘટમાળને જ કોઈએ ફિલ્મી રૂપ આપી દીધું છે. તેમની પ્રેમિકાઓ પણ ફિલ્મી દુનિયાની ટિપિકલ હિરોઈનોની જેમ ઝાડ ફરતે કે ક્લબમાં નાચતી-ગાતી નહીં પરંતુ અડોશપડોશનાં ઘરમાં, કોલેજ કે ઓફિસમાં સાથે કામ કરતી આપણી વચ્ચેની જ કોઈ યુવતી લાગતી.

અહીં અમોલ પાલેકર વિશે લખવામાં નિમિત્ત બન્યો છે તેમનો જન્મદિવસ. આ ૨૪ નવેમ્બરના રોજ તેઓ ૭૭ના થઈ જશે. ૧૯૪૪ના રોજ મુંબઈમાં તેમનો જન્મ થયેલો. આજે તેઓ ફિલ્મી દુનિયાથી દૂર એક ચિત્રકાર



તરીકે પોતાની ગમતી જિંદગી જીવી રહ્યાં છે. પેઈન્ટિંગ તેમનો પહેલો શોખ હતો અને એટલે જ સર જે જે સ્કૂલ ઓફ ફાઈન આર્ટસમાંથી અનુસ્નાતક કર્યા બાદ તેમણે કારકિર્દીની શરૂઆત પેઈન્ટર તરીકે કરેલી. તેઓ કાયમ કહે છે કે હું, તાલીમ લઈને ચિત્રકાર બન્યો, અકસ્માતે અભિનેતા, મજબૂરીમાં નિર્માતા અને ઈચ્છાથી નિર્દેશક બન્યો હતો !

મહારાષ્ટ્રના સામાન્ય પરિવારમાં જન્મેલા અમોલ પાલેકરે બેંકમાં કલાર્ક તરીકે નોકરી પણ કરી છે. પરિવારમાં દૂર દૂર સુધી કોઈને ફિલ્મો સાથે કશો સંબંધ નહીં. સામાન્ય રીતે હીરો બનવા ઈચ્છતા યુવાનો માટે સ્કુલ કોલેજના નાટકોમાં અભિનય કરવો અનિવાર્ય શરત જેવો હોય છે, પરંતુ અમોલે તો એ પણ નહોતું કરેલું. તેમના પિતા પોસ્ટ ઓફિસમાં કામ કરતાં હતા અને મા ખાનગી કંપનીમાં કલાર્ક હતા. સ્નાતક થયા પછી તેમણે બેંક ઓફ ઈન્ડિયામાં ૮ વર્ષ સુધી નોકરી કરી હતી.

તો પછી ફિલ્મોમાં તેમની એન્ટ્રી કેવી રીતે થઈ એ સવાલ સહેજેય થાય. તેનો જવાબ બહુ રસપ્રદ છે. વાસ્તવમાં એ વખતે અમોલ પાલેકરની ગર્લફ્રેન્ડ અને પછી પત્ની બનેલી ચિત્ર થિયેટરમાં રસ ધરાવતી હતી. તેમની સાથે વધુ ને વધુ સમય વિતાવવા મળે તે માટે અમોલ પાલેકર ચિત્રા થિયેટરમાં રિહર્સલ કરવા માટે

જતી ત્યારે તેની સાથે જતા અને રાહ જોતા બેસી રહેતા. ધીરે ધીરે તેમને પણ થિયેટરમાં રસ પડવા લાગ્યો. એમાં જ એક દિવસ સત્યદેવ દૂબેની નજર તેમના પર પડી અને તેમણે પોતાના મરાઠી નાટક 'શાંતાતા' અને 'કોર્ટ ચાલુ હૈ'માં તેમને તક આપી. આ નાટકને ઘણી પ્રશંસા મળી. એ પછી દૂબેજીએ તેમને સલાહ આપી કે લોકોને જ્યારે તારાં નાટકોને ગંભીરતાથી લીધાં છે ત્યારે હવે તારે પણ અભિયનની તાલીમ લેવી જોઈએ. એ પછી તેમણે પોતાના આગામી નાટક માટે અમોલને આકરી ટ્રેનિંગ આપી. આમ, તેમની ગર્લફ્રેન્ડ અને પછી પત્ની બનેલી ચિત્રાનો થિયેટર પ્રત્યેનો લગાવ અમોલ પાલેકરના અભિનેતા બનવામાં નિમિત્ત બન્યો હતો.

બાસુ ચેટરજીની ફિલ્મ 'રજનીગંધા'થી તેમની ફિલ્મોમાં કરિયર શરૂ થયેલી. આ ફિલ્મમાં અમોલ પાલેકરનો અભિનય એકદમ અસલી હતો. આ ફિલ્મથી જ તેમણે દર્શકોના એક ચોક્કસ વર્ગને પોતાની તરફ આકર્ષિત કરી લીધો હતો. એ વર્ગ તેમના અભિનયનો ચાહક થઈ ગયેલો. એ પછી તેમણે 'ઘરોંદા', 'છોટી સી બાત', 'ચિત્તચોર', 'ગોલમાલ' જેવી ફિલ્મો કરી જેને ખૂબ જ પ્રશંસા મળી. અત્યાર સુધીમાં તેમણે હિંદી ઉપરાંત મરાઠી, બંગાળી, મલયાલમ, કન્નડ અને અંગ્રેજી એમ અનેક ભાષાઓની ફિલ્મો કરી છે. હમણાં જ તેમણે એક ઓટીટી પ્લેટફોર્મ પર આવેલી ફિલ્મ '૨૦૦-હલ્લા હો'થી કમબેક કર્યું હતું.

અમોલ પાલેકર પહેલેથી જ ફિલ્મી દુનિયાની તડકભડકથી દૂર રહેતા આવ્યા છે. શરૂઆતમાં તો તેઓ ફેન્સને ઓટોગ્રાફ આપવાની પણ મનાઈ કરી દેતા હતા. પણ પછી તેમને ચાહકોની લાગણી સમજાઈ. પોતાની આખી કારકિર્દી દરમિયાન તેઓ પડદા પર કદી પણ હીરો જેવા લાગ્યા જ નહીં ! હીરોનો રૂઆબ, નાચગાન અને સ્ટાઈલથી વિરુધ્ધ અમોલ પાલેકર કાયમ એક આમ આદમીને જ પડદા પર જીવંત કરતા રહ્યાં. ભોળો ચહેરો, તો ક્યારેક હાંસીપાત્ર યુવક, જેને જોઈને આપણે દુઃખી પણ થઈએ અને હસીએ પણ. દરેક વખતે તેમને પડદા પર જોઈને એવું જ અનુભવાય કે માત્ર ચહેરો અલગ છે. બાકી છે તો એ આપણી આસપાસનો જ કોઈ માણસ. તેમણે બે લગ્ન કર્યાં છે. પહેલી પત્ની ચિત્રા પાલેકરથી દીકરી શલમાઈનો જન્મ થયો. જે આજે ઓસ્ટ્રેલિયાની એક યુનિવર્સિટીમાં ભણાવે છે. બીજા લગ્ન સંધ્યા ગોખલે સાથે કર્યા જેમનાથી એક દીકરી સમીતા છે. તે કાયદાનું ભણીને દસ વર્ષ ન્યૂયોર્કમાં પ્રેક્ટિસ કર્યા બાદ હવે સમાજસેવા કરી રહી છે. ❁


*With Best Complimants*

KALYANJI RAMBHIA — PARAS RAMBHIA



- ❁ B.P.MACHINE
- ❁ GLUCO METER
- ❁ WHEEL CHAIR
- ❁ NEBULIZER
- ❁ AIR BED
- ❁ MORNING WALKER
- ❁ PULSE OXYMETER
- ❁ ADULT DAIPPER
- ❁ HOT WATER BAG
- ❁ HEATING PAD
- ❁ WEIGHT SCALE
- ❁ WATER BED

**FORTUNE SURGICALS**

C/004, SUPATH-2, NEAR OLD VADAJ BUS STAND,
ASHRAM ROAD, USMANPURA, AHMEDABAD-380013
PH.27560480 M.9375022555

# દેશની પહેલી ફિલ્મ રાજા હરિશચંદ્ર ગણાય કે શ્રી પુંડલિક?



ભારતમાં ચલચિત્ર બતાવવાની શરૂઆત ૭ જુલાઈ ૧૮૯૬ના દિવસે થઈ હતી. એ દિવસે મુંબઈમાં વોટસન હોટેલમાં લુમિયેરે બ્રધર્સે છ ચલચિત્રો રજૂ કર્યા હતા. એ ચલચિત્રોના નામ હતા, એન્ટ્રી ઓફ સિનેમેટોગ્રાફ, ધી સી બાથ, અરાઈવલ ઓફ અ ટ્રેઈન, અ ડિમોલિશન, લેડીઝ એન્ડ સોલ્જર્સ ઓન વ્હીલ્સ અને લીવિંગ ધી ફેક્ટરી, આ ચલચિત્રો જોવાની ટિકિટ એ જમાનાના હિસાબે ખૂબ જ મોંઘી ૧ રૂપિયો હતી. (દેશમાં ૧૯૭૦ સુધી દેશના સેંકડો સિનેમાઘરોમાં લોઅર સ્ટોલમાં ફિલ્મની ટિકિટ ૬૫ પૈસા હતી). ટિકિટ ખૂબ જ મોંઘી હોવા છતાં શો હાઉસફૂલ થઈ ગયો હતો, કારણ કે ચલચિત્ર એ સમયે એક જાદુ હતો. પડદા પર લોકો હાલતા-ચાલતા દેખાય એ વાત જ નવાઈની હતી. એ શો ખૂબ સફળ થયા પછી લુમિયેરે બ્રધર્સે બોમ્બેના નોવેલ્ટી થિયેટરમાં બીજો શો કર્યો. એ પણ હાઉસપેક રહ્યો. પછી લુમિયેરે બ્રધર્સે ૧૫ ઓગસ્ટ ૧૮૯૬ સુધીમાં બોમ્બેના આ બંને થિયેટરમાં ૨૪ વખત શો કર્યા. દરેક વખતે શો હાઉસફૂલ રહ્યા. એ પછી તો ચારેબાજુ ચલચિત્રના જાદુની વાતો થવા લાગી. એ સમયે ચલચિત્ર અથવા મૂવી નામ ચાલતું હતું. તેને ફિલ્મ નહોતા કહેતા, કારણ કે ફિલ્મ તો કચકડાની પટ્ટીનું નામ હતું. જેની ઉપર ચિત્રો અંકિત થતા. ચલચિત્ર નામ એટલા માટે પડ્યું કે તેમાં પડદા ઉપર ચિત્રો હાલતા-ચાલતા જોવા મળતાં હતાં.

૧૮૯૬થી ચલચિત્રો ભારતમાં રજૂ થવા લાગ્યાં. પરંતુ બનતા નહોતા, કારણ તેને શૂટ કરવાની પધ્ધતિ ફ્રાન્સ અને જર્મન ટેકનિશિયનોએ વિકસાવી હતી. ૧૮૯૯માં એચ.એસ. ભાટવડેકર નામના ફોટોગ્રાફરે વિદેશીઓની સાથે સહાયક તરીકે રહીને ચલચિત્રના શૂટિંગની ટેકનિક હસ્તગત કરી. પછી મુંબઈના હેન્ગિંગ ગાર્ડનમાં યોજાયેલી એક કુસ્તીની હરીફાઈને શૂટ કરીને ચલચિત્ર બનાવ્યું. તેનું નામ હતું. ધી રેસલર્સ, એ કોઈ ભારતીય દ્વારા શૂટ કરવામાં આવેલું સૌપ્રથમ ચલચિત્ર હતું. દેશનું સૌથી પહેલું દસ્તાવેજી ચલચિત્ર હતું.

એમાંથી પ્રેરણા લઈને દાદાસાહેબ તોરણે નામના સાહસિકે શ્રી પુંડરિક નામનું ચલચિત્ર શૂટ કર્યું અને ૧૮મે ૧૯૧૨ના દિવસે રજૂ કર્યું હતું. અહીં એક વાતનો ખુલાસો કરી લઈએ કે આ બધા ચલચિત્રો રીયલ ઘટનાને કેમેરામાં કંડારીને બનાવવામાં આવ્યા હતા. આજની ભાષામાં કહીએ તો દસ્તાવેજી ચલચિત્ર હતા. માટે ભારતીય સિનેજગતના ઈતિહાસમાં તેમનું નામ સૌપ્રથમ ફિલ્મ તરીકે નોંધવામાં આવ્યું નથી.

વિદેશી ચલચિત્રના સર્જકોએ શરૂઆત અસલી ઘટનાઓના ચલચિત્ર બનાવવાથી કર્યા પછી વાર્તાઓને કેમેરામાં કંડારવાના સાહસો કર્યા હતા. એ જ રીતે શ્રી પુંડલિકની સફળતા પછી દાદા સાહેબ ફાળકે નામના સાહસિકને વિચાર આવ્યો કે અસલી ઘટનાઓમાં તો જે બનતું હોય તે જ દેખાય છે, તેને બદલે કોઈ વાર્તા બનતી દેખાય એવું કરીએ તો?

એના જવાબરૂપે દાદાસાહેબ ફાળકેએ સત્યવાદી હરિશચંદ્રની વાર્તાને કેમેરા પર કંડારી શકાય એ રીતે છૂટક દ્દશ્યો બનાવીને લખી. પછી ત્ર્યંબક બી. તેલંગ નામના એક ફોટોગ્રાફર મિત્રની મદદથી ચલચિત્ર બનાવ્યું. અવાજ વગરના નાટક જેવું એ ચલચિત્ર માત્ર જોવાથી જ આખી વાર્તા સમજાઈ જાય એ રીતે દ્દશ્ય લખવામાં, પછી તેને જોડવાનું એડિટિંગ કરવામાં દાદાસાહેબ ફાળકેએ ખૂબ ચીવટ રાખી. તેથી અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી. સ્વદેશી વાર્તાને પડદા પર દેખાડતી ફિલ્મ રાજા હરિશચંદ્રનો મુંબઈના ઓલિમ્પિયા

થિયેટરમાં ૨૧ એપ્રિલ ૧૯૧૩ના રોજ પ્રિમિયર શો કરવામાં આવ્યો. જોનાર બધાએ તેના ખૂબ જ વખાણ કર્યા. એ પછી ૩ મે ૧૯૧૩ના દિવસે તેને ગિરગાંવના કોરોનેશન સિનેમેટોગ્રાફ એન્ડ વેરાયટી હોલમાં રજુ કરવામાં આવી. ફિલ્મ રજૂ થતાં જ સુપરહિટ થઈ ગઈ. અને એ સાથે જ હિન્દી સિનેમાનો પાયો નંખાઈ ગયો.

કમનસીબે આજે એ ફિલ્મના કોઈ અવશેષ જોવા મળતા નથી. માત્ર તેની જાહેરાત બચી છે જેની તસ્વીર અહીં આપવામાં આવી છે. એ જમાનામાં ચલચિત્ર જેની ઉપર કંડારવામાં આવતું હતું એ કચકડું ટકાઉ નહોતું એટલે ફિલ્મને પ્રોજેક્ટરમાં ચલાવતા રહેવાથી ધીમે ધીમે તે તૂટફૂટ થઈને નાશ પામતી હતી. આ ઐતિહાસિક ફિલ્મ પણ સચવાઈ નહોતી. તેવી દાદાસાહેબ ફાળકેએ ૧૯૧૭માં ફરીથી સત્યવાદી રાજા હરીશચન્દ્ર નામની ફિલ્મ બનાવી હતી. તેનું પહેલું અને છેલ્લું બંને રીલ નેશનલ ફિલ્મ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયામાં સાચવી રાખવામાં આવ્યાં છે.

આ ઘટનાના બરાબર ૧૮ વર્ષ પછી દેશની સૌપ્રથમ બોલતી ફિલ્મ આલમઆરા રજૂ થઈ હતી. ફિલ્મની વાર્તા વૃધ્ધ થતા જતા રાજાની બે રાણીઓ નવબહાર અને દિલબહાર વચ્ચેની પોતાના પુત્રને વારસદાર બનાવવાની ચડસાચડસીની હતી.

ફિલ્મ દેશની પહેલી જ બોલતી ફિલ્મ હતી. એ સમય આપણા માટે ગર્વનો હતો કે આપણાં દેશમાં પહેલી બોલતી ફિલ્મ બની હતી. ફિલ્મનિર્માતા અરદેશર ઈરાની જાણતા હતા કે કટ્ટર હરીફાઈના કારણે સિનેજગતમાં જો કોઈને બોલતી ફિલ્મની ગંધ આવી જશે તો ગમેતેમ કરી એમની ફિલ્મ કરતાં વહેલી બોલતી ફિલ્મ બનાવી લેવા હરીફાઈ કરશે. પરિણામે પોતે પણ ફિલ્મ ઉતાવળે બનાવવી પડશે અને તેથી ફિલ્મ સારી નહીં બની શકે. તે સમયે પણ હરીફાઈ તો હતી જ, તે સમયે પણ લોકો એકબીજાની સાથે હરીફાઈ કરતાં જ હતા. આ ફિલ્મ દેશની પહેલી બોલતી ફિલ્મ બનવાની સાથે સાથે બીજો રેકોર્ડ પણ ધરાવે છે. આ એવી પહેલી ફિલ્મ હતી જેના માટે કોર્ટમાં કેસ કરવામાં આવ્યો હોય !

ફિલ્મમાં માસ્ટર વિઠ્ઠલ અને ઝુબેદાએ અભિનય કર્યો હતો. આલમઆરા ફિલ્મ અરદેશર ઈરાનીની ઈમ્પીરીયલ ફિલ્મ કંપનીએ બનાવી હતી. એ જમાનો ફિલ્મના કલાકારોને નોકરીએ રાખવાનો હતો. ફિલ્મ બનાવનાર જ સર્વેસર્વા ગણાતા. બાકી બધા નોકરી કરતા. માસ્ટર વિઠ્ઠલ શારદા સ્ટુડિયોમાં નોકરી કરતા હતા. તેથી અરદેશર ઈરાનીની ફિલ્મમાં કામ ન કરી શકે. પરંતુ દેશની પહેલી બોલતી ફિલ્મ હોવાથી માસ્ટર વિઠ્ઠલે કોઈને કશું કહ્યા વગર આ ફિલ્મમાં અભિનય કર્યો હતો.

જ્યારે ખબર પડી કે માસ્ટર વિઠ્ઠલે શારદા સ્ટુડિયોની નોકરી હોવા છતાં બીજી કંપનીમાં કામ કર્યું છે. ત્યારે શારદા સ્ટુડિયોએ માસ્ટર વિઠ્ઠલ ઉપર કોર્ટમાં કરાર ભંગનો કેસ કર્યો. કેસમાં એવી અસરકારક રજુઆત કરવામાં આવી કે દેશની સૌપ્રથમ બોલતી ફિલ્મ તરીકે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ફિલ્મમાં કામ કરવાના ગૌરવ માટે માસ્ટર વિઠ્ઠલનો કરારભંગ માફ કરવાપાત્ર છે. તેથી કોર્ટે માસ્ટર વિઠ્ઠલને માફ કરી દીધા હતા. માસ્ટર વિઠ્ઠલ માટે અસરકારક રજુઆત કરનાર વકીલનું નામ હતું મોહંમદ અલી ઝીણા ! ❁




WE OFFER A VAST RANGE OF SERVICES CUSTOMISED TO SUIT BOTH CORPORATES AND INDIVIDULAS

LIC
भारतीय जीवन बीमा निगम

૧૯૯૯થી કાર્યરત
C.M. Club મેમ્બર
M.D.R.T. ક્વોલીફાઈડ
ઓર્થોરાઈઝડ L.I.C.પ્રિમિયમ કલેક્શન સેન્ટર

- LIFE INSURANCE PLANNING
- REITREMENT PLANNING
- INVESTMENT PLANNING
- TAXATION PLANNING
- MEDICLAIM
- VEHICLE INSURANCE
- PROPERTY, SHOP, WAREHOUSE, FACTORY ETC INSURANCE
- PERSONAL ACCIDENTPOLICY

**શૈલેશ શામજી જેવત મારૂ (બીદડા)**

**જીવન વીમા તથા રોકાણ યોજનાઓના સલાહકાર**

Shree Sankalp Flat No.1601,
G.B. Road, Near Vedant Hospital,
Kasar Vadvali Thane (W) 400615
મો.: 9869154666, 7021907705
Email : shaileshsmaru@yahoo.com

## પહેલું સુખ તે જાતે નર્યા

### પીડા હટાવ

આપ દવાઓ લઈને થાકી ગયા છો, ઊંઘ હરામ થઈ ગઈ હોય, શરીરમાં પીડા ચાલુ જ રહેતી હોય ત્યારે આ પ્રયોગ જરૂર વિશ્વાસથી કરજો. ચિકનગુનીયા માટે ખાસ ઉપયોગી

### શરદી, કફ, શ્વાસ હર પાવડર

આખો દિવસ નાક વહેતું હોય, કફ, દમ, હાંફ, એલર્જીથી મુક્તિ મેળવવા માટે ગ્રેન્યુઅલ

### એસીડીટી

આખો દિવસ બેચેની ભોગવતા હો, બળતરા અને ગેસથી છૂટકારો મેળવવા ઉત્તમ

### ખીલ (પીંપલ)

ખીલ (પીંપલ)થી ખૂબ સુરત ચહેરો કદરૂપો બની ગયો હોય, યુવાન વયે ચહેરાની ક્રાન્તિ હણાઈ ગઈ હોય તેવા સમયે આપના માટે ખૂબ જ ઉપયોગી પાવડર

### માસિક સ્ત્રાવની વિવિધ તકલીફો

### વૃધ્ધા અવસ્થાનું ટોનિક

આજના જમાનામાં ખાનપાનમાં શુધ્ધતા ઓછી છે જેથી અશક્તિ અને નબળાઈ જલ્દી આવી જાય છે. શરીરને તંદુરસ્ત રાખવા માટે આ ટોનિકનો ઉપયોગ ખૂબ જ જરૂરી છે. જરૂર અપનાવો.

### બાળ ટોનિક

નાનપણથી જ બાળકોની સંભાળ રાખનારું ટોનિક

**આપને સદાય તંદુરસ્ત રાખવા ઈચ્છતા આપના હિતેચ્છુ**

# ડૉ. શ્વેતા એસ. જાડેજા

**સંપર્ક : ઉમરશી મેઘજી ગોસર**

મોટા રતડીયા, અંબરનાથ (ઈસ્ટ) - મો. : ૭૩૦૩૩૩૦૭૭૭

Time : 7 pm to 9 pm

# કડવી ગોળી છોડો મીઠી ગોળી ગળો

એમ કહેવાય છે કે એક સૌમ્ય દવા વડે દર્દનો કાયમી ઈલાજ હોમિયોપેથી કરે છે. લગભગ છેલ્લા બસો વર્ષથી આ ઉપચાર પધ્ધતિ અમલમાં આવી જે વિશ્વમાં બીજા નંબરની ઉપચાર પધ્ધતિ મનાય છે. જર્મનીના ડૉ.હેનમેન આ ચિકિત્સાના પ્રણેતા છે. ડૉક્ટર ઉપરાંત કેમીસ્ટ પણ ખરા.

**વિશ્વમાં આવકાર્ય પધ્ધતિ :** હોમિયોપેથીની નિર્દોષ પ્રકૃતિ, સંશોધનાત્મક પધ્ધતિ, ચિકિત્સાની સરળતા, વધતી જતી સફળતા અને વધતી જતી લોકપ્રિયતાને કારણે આ સારવાર પધ્ધતિ વિશ્વના દેશો અમેરિકા, બ્રાઝિલ, ઓસ્ટ્રેલીયા, જર્મની, નોર્વે, સ્વીત્ઝર્લેન્ડ આદિમાં સુવિખ્યાત બનવા પામી છે.

**હોમિયોપેથી ક્યા સિધ્ધાંત પર? :** રોગ થયો હોય ત્યારે સમાંતર અસર કરે તેવી દવા આપવી. જેથી શરીરમાં ચેતના પ્રગટશે. શરીરમાં રોગપ્રતિકારક શક્તિઓ વધારવી, દવાના ખૂબ નાના ડોઝ આપી રોગ નાબૂદ કરવો. હઠીલા રોગોમાં પણ એક દવા આપવી. આવી દવા વિવિધ ઔષધોના મિશ્રણ દ્વારા તૈયાર કરી શકાય છે. પરિણામે દવા લેવાનો કોઈ અણગમો થતો નથી. મીઠી ગોળીઓ બાળકો પણ ઘણી સહેલાઈથી ખાઈ જાય, ગળે કે ચૂસે. દવા આરોગતા પહેલાં અને પછી ૧૦-૧૫ મિનીટ ખાવા-પીવા પર પ્રતિબંધ રાખવો પડે છે. હોમિયોપેથીની દવા લેવાની આ રીત એ ખાસ તો હોમિયોપેથીની અલગ ઓળખ બની રહી છે.

**પધ્ધતિની કેટલીક મર્યાદાઓ :** ઈમરજન્સીમાં આ ઔષધ અત્યંત અસરકારક બની શકે તે માટે એક્સ્પેરીમેન્ટ ચાલુ છે. જ્યાં સર્જરી વગર અન્ય કોઈ ઈલાજ નહોય ત્યાં હોમિયોપેથી કાર્યરત રહેતી નથી. એચ.આઈ.વી. જેવા રોગો જેમાં રોગપ્રતિકારક શક્તિ નાબૂદ થઈ હોય અને આગળ વધી ગયેલા કેન્સર કે ચોથા સ્ટેજના ટી.બી. આદિમાં હોમિયોપેથી પધ્ધતિ તાત્કાલિક ફળ આપી શકતી નથી. પાચનતંત્રના રોગો, ચર્મરોગો, માનસિક તકલીફો, મૂત્ર વિકાર આદિ રોગોમાં હોમિયોપેથી અક્સીર સાબિત થવા પામી છે.

**સંશોધન :** હોમિયોપેથી સારવાર પધ્ધતિમાં હાલે કલિનીકલ ટ્રાયલ લેવાનું ચલણ ખૂબ જ વધતું જ જાય છે. ઈ.સ.૧૯૭૪ થી ઈ.સ.૨૦૦૩ સુધીમાં સો જેટલી ક્લીનીકલ ટ્રાયલ યોજાઈ હતી. જેમાં હોમિયોપેથીક ઔષધો અકસીર પુરવાર થઈ હતી. એલોપેથીની દવાઓ એક સરખા પ્રમાણ કે માત્રા ટેબલેટસ કે અન્ય સ્વરૂપોમાં અપાય છે. જ્યારે આ પધ્ધતિમાં એક સરખી માત્રા જોવા મળતી નથી. તબીબો પોતાના અનુભવોના આધારે ડોઝ બનાવી, ડોઝની માત્રા સમજાવે છે. આ પધ્ધતિની કોઈ આડઅસર વર્તાતી નથી.

**હોમિયોપેથીની શિક્ષણ વ્યવસ્થા :** આપણા દેશમાં હોમિયોપેથીની સ્નાતક ડીગ્રી આપતી ૧૮૭ તથા અનુસ્નાતક ડીગ્રી આપતી ૪૨ કોલેજો છે. પીએચ.ડી. થવાની વ્યવસ્થા કરવામાં આવી છે. કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા ચાલતી ડીસ્પેન્સરીઓ અનુક્રમે ૨૧૫ તથા ૬૮૧૨ છે. ગવર્મેન્ટ હેલ્થ સ્કીમ ૩૪, રેલ્વે મંત્રાલય હેઠળ ૧૨૯ ડીસ્પેન્સરીઓ ચાલે છે. ભારતમાં હોમિયોપેથિક ડૉક્ટરો સ્વતંત્ર પ્રેક્ટીસ વધુ પસંદ કરે છે. જેથી તેમની ફીનું ધોરણ એક સરખું નથી.

દિલ્હી સરકાર દ્વારા ચાલતા હોમિયોપેથીના સરકારી દવાખાનાઓમાં છેલ્લા દસ વર્ષમાં દર્દીઓની સંખ્યા પચાસ ટકા વધી છે. જેમાં બાળકો તથા મહિલા દર્દીઓ મુખ્ય છે. એક ખોજણી મુજબ ૨૫ વર્ષથી ૪૪ વર્ષ સુધીના સ્ત્રી-પુરુષો હોમિયોપેથીક સારવાર વધુ પસંદ કરે છે.

**વિશિષ્ટ ઉપલબ્ધિ :** હોમિયોપેથિક સારવાર પધ્ધતિ અંગે ૬૦ રિસર્ચ પેપર્સ તથા ૨૩૭ શોધ પુસ્તકો છેલ્લા ૧૦ વર્ષમાં પ્રગટ થવા પામ્યા છે. સંશોધનો આજે પણ ચાલી રહ્યા છે. સંશોધકો અભ્યાસ બાબતે, દવાના પ્રમાણ પર, દવામાં વપરાતી વનસ્પતિઓ અને ટીંચરો પર, ગંભીર રોગો પરની આ દવાની અજમાયશો પર, પરિણામો પર, સંશોધનો કરી જ રહ્યા છે.

વિશ્વભરમાં હોમિયોપેથિક સારવાર પધ્ધતિની ખ્યાતિ વધવા પામી છે.

❁

# ચાન્સ

■ ડૉ. આઈ. કે. વીજળીવાળા

એક યુવતી ઉદાસ ચહેરે પોતાના ડ્રોઈંગરૂમમાં બેઠી હતી. એની આંખોમાં ગ્લાનિ ભરી હતી. એને જોતાં જ લાગતું હતું કે એ ખૂબ જ ઊંડાં વિચારોમાં ડૂબેલી હતી.

એ દિવસે એની લગ્નની વર્ષગાંઠ-એનિવર્સરી હતી. એ દિવસે પણ એનો પતિ વહેલી સવારે જ કામે જવા નીકળી ગયો હતો. એમનાં લગ્નને હજુ ચાર જ વરસ થયાં હતાં. એને એ વાતનું દુઃખ લાગતું હતું કે ખાલી ચાર જ વરસમાં એનો પતિ એમના લગ્નની તારીખ ભૂલી ગયો હતો. આટલાં વરસમાં જ પરિસ્થિતિ કેવી બદલાઈ ગઈ હતી એ યાદ કરતાં એનાથી નિસાસો નંખાઈ ગયો.

એ ઊભી થઈ. બારી પાસે જઈને બહાર જોયું. આકાશમાં વાદળ ગોરંભાઈ રહ્યાં હતાં. કોઈ પણ ક્ષણે ધોધમાર વરસાદ પડશે એવું લાગતું હતું. લગ્નના પ્રથમ ત્રણ વરસ વરસાદની ઋતુમાં બંને જણ કેવી મજા કરતાં એ એને યાદ આવી ગયું. બંને એકબીજામાં કેવા ગૂંથાઈને રહેતાં અને એકબીજાની નાની-નાની ખુશીનો કેટલો ખ્યાલ રાખતા એ નજર સામે તરવરવા લાગ્યું. છેલ્લા એક વરસથી બંનેના સંબંધમાં કાંઈક અજબ કડવાશ ફેલાઈ ગઈ હતી. બંને વચ્ચે નાની નાની બાબતોમાં ઝઘડાં થવા લાગ્યા હતા. એકબીજા સાથે રિસાવું, એકબીજાને ગમે તેમ બોલી દેવું. અપમાન કરી નાખવું વગેરે જાણે કે રોજિંદી ઘટના બની ગઈ હતી.

એનિવર્સરીનો દિવસ હતો પણ એ અત્યંત ઉદાસ હતી. ચાર જ વરસમાં એમની જિંદગીએ લીધેલા વળાંકના વિચારોએ એને હચમચાવી મૂકી હતી. એની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. જૂના દિવસોને યાદ કરતાં એને થતું હતું કે કાશ ! એના પતિને એમની આજે એનિવર્સરી છે એ યાદ આવી જાય અને એ અત્યારે, આ જ ક્ષણે પાછો આવી જાય તો કેવું સારું?

બરાબર એ જ ક્ષણે એના ઘરની ડોરબેલ વાગી. એને આ ચમત્કાર જેવું લાગ્યું. એણે બારણું ખોલ્યું. એના આશ્ચર્યનો પાર ન રહ્યો. ત્યાં એનો પતિ જ ઊભો હતો ! બે ઘડી તો એ માની જ નહોતી શકતી કે જે એ જોઈ રહી હતી એ સાચું હતું ! બારણામાં ખરેખર એનો પતિ ઊભો હતો ! આખી ઘટના બની જ એવી રીતે હતી કે એને હજુ એ ચમત્કાર જેવી જ લાગતી હતી.

એને નવાઈમાં ડૂબી ગયેલી અને એકદમ પૂતળાની માફક ઊભેલી જોતાં એનો પતિ બોલ્યો, 'ઓ ! માય ડિયર ! અરે વહાલી ! મને તારે માફ કરી દેવો પડશે. હું સાવ ભૂલી ગયો હતો કે આજે આપણી એનિવર્સરીછે ! યાદ આવતાં જ હું ઉતાવળે ભાગ્યો છું એટલે તારા માટે ફૂલો કે ગિફ્ટ લાવવાનું શક્ય ન બન્યું. પરંતુ મારી પાસે એક સરસ પ્લાન છે. આપણે હમણાં જ કોઈ સારી હોટેલમાં જઈશું. ત્યાં શેમ્પેઈન અને બેસ્ટ કેક સાથે આપણે બે જણ પહેલાંની માફક જ એનિવર્સરી ઊજવશું ! બધું જ ભૂલીને ! બોલ, તું શું કહે છે?'

આનંદની ઘેલી થઈ ગયેલી પેલી યુવતી હજુ તો કાંઈ જવાબ આપે એ પહેલાં જ ફોનની ઘંટડી વાગી. એ યુવતીએ ડ્રોઈંગરૂમમાં કોર્નર પાસે જઈને રિસીવર ઉપાડીને 'હેલો !' કહ્યું.

'મેમ !' સામે છેડેથી, અવાજ આવ્યો, 'હું નજીકના પોલીસ-સ્ટેશનથી બોલું છું. શું આપ મિસિસ ફલાણા બોલો છો? મિસ્ટર ફલાણાંના પત્ની?'

'હા ! હું એ જ બોલું છું, બોલો, શું કામ હતું?' એ યુવતીએ જવાબ આપતાં પૂછ્યું.

'મેમ ! સોરી ટુ સે ! તમને જણાવતાં દિલગીરી થાય છે કે તમારા પતિનું જો આ જ નામ હોય તો એ આજે એક કલાક પહેલાં મૃત્યુ પામ્યા છે. ટ્રેન નીચે કપાઈ જવાને કારણે એમનું કરુણ મોત થયું છે. આ તો એમના ખિસ્સામાંથી મળેલા પાકીટના આધારે અમે તમારો નંબર તેમજ સરનામાની ભાળ મેળવી શક્યા છીએ. મારે તમને અહીં આવવા વિનંતી કરવાની છે, કારણ કે તમે મૃતદેહની ઓળખવિધિ કરશો એ પછી જ અમે


9323500722
KESHAR
tea
KESHAR
TEA
Golden Tea
मे. केशर टी
Golden Tea
मे. केशर टी
SPECIAL PREMIUM
Buy now & GET 20%
Discount on MRP
Email : shreesaitea@yahoo.co.in / keshartea@yahoo.co.in
Website : www.keshartea.com
G-10, A.P.M.C Market No.1, Kirana Bazar, Vashi, Mumbai - 400 705

પંચનામાની કાર્યવાહી પૂરી કરી શકીશું અને લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી શકીશું. હું જાણું છું કે આ સમાચારથી તમારી દશા શું થઈ હશે. એટલે તમે અહીં આવી શકો તેમ છો કે હું જીપ મોકલું? પરંતુ તમે જેમ બને તેમ જલદી આવી જશો તો સારું રહેશે !' પોલીસ અધિકારીએ કહ્યું.

'પરંતુ...! પરંતુ... મારા પતિ તો અહીંયા છે. મારી સાથે ! મારા ઘરમાં જ છે ! તો એમનું મૃત્યુ કઈ રીતે શક્ય બને?' થોડુંક થોથવાતા અને થડકારો અનુભવતાં એ યુવતી બોલી.

'સોરી મેમ ! હું તમારા મનની પરિસ્થિતિ સમજી શકું છું !' પોલીસ અધિકારી બોલ્યા, 'તમે જે કહો તે ! પરંતુ તમારે પોલીસ-સ્ટેશન તો આવવું જ પડશે. કારણ કે એમની લાશ અત્યારે મારી સામે પડી છે. એટલે તમે કહો છો એ કઈ રીતે શક્ય બન્યું એ હું તમને સમજાવી શકું તેમ નથી. પરંતુ જેમ બને તેમ જલદી તમે અહીં આવી જાવ તો સારું, નહીંતર કોઈને ત્યાં મોકલવાની મને ફરજ પડશે !' એટલું કહી પોતે ક્યા પોલીસ-સ્ટેશનથી બોલે છે એ જણાવીને એ અધિકારીએ ફોન મૂકી દીધો.

યુવતીનું મન સુન્ન થઈ ગયું. એણે પાછા ફરીને દરવાજા તરફ નજર કરી. એનો પતિ ત્યાં નહોતો !

'તો પછી શું એનો આત્મા મને મળવા આવ્યો હશે?' એના મનમાં ધ્રાસ્કો પડ્યો. પોતે એકધારા એના વિચારો કરતી હતી એટલે કદાચ એનો આત્મા ખેંચાઈને આવી પહોંચ્યો હોય એવું બની શકે? એ આગળ કાંઈ પણ વિચારી ન શકી. એને ડૂમો ભરાઈ આવ્યો. એ ત્યાં જ ઢગલો થઈ ગઈ. મૃત વ્યક્તિના આત્માઓ પોતાના પ્રિયજનને મળવા આવ્યા હોય એવા ઘણા કિસ્સાઓ એણે છાપામાં તેમજ મેગેઝિનમાં વાંચ્યા હતા. પરંતુ ખરેખર એવું બન્યું હશે? વાસ્તવિક દુનિયામાં એવું બનતું હશે? એવું વિચારતાં એનાથી જોરથી રડી પડાયું.

રડતાં રડતાં એને થયું કે શું પોતાના પતિને જીવતો જોવાનો કે મળવાનો એને એક પણ ચાન્સ - એક પણ તક નહીં મળે? એને રાડો પાડીને ઈશ્વરને કહેવાનું મન થઈ આવ્યું કે જો હવે માત્ર એક જ તક એ આપે તો પોતે ક્ષુલ્લક અને નાની નાની વાતોમાં એની સાથે ક્યારેય ઝઘડો નહીં કરે. અરે ! એની બધી ભૂલોને એ માફ કરી દેશે. જો ભગવાન એને એક મોકો આપે તો એ પોતાના પતિને માત્ર અને માત્ર પ્રેમ જ કરશે. એ કેટલો પ્રેમાળ હતો એનો એને અત્યારે ખ્યાલ આવતો હતો. પરંતુ પોતે મૂરખીને એની આવી ખૂબીઓ જોવાને બદલે ખામીઓ જોવાનું કામ જ કર્યું હતું. એટલે જ નાના નાના ઝઘડાઓએ એમની જિંદગી કડવી બનાવી દીધી હતી. એણે મનોમન કહ્યું કે જો ઈશ્વર એને હવે જિંદગી નવેસરથી જીવવાનો એક જ ચાન્સ આપે તો પોતાના પતિની સાથે અદ્ભુત જિંદગી જીવવાનો પ્રયાસ કરશે અને જૂની એક પણ ભૂલનું પુનરાવર્તન નહીં થવા દે ! આંસુભરી આંખે એણે આકાશ સામે જોયું. ભગવાનને આજીજી કરતાં કહ્યું, 'હે ભગવાન ! મને એક ચાન્સ - એક તક આપ ! હું હવે ખૂબ જ પ્રેમથી જિંદગી જીવવાની કોશિસ કરીશ ! ફક્ત એક જ ચાન્સ ! પ્રભુ હવે હું નવેસરથી શરૂઆત કરવા માંગું છું. તને વચન આપું છું કે હું હવે કોઈ પણ વાંધાવચકા કે ઝઘડા વગરની જિંદગી જીવીશ !'

પરંતુ એનું મન કહેતું હતું કે હવે બધું સમાપ્ત થઈ ગયું હતું. એને ખાતરી થઈ ગઈ હતી કે એવો કોઈ ચાન્સ - કોઈ તક હવે ક્યારેય નહીં મળે. એણે એ તક હંમેશ માટે ગુમાવી દીધી હતી. એને હવે કાંઈ કરતાં કાંઈ સૂઝતું નહોતું. રડતાં રડતાં જ એ ફર્શ પર લાંબી થઈ ગઈ. બરાબર એ જ વખતે નીચેના બાથરૂમનું બારણું ખૂલવાનો અવાજ આવ્યો. રડવાનું બંધ કરીને એ યુવતી સફાળી બેઠી થઈ ગઈ. જોયું તો એનો પતિ બાથરૂમમાંથી બહાર આવી રહ્યો હતો. હજુ તો એ યુવતી કાંઈ કહે એ પહેલાં જ એ બોલ્યો, 'અરે હા, ડાર્લિંગ ! હું તને એક વાત કહેવાનું ભૂલી ગયો !

આજે એકાદ કલાક પહેલાં એક ખિસ્સાકાતરુએ મારું પાકીટ મારી લીધું. મને ખબર પડી એટલે હું એની પાછળ દોડ્યો, પરંતુ એ રેલવેટ્રેકની દીવાલ કૂદીને રેલવેના પાટા પર ભાગી ગયો એટલે હું એને પકડી ન શક્યો ! સોરી ડિયર ! બાથરૂમ જવાની જલદીમાં તને આ વાત કરવાનું રહી ગયું હતું !'

પેલી યુવતી ફરીથી અવાચક અને પૂતળા જેવી બની ગઈ ! બે ક્ષણ પછી એ ઊભી થઈ અને દોડીને પોતાના પતિને ભેટી પડી ! એની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવાના શરૂ થઈ ગયા. પરંતુ હા ! આ વખતે આનંદ અને હર્ષના કારણે એ આંસુઓ વહી રહ્યાં હતાં !

❁

# માની કૃપા

■ મણિલાલ ડી. રૂધાણી

**મા** કમીઆઈના જે ગામની સીમમાં બેસણા છે એ ઘેડ વિસ્તારમાં મહિયારી ગામ ઉપર મા કમીઆઈના ચાર હાથ છે. ગામની દીકરી જ્યાં પણ સાસરે હોય એને ત્યાં સંતાનનો જન્મ થાય ત્યારે કમીઆઈનો મેળો ભરવો પડે. માતાજીની ચુંદડીનો સરસામાન તથા મીઠા ભાત બનાવીને જવું પડે ત્યાં વધેલા ભાત ઘરે લાવી શકાતા વધે તો પાદરમાં પ્રસાદી વહેંચી દેવી પડે.

મા કમીઆઈ પર અતૂટ શ્રધ્ધા હોવા છતાં સરમણભાઈને માતાના મઢ જઈને મા આશાપુરાના દર્શન કરવાની ઘણા વરસ થયા તમન્ના હતી પણ વેત નહોતો આવતો પણ એક દિવસ તો ઈચ્છા દબાવી શક્યા નહીં. બે ત્રણ જોડી કપડાં થેલીમાં નાખીને જુનાગઢ જતી બસમાં બેસી ગયા ને જૂનાગઢથી રાતમાં ઊપડતી બસમાં બેસી ગયા વહેલું આવે ભુજ. બહુ લાંબો રસ્તો. વહેલી સવારે છ વાગ્યે ભુજ ઉતર્યા. બસ સ્ટેન્ડની બહાર બધી સુવિધા દાતણ સુધ્ધા ચાની હોટલોવાળા રાખે.

સરમણભાઈ ચા-પાણી પીને ફ્રેશ થયા અને માતાના મઢ જતી બસમાં બેસી ગયા. એક-દોઢ કલાકની મુસાફરી પછી નખત્રાણા વટાવીને જ્યાં બસ કોટડા આવી ત્યારે સરમણભાઈને યાદ આવ્યું કે આ કોટડામાં વરસો જૂનો દોસ્ત જે મહિયારી મુકીને કોટડા સ્થાઈ થયો છે તે અરજનભાઈ અહીં રહે છે. વર્ષો થયા કોઈ સંપર્ક નહોતો.

આશાપુરાના મંદિરે દર્શન કરીને વળતી વખતે અરજનભાઈ ત્યાં કોટડા ઉતરી જઈશ એમ નક્કી કરીને સરમણભાઈ માતાના મઢ પહોંચ્યા. માના દર્શન કરીને ધન્ય થઈ ગયા. પ્રસાદ લઈને તે સીધા કોટડા આવ્યા.

કોઈને અરજનભાઈના ઘરનું પૂછ્યું. પેલી વ્યક્તિએ રસ્તો બતાવ્યો. ભાઈ ! સીધા ચાલ્યા જાવ નિશાળ આવશે પછી બે-ત્રણ મકાન મુકતા જ અરજનભાઈનું મકાન આવશે ને થયું પણ એમજ. નિશાળ પછી બે-ત્રણ મકાન મુકતા એક ઘર આવ્યું એ બાબત કોઈને પૂછવું ન પડ્યું.



મકાન ઉપર કમીઆઈ કૃપા લખેલું હતું.

સરમણભાઈએ ડેલીની સાંકળ ખખડાવી અરજનભાઈએ સાંકળ ખોલી ત્યાં સરમણભાઈને ઉભેલા જોયા. ઘણે વર્ષે જોયા એટલે અરજણભાઈ ભાવુક થઈ ગયા. રીતસર ભેટી પડ્યા. બંનેની આંખોમાં હરખના અશ્રુ સરી પડ્યા. અરજનભાઈના પત્ની સાકરબેને સીતારામ કરીને મીઠો આવકાર આપ્યો. ચા-પાણી પીને સુખ-દુઃખની અને ગામની નવાજૂનીની વાતો ચાલી પણ ત્યારે સરમણભાઈએ નોંધ કરી કે અરજનભાઈ કંઈક ચિંતામાં છે. વાતચિત કરતાં એનું ધ્યાન કંઈક વિચારે ચડી જતું હતું એટલે સરમણભાઈએ પૂછ્યું અરજનભાઈ કહે ના કહે પણ તું કંઈ ચિંતામાં ઘેરાયેલો છે.

ના-ના સરમણભાઈ એવું કંઈ નથી. ના તું કંઈક ચિંતામાં છે એ સાવ ચોક્કસ વાત છે. જરા કંઈક ફોડ પાડ તો ખબર પડેને? સરમણભાઈનો આગ્રહ જોઈને અરજનભાઈએ કહ્યું ભાઈ ! બીજી તો કઈ ચિંતા નથી આપણે ત્યાં તો 'ઘેડ'માં મેઘરાજાની મહેર છે પણ અહીં અષાઢ મહિનો પણ સાવ કોરો ગયો છે. માંડવીનું વાવેતર જ થયું નથી એટલે ખેતીની આવકની અવાર આશા રાખવી નકામી. બીજો કોઈ વાંધો નથી છોકરાને કંપનીમાં પચીસ હજાર પગાર મળે છે એટલે ઘર ખર્ચ કાઢવામાં તો કંઈ વાંધો નથી પણ દીકરીની સગાઈ માધવપુર કરી છે. જમાઈને દિવાળી પછી તુરત દુબઈ જવાનું છે એટલે



વેવાઈ લગ્નની ઉતાવળ કરે છે. પાંચ સાત લાખનો ખર્ચ ક્યાંથી કાઢવો એની જ ચિંતા છે ભાઈ બીજી કંઈ ચિંતા નથી. ભાઈ ! ખેતીની ચિંતા કરમાં બધાયનો ભગવાન છે. મા કમીઆઈ ઉપર શ્રધ્ધા રાખ ભાઈ ! તારે તો અહીં મઢવાળી મા પણ માથે જ બેઠી છે જેની ઉપર બે બે મા ધ્યાન રાખવાવાળી બેઠી એ દીકરાને શું કરવા ઉપાધી કરવી જોઈએ. સરમણભાઈની વાતથી અરજનભાઈને થોડી ધરપત થઈ.

સવારે અરજનભાઈ અને સરમણભાઈ ગામમાં ચક્કર લગાડવા ગયા ત્યાં હોટલે ચા પીતા હતા ત્યાં એની પાસે પોસ્ટમેને આવીને પૂછ્યું અરજનભાઈ દેવા પરમાર તમારું નામ છે? હા, મારું નામ જ અરજન છે. તમને ખાલી નામથી જ ઓળખું, તમારો કંઈ ટપાલ વહેવાર ન હોવાથી પુરું નામ જોઈ તમને પૂછવું પડ્યું. સાચી વાત છે ભાઈ ! અમારે ટપાલ લખવાનું ઓછું થાય. ટપાલ આવતી પણ નથી. શું કંઈ કામ હતું? હા, તમારું એક રજીસ્ટર યુ.કે.થી આવ્યું છે સહી કરી દયો !

યુ.કે.થી મારું રજીસ્ટર?

હા, ભાઈ ! રજીસ્ટર યુ.કે.થી આવ્યું છે. અરજનભાઈને નવાઈ લાગી યુ.કે.માં કોઈ ઓળખાણ નથી. રજીસ્ટર મોકલ્યું કોણે વિચાર કરતા કરતાં અરજનભાઈએ સહી કરીને રજીસ્ટર લઈ લીધું ને પોસ્ટમેનને ચા-પાણી પાઈને ઘરે આવ્યા. મને તો નવાઈ લાગે છે સરમણભાઈ. આ મોકલનાર શાંતિભાઈ તન્નાને પણ હું ઓળખતો નથી. અરજનભાઈએ કવર ખોલ્યું. અરે આ શું સરસ મજાનાં અક્ષરોથી લખાયેલો કાગળ ભેગો ૧૦ લાખનો ડ્રાફ્ટ હતો.

૧૦ લાખનો ડ્રાફ્ટ જોઈને અરજનભાઈની આંખો પહોળી થઈ ગઈ કોઈ ઓળખાણ વગર એટલા રૂપિયા? અરજનભાઈ ! સરમણભાઈએ કહ્યું. ભાઈ તું જરા કાગળ તો વાંચ શું વિગત લખી છે. અરજનભાઈએ કાગળ ખોલ્યો. ચી.અરજનભાઈ ! ભાઈ ! તમે મને ઓળખો નહીં પણ તમારા બાપુજી મારા મિત્ર હતા. પોરબંદર હું નાનો એવો ધંધો કરતો પણ કઈ જામતું નહીં. એ અરસામાં આફ્રિકા જવાનું થયું. ખિસ્સા સાવ ખાલી પણ અણીને સમયે તમારા બાપુજીએ મદદ કરી મને કહે તું મારા ભાઈ જેવો છે તું આગળ આવતો હોય તો તારી જિંદગી સુધરતી હોય તો હું તને મદદ કરું. પૈસા જ્યારે થાય ત્યારે દેજે ન આપ તો પણ કંઈ નહીં ભાઈ ! એ જમાનામાં તારા બાપુજીએ મને પાંચ લાખ રૂપિયા રોકડા આપેલા. હું આફ્રિકા ગયા પછી તમારા બાપુજીનો સંપર્ક કપાઈ ગયો. તમે પણ મહિયારી મૂકી દીધું. ઈદી અમીનને કારણે હીજરત કરવી પડી. મોટા ભાગના ભારતીયો બ્રિટિશ નાગરિકો હતા એટલે હું અહીં યુ.કે.ના લેસ્ટરમાં સ્થાઈ થઈ ગયો. ઈલેક્ટ્રિકની દુકાનમાં જમાવટ પડી ગઈ પણ મને તમારા બાપુજીનું લેણું ખટકતું હતું ને તમારો ક્યાંય પત્તો નહોતો. એ અરસામાં તમારી જ્ઞાતીના એક ભાઈ યુ.કે.ના પ્રવાસે આવ્યા. એની સાથે થોડો પરિચય થયો. યોગાનુયોગ એ તમારા બાપુજીને ઓળખતા હતા. તમે કોટડા રહેવા ગયા એનો પણ

ખ્યાલ હતો. મને કહે દેવભાઈ તો હવે હયાત નથી એનો દીકરો અરજન કોટડા રહે છે. પછી કોટડાથી માહિતી મળી એટલે રકમ મોકલું છું. પાંચ લાખ ફિક્સમાં મુકીએ તો ડબલ થાય. દેવભાઈએ મને આપેલા રૂપિયા ૪ ગણા થઈ ગયા. પણ હું બમણા કરીને મોકલું છું. આજ બોજામાંથી મુક્ત થયો એનો મને સંતોષ છે. તમારા બાપુજીના દુઃખદ અવસાનના સમાચાર મળ્યા એથી બહુ દુઃખ થયું. પણ પ્રભુની ગતિ ન્યારી છે. નીચે મારા ફોન નંબર લખ્યો છે. ટપાલ મળે એટલે ફોન કરી દેશો. દેશમાં આવીશ ત્યારે કોટડા મુલાકાત કરીશ.

લી.શાંતિભાઈ તન્નાના જય જલારામ

પત્ર વાંચીને અરજનભાઈની આંખમાંથી અશ્રુ સરી પડ્યા. અણીને સમયે બાપુજીએ કરેલી મદદ એટલા વર્ષે ડબલ થઈને પરત આવે આ મા કમીઆઈનો અને મઢવાળી માની દયા કહેવાય. અરજન મે તને કહ્યું હતું એમ જ થયું ને? આસ્થા મોટી ચીજ છે. ભગવાન કોઈનું કામ અટકાવતો નથી સરમણભાઈએ કહ્યું.

અરજનભાઈએ કહ્યું હવે આપણે ગાડી બાંધીને મહિયારી જવું છે. બાપદાદાના મકાનમાં જ દીકરીના લગ્ન ધામધુમથી કરવા છે. શનિ રવિની રજા હોવાથી સુનિલ પણ રાત્રે આવવાના છે ને સુનિતા પણ એની બહેનપણીને ત્યાં લગ્ન પ્રસંગે હોવાથી કાલની માંડવી ગઈ છે એ પણ આવી જશે. મહિયારી જઈને માધવપુર મારા વેવાઈ કરશનભાઈને સમાચાર મોકલી દઉં. એ તો સાદાઈથી લગ્ન કરવાનું કહેતા પણ હવે આપણે લગ્ન ધામધુમથી કરવા છે સમાચાર મોકલી દઉં.




સાવ સાચી વાત અરજનભાઈ ! એ તમારું મકાન પણ કોઈ ઉપયોગમાં લેવાતું નથી. સાવ ખાલી પડ્યું છે. કોઈ મહેમાન આવે તો સુવા પુરતો જ ઉપયોગ થાય છે. તો તો ભારી કામ થાય સરમણભાઈ ! જોને માની દયાથી બધુ પાહરું પડતું જાય છે. આ વાત કરતાં હતા ત્યાં ડેલીની સાંકળ ખખડી. અરજનભાઈએ ડેલી ખોલી તો સામે એના વેવાઈ કરશનભાઈ ઊભા હતા.

ઓહોહો આવો આવો કરશન. કોઈ જાતના સમાચાર મોકલ્યા વગર આજ ઓચિંતા તમારા દર્શન થયા? હા ભાઈ ! ઓચિંતું જ આવવાનું થયું. અમારો શેઠ પ્રભુદાસ ભુજ સુધી આવતા હતા. ધરાર મને તાણ કરીને ભેગો લીધો. એમ વાત કરતાં કરતાં કરશનભાઈ ઘરમાં આવ્યા. સરમણભાઈએ રામરામ કર્યા. સાકરબેને આવકારો આપ્યો.

રાત્રે બધા જમીને બેઠા હતા એટલે અરજનભાઈએ કહ્યું કરશનભાઈ ! તમતમારે લગ્નની તૈયારી કરો. તમે સાદાઈથી લગ્ન કરવાનું કહેલું પણ હવે ધામધુમથી કરવા છે એ પણ મહિયારીમાં. એમ કહીને અરજનભાઈએ બધી માંડીને વાત કરી. ત્યારે કરશનભાઈએ કહ્યું ભાઈ ! તમારે ધામધુમથી કરવા હોય તો કરજો અઠવાડિયામાં મારાથી કંઈ ભેગું ન થાય. મારે વહેવાર રહ્યો મોટો એટલે જાનમાં હું ૨૫-૩૦ માણસોને લઈને જ આવવાનો છું એ વાત નક્કી જ થઈ ગઈ છે.

અરજનભાઈ કંઈ બોલ્યા નહીં. કરશનભાઈનો સ્વભાવ એ જાણતા હતા તેથી એ વાતમાં એમણે સંમતિ આપીને અઠવાડિયા પછી બાપદાદાના મકાનમાં ધામધુમથી લગ્ન સંપન્ન થયા. અરજનભાઈએ આખા ગામને બે સમય જમાડ્યું. દીકરીના લગ્ન બાપદાદાના જૂના મકાનમાં સંપન્ન થયા એનો અનેરો આનંદ માત્ર અરજનભાઈને નહીં આખા ગામને હતો. ❁


Mahendra M. Goggree
(M) 9821924090

**CITY STORAGE SYSTEMS** ®

**Manufacturers of**

Slotted Angles/Two Tire Rack/Heavy Duty/Racks/Loft & Mobile Racks/Trolleys/Steel Furniture/Super Market, Display Racks.

**Office : B/03, Nyay Sagar, 1st Floor, Old Nagardas Road, Opp. Post Office, Andheri (E), Mumbai-400069. E-mail : cityslotted@rediffmail.com - Website : www.cityslottedsystem.com**
**Cell : 9821924090, Tel. : 26824141, 65001097 - Tele Fax : 26834742**

# દખલગીરી

■ ધીરજલાલ ડી. તન્ના-કેશોદ



સરલાબોના મોબાઈલમાં અડધો કલાકથી કોઈ સાથે વાતોએ વળગ્યા હતા અને વચ્ચે વચ્ચે પતિ જગદીશભાઈ તરફ જોઈ લેતા હોય જગદીશભાઈને પણ થયું શું એવી વાત છે કે, સરલા ફેવિકોલની જેમ મોબાઈલ સાથે જડબેસલાક ચોંટી જઈ અવારનવાર મારા સામે જોયા કરે છે !

ફોન પૂર્ણ કરી માથા પર હાથ મારતા બોલ્યા હવે આનું કાંઈક કરવું જ જોહે કોઈ દિ' હરખું હાલતું જ નથી.

પણ તું તો અડધા કલાકથી વાતોએ વળગી હતી અને પાછી કહે છે સરખું ચાલતું નથી તો અત્યાર સુધી ચાલ્યા વગર વાતો કઈ રીતે કરી? જગદીશભાઈને નવાઈ લાગતા પૂછી લીધું.

અરે હું ફોનની વાત નથી કરતી ! કંઈક હમજો તો ખરા ! મારાભાઈ હારે વાત કરતી હતી.

કેમ પાછું શું થયું?

એ બધું પછી આમ કહી તુરંતમાં એમની જૂનાગઢ રહેતી બહેન જમનાને મોબાઈલ લગાડી વાતોએ વળગી. એમનો ફોન પૂરો થયો એટલે તુરંતમાં જ તેમની બહેન સવિતાને જેતપુર ફોન લગાડ્યો. સરલાની વંદેભારત ટ્રેન જેટલી સ્પીડે ફોન લગાડવાની પ્રક્રિયા જોઈ જગદીશને પણ આશ્ચર્ય થયું, પરંતુ અત્યારે સરલાને કશું ના પૂછવામાં સલામતી ભાળી. જગદીશ ચૂપચાપ તમાશો જોયા કરતો હતો. આટલા વર્ષોના અનુભવ પછી એને ખાત્રી હતી કે, વગર પૂછ્યે સરલા તમામ વાત કરવાની જ છે, તો પછી જોખમ શા માટે લેવું !

અને થયું પણ એવું જ, બહેનો સાથેની વાતની પૂર્ણાહુતિ બાદ સંપૂર્ણ મહાભારતની સમજૂતી આપતા વિજયી મુખમુદ્રાથી નાટો દેશોને ફરમાન કરે એમ ફરમાન છૂટ્યું કે, આ રવિવારે સવારે મારી બેન જમનાને ત્યાં અમારે ભેળું થવાનું છે અને એમાં તમારે પણ આવવાનું છે, શારદાબેન આંટો મારવા આવેલ છે તે એક દિવસ છોકરાઓને હાચવી લેહે. હવે જગદીશ પાસે વિટો પાવર તો હતો નહીં એટલે હુકમની સ્વીકૃતિની મહોર સ્વરૂપે હકારમાં માથું હલાવી હા પાડી.


રવિવારે જૂનાગઢ જમનાને ત્યાં ગોળમેજી પરિષદ ભરાણી. ગોળ ડાઈનીંગ ટેબલ ફરતા બધા ગોઠવાઈ ગયા. મોટીબેન સરલાએ વાત ઉપાડી. આપણાથી હવે બીમાર ભાઈને અપાતો ત્રાસ નથી જોવાતો, હવે ભાભીનું કાંઈક કરવું તો પડહે ! ભાઈ ખાટલામાં છે અને બાઈ ગામમાં ભાઈટકા કરે છે આવું તો હલાવી લેવાય નહીંને?

હાવ હાચી વાત છે બેન. ભાઈનો મને પણ ફોન હતો એ રોતો' તો. હવે તો ભાઈનું દખ મારાથી પણ નથી જોવાતું. ભાભીનો દિવસે દિવસે ઉપાડો વધતો જાય છે. આ ત્રાસમાંથી ભાઈને છોડાવવો જ પડહે !

એ કઈ રીતે છોડાવશો? જગદીશથી રહેવાયું નહીં એટલે વચ્ચે બોલ્યો.

ઈજ તો આજ નક્કી કરવું છે, એટલે તો ભેળા થયા છીએ.

તો પછી સીધેસીધુ ભાભીને કહી દો કે હવે આખો દિવસ ઘરમાં જ રહે. બહાર જવાનું બંધ અને બીમાર ભાઈની સેવા કરે, એમાં બધાયે ભેળા થવાની શું જરૂર છે? કે પછી ઝાઝા હાથ રળિયામણાની ટીક અજમાવો છો !


A LEGACY OF OVER
9 DECADES
IS SURE TO LEAD YOU AHEAD WITH
STRENGTH &
GLOBAL BELIEF
WAREHOUSING & DISTRIBUTION
FREIGHT FORWARDING
CUSTOMS BROKER
360°
LOGISTICS SOLUTION
TRANSPORTATION
PROJECT MANAGEMENT
CFS OPERATOR
The foundation of LILADHAR PASOO is built on strong business ethics and a solid legacy since 1919. Business Partner, Innovator, Industry Expert is what you will find every LILADHAR PASOO professional to be.
Our strength includes a solid know-how combined with an extensive geographical offering. We offer global reach being a complete one stop supply-chain solution provider, present in 170 countries worldwide.
LILADHAR PASOO is the only partner you need in logistics.
57, Mulji House,
41-45, Devji Ratansey Marg.,
Dana Bunder, Masjid (East),
Mumbai-400 009. India.
Tel. : +91-22 6616 6900. +91-22 6743 1800
Fax : +91-22 6616 6966, +91-22 6631 1875
E-mail : info@liladharpasoo.com
Liladhar Pasoo
LP
FUTURISTIC SINCE 1919
kreaté-12072012
www.liladharpasoo.com



તમે આને મશ્કરીમાં ના લીઓ. આજ નિવેડો તો લઈ આવવો જ હે. આપણે કહી દેવાનું છે અને જો ના હુધરે તો પછી આખરી ઉપાય તેને લીટી કરી દઈએ.

એને સીધી કે આડી લીટી કરવી છે ! હળવું વાતાવરણ કરવા જગદીશભાઈ ફરી બોલ્યા.

તમેય તે હું હંધાયમાં તમને મજાક જ હુઝે સે ! આમ કહી સરલાએ નારાજગી વ્યક્ત કરી.

ગંભીર ચર્ચા વિચારણાના અંતે નક્કી થયું કે અનેક વખત ભાભીને આપણે કહેલ છતાંય, ભાભી આ આ વખતે ના માને તો કહી દેવાનું કે તમારે કાયમી માટે માવતર રહેવાનો વારો આવહે.

ભાભી માવતર જતા રહેશો તો ભાઈના રોટલા પાણીનું શું થશે? તમે ત્રણેય બહેનો દશ દશ દિવસના વારા કાઢી જમાડવા જશો?

તમે તો હવે મૂંગા રો તો હારું ! સરલાબેને સટાક દેરાનું સુણાવી દીધું.

મારે મૂંગાજ રહેવાનું હતું તો શા માટે આગ્રહ કરી લઈ આવી? તમાશો જોવાજ કે !

ના ના અમે હું કરી કહીએ ઈ જોવા હારુ લઈ આવીશું હમજ્યા !! જગદીશને થયું ઘરનું નાટક અહીં ભજવાશે એટલે જગદીશભાઈ ચૂપ થઈ ગયા.

સમગ્ર વિશ્વને આતંકવાદની પરેશાનીમાંથી મુક્ત કરવા યુનોની બેઠકમાં પણ આટલી ચર્ચા નહીં થતી હોય એટલી ચર્ચા ભાઈને ભાભીના ભારમાંથી મુક્ત કરવાની સાંભળી. ચૂપ રહેવાનો આદેશ હોવા છતાં મૂળ પાયાની વાત ચર્ચાતી ના હોય. જગદીશભાઈથી ચૂપ ના રહી શકાયું એટલે વિનમ્રભાવે બોલ્યા, જુઓ આ બધી વાતો તો ઠીક છે પરંતુ પાયાની બે એક વાતોનો ઉકેલ નહીં થાય ત્યાં સુધી આનું પરિણામ નહીં આવે.

કઈ વાતનો નિવેડો લઈ આવવાનો હે? આમ બોલી જગદીશ સામે બધાં જોવા લાગ્યા.

જુઓ મંગલ છેલ્લા ૧૫ વર્ષથી બીમાર છે, તેમનો ઘરવહેવાર કેમ ચાલે છે એની તમને જાણ છે? ક્યારેય મંગલે મારે દાણાપાણી ખૂટી ગયા છે થોડીક મદદ કરો એવી માંગણી તમારી પાસે કરી છે?

ના આવી માંગણી કોઈ દાડો નથી કરી. ક્યેંક આપણે ટેકો કરી આવીએ એ જુદી વાત છે.

મંગલ ૧૫ વર્ષથી કામ નથી કરતો એટલે ઘરમાં પૈસા આપતો નથી, પૈસા માટે ભાભીએ પારકા ઘર ઠામવાસણ, કચરાપોતા કરવા બહાર જવું પડે છે અને એનાથી તેનો ઘર વ્યવહાર ચાલે છે એ તો પાકુંને ! હા જો શેઠાણી પોતાના ઠામવાસણ ઉટકાવવા માટે ભાઈને ઘરે ઠામ મૂકી જાય અને ઉટકાયા બાદ પાછા લઈ જાય તો ભાભીએ બહાર ના જવું પડે. પણ આવું બને ખરું? નહીં ને ! આ કારણે ભાભીને બહાર જવું પડે એને ભાટક્યા ના કહેવાય ! છતાંય ચાલો આપણે તેને બહાર જવાની મનાઈ કરી દઈએ એટલે છેડો ફાટે, પણ ઘરવહેવાર ચલાવવા પૈસાનું શું? આના માટે તો મંગલે કામે વળગવું પડશેને? જગદીશે દલીલ કરી.

બધાં એકીટશે સાંભળતા હતા પરંતુ કોઈ બોલ્યું નહીં એટલે જગદીશે ચાલુ રાખ્યું કે, ઘર પૈસા વિના ચાલે ખરું? ક્યારેક હું બે દિવસ ઘરમાં પૈસા ના આપું તો સરલા તું મોઢું બગાડી જાય છે કે નહીં? તો ભાઈએ ભાભીને પૈસા પંદર વર્ષથી નથી આપ્યાં છતાંય ભાભીએ મોઢું બગાડ્યું છે? બીમારીમાં ભાભીએ ભાઈની ખરાબ પથારી પણ સાફ કરેલ છે, તો પણ ક્યારેય ભાભીએ મોઢું બગાડ્યું છે? ભાભીને પૈસા પણ કમાવા અને ઘર પણ ચલાવવું આમ બેવડી જવાબદારી છે, છતાંય તેણે મોઢું નથી બગાડ્યું. તો શાબાશી આપવાનાં બદલે એના જખમને કોતરીને ઊંડો ઘાવ શા માટે કરો છો? અમે કદાચ કમાઈએ નહીં તો કાલથી તમારે પણ ભાભીની જેમ પૈસા કમાવવા જવું પડેને?

એવું થોડું હોય? ભાઈડા વાયડા થાય એ થોડું હાલે? કમાવું તો ભાઈડાઓએ જ જોવેને? પૈસા વગર ઘર કેમ હાલે? ત્રણેય બહેનો એકીસાથે બોલી.

છતાંય મંગલનું ઘર ચાલે છે ને ! એટલે ભાભી કમાઈને

ઘર ચલાવે છે. તમે કહો છો કે ભાયડાઓએ કમાઈને પૈસા ઘરમાં આપવા જોઈએ તો મંગલે પણ પૈસા આપવા જોઈએ.

પણ એ ક્યાં કમાવા જાય એ તો બિચારો માંદો છે.

તો તમારે પણ ના કમાવવા માટે બીમાર પડવું? અને બીમાર પડીએ ત્યારે તમે પારકા કામ કરી ઘર ચલાવશો તો ભાભી નહીં કહે કે બેન આખો દિવસ બહાર ભટકે છે? આવું કહેશે ને ! એટલે તો કહું છું પેલા બીમાર માણસનું ઘર સાંધવાના બદલે ભાંગવા કેમ ભેળા થયા છો? આપણને શરમ આવવી જોઈએ ! આતો ભાઈનું ભલુ કરો છો કે ભૂંડું એજ નથી સમજાતું ! હવે તો ભગવાન અમારી તાસીર તમારા ભાઈ જેવી કરી દીએ અને તમારે તમારી ભાભીની જેમ બહાર ભટકવું પડે તો તમને ખબર પડે !!

ના રે ના તમે હુ કામ બીમાર પડો? તમે હાજા નરવા રો એ અમારા મન ઘણું છે, ફાળમા સરલા બોલી.

તો હવે આડાઅવળી ચાલ રમવાના બદલે ચાલ સરલા ચાલ ઘરે. આમ કહી થાકીને સરલા અને જગદીશ ઘરે આવતા જ થાકનાં કારણે જગદીશે કહ્યું સરલા હું થાકી ગયો છું પાણી ભરી આપને?

તમે થાઈકા હો તો અમે પણ થાઈકા હીએ ભરી લીઓ હાઈથે પાણી. સરલાએ છણકું કરતા મોઢું બગાડ્યું.

આ સાંભળી શારદા બોલી ભાભી તમને શરમ નથી આવતી? ભાઈને પાણીની પણ ના પાડવાની?

શારદાબેન બે દિવહ આંટો મારવા આઈવા છો તે હમાયે રો અમારા ઘરમાં તમારે દખલગીરી નહી કરવાની સમજ્યા ! ભાભી હું તો સમજી પણ તમે જૂનાગઢ શું કરવા ગયા હતા? આમ કહી વાત અધૂરી મેલી. ✽

## ભૂખ

ધીરગંભીર ચહેરા પરથી અચાનક કાનાના ચહેરા મુસ્કાન તો ઠીક પરંતુ મુક્ત હાસ્ય આવતું જોઈ રાધાજી બોલ્યા, શું વાત છે કાના? આમ અચાનક કેમ તારા મુખ પરનાં ભાવ બદલી ગયા?

રાધે વાત જ એવી છે કે હું મારું હાસ્ય ના રોકી શક્યો. એવી તે શી વાત છે કે જેનાથી તારી હસી છૂટી ગઈ હું પણ જાણું તો ખરી ! પૃથ્વી લોક પર એક માણસ બે દિવસથી ભૂખ્યો છે અને મને પ્રાર્થના કરે છે પ્રભુ મારાથી હવે ભૂખનું દુઃખ સહન નથી થાતું, મને થોડું જમવાનું મળી રહે એવી કૃપા કર. કાનાના આ શબ્દ સાંભળી રાધાજી તુરંત જ બોલ્યા, આપ તો કરુણાના સાગર છો એમની ભૂખ મીટાવી દીઓ એમની યાચના પર હસવાનો અર્થ તેમની મશ્કરી કરો છો કે શું? ના પણ મને હસવું એટલા માટે આવે છે રાધે કે, એક કીર્તિદાની ભૂખ્યા માણસ પાસે દાન લેવા આવનારને કહે છે. ગયે વખતે દાન લઈ ગયા પછી તકતી નથી લગાડી એટલે તમે મારા નામની તકતી લગાડો તો જ દાન આપું અને હવે પછી આવો ત્યારે એ વાત ધ્યાનમાં રાખજો. તો મંદિરમાં ઉભો ઉભો ધનભૂખ્યો માણસ માંગણી કરે છે કે પોતાનો એક કરોડનો બંગલો છે એવો પોતાના દીકરા માટે બંગલો બની જાય, એટલી યાચનાનાં બદલામાં મને રૂ.એક હજારના દાનની રિશ્વત આપવાની વાત કરે છે. પેલા ભૂખ્યા માણસની ઉદરપૂર્તિથી ''ભૂખ'' ભાંગુ પણ પેલા બંનેની....

■ **ધીરજલાલ ડી. તન્ના**



# બૃહદ કચ્છ વર્તમાન

સંપાદક : ભાવેશ કુરિયા

## માંડવીના કોડાય ગામે સુબોધસૂરીશ્વરજી મહારાજની ૩૪મી પુણ્યતિથિ ઉજવાઈ

કોડાયમાં આચાર્ય ગુરુદેવ સુબોધસૂરીશ્વરજી મહારાજાની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે ત્રિદિવસીય અર્હદ મહાપૂજન યોજાયું હતું. મુનિ વિદ્યાચંદ્ર વિજયજી મહારાજના સાંનિધ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કોડાય જૈન મહાજનના પ્રમુખ અમૂલભાઈ દેઢિયાએ કોડાય ગામે જીવદયા અને માનવસેવાના અનેકવિધ કાર્યો સાકાર થયા છે તેવું જણાવ્યું હતું.

દાતા સૂર્યાબેન ભીખાલાલ શાહ, મધુબેન હરિલાલ શાહ પરિવાર, શારદાબેન મહેન્દ્ર સોલંકી પરિવારે લાભ લીધો હતો. આચાર્ય મહારાજની છબીને પુષ્પ માળા ચઢાવવાનો લાભ દાતા સૂર્યાબેન શાહે) લીધો હતો. સંસ્થા દ્વારા ગાયોને ઘાસચારો, કૂતરાને રોટલા, પક્ષીને ચણ તેમજ હજાર જેટલા નાળિયરનો કીડિયારું પૂરવામાં આવ્યું હતું. તારાચંદ મુનિજી, પ્રશાંતમુનિજીએ મુનિ વિદ્યાચંદ્ર વિજયજી મહારાજની પ્રેરણાથી જીવદયાના કાર્યો થયા છે. ૧૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરાશે.

મનીષ શાહ, મિતેશ શાહ, કેવિન શાહ, વિપુલ શાહ, તેજા શાહ, મહેન્દ્ર સોલંકી, પ્રતીક જૈન, ચિરાગ સોલંકી, ધર્મેન્દ્રકુમાર, ભાવેશ, હરખચંદ ગાલા, અંજુ સાવલા, ધ્રુવીન ડોબરિયા, કાંતિ સાવલા, રમેશ સાવલા, છગન છેડા, રમેશ દેઢિયા, અમર ગાલા ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા ધર્મ ભક્તિ પ્રેમ સુબોધસૂરી આરાધના ભવન જૈન ટ્રસ્ટ, ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર મહાપ્રસાદ જૈન ટ્રસ્ટ અને કોડાય વિશા ઓસવાળ જૈન મહાજનના ટ્રસ્ટીગણે સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન ધીરજ છેડાએ કર્યું હતું.

## જિલ્લા કક્ષાના બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં ફરાદી સરકારી હાઈસ્કૂલની કૃતિ પ્રથમ ક્રમાંકે વિજેતા બની

ગણિત વિષય પ્રત્યે સામાન્ય રીતે એક માનસિક ધારણા બંધાતી આવી છે કે તે અભ્યાસમાં ખૂબ જ કઠિન અને અઘરો લાગતો વિષય છે પરંતુ જો તેની રજૂઆત સરળતા અને સહજતાથી કરવામાં આવે તો વિદ્યાર્થીઓ માટે ખૂબ જ આનંદનો અને હળવાશભર્યો વિષય બની જાય છે. આ હેતુને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવેલ કૃતિ સમાંતર રેખાની છેદિકા દ્વારા બનતા ખૂણા અને પ્રમેયની સમજ આપતો એક ગાણિતિક મોડલ કે જેના દ્વારા સતત પાંચ વર્ષ એટલે કે ધોરણ ૬ થી ધોરણ ૧૦ના ગણિત વિષયના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ મુદ્દાઓને માત્ર એક જ મોડલ સમજાવે છે. શ્રી સરકારી હાઈસ્કૂલ ફરાદી દ્વારા ઈશ્વર આશ્રમ દેશલપર (વાંઢાય) ખાતે જિલ્લા કક્ષાના બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં વિભાગ ૪માં આ કૃતિની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓ ધોરણ-૯ના તપસ્યાબેન ભાટી અને ધોરણ ૧૦ના ખુશીબેન મહેશ્વરી અને તેમના માર્ગદર્શક ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષક દેવાશિષભાઈ ગઢવી દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આ કૃતિએ વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

## જીવન શિક્ષણની દિશા બતાવે તે સમાજની ઉન્નતિ થાય

શિક્ષણ માનવને જીવનની દિશા બતાવે છે અને તેનાથી સમાજની સર્વગ્રાહી ઉન્નતિ થાય છે. અહીંની

પ્રાથમિક શાળામાં ૩૦૦ છાત્ર માટે આર.ઓ. વોટર પ્લાન્ટ તથા રૂમનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

ઉદ્‌ઘાટન કરતા ગુજરાતી લોકસંગીતના ગઢવીએ શિક્ષણથી સમાજની નૈતિક, આધ્યાત્મિક, ધાર્મિક અને રોજગારલક્ષી બાબતોનો સમન્વય થતો હોવાથી શિક્ષણને મોખરાનું સ્થાન ગણાવ્યું હતું. દાતા વાલજીભાઈ બાનાયત, પ્રભુભાઈ ગેલવા અને રામભાઈ વિધાણીએ આર્થિક સહયોગ આપ્યો હતો. કથાકાર કશ્યપ શાસ્ત્રીએ શિક્ષણ માનવ સમાજ માટે દીવાદાંડી સમાન હોવાનું કહ્યું હતું. વાલજીભાઈ બાનાયતે ગામના શૈક્ષણિક વિકાસમાં ખૂટતી તમામ કડીઓમાં સહકાર આપવા ખાતરી આપી હતી. પાલુભાઈ ગઢવીએ કેળવણીથી જીવન ઝળહળું થતું હોવાનો ભાવ વ્યક્ત કર્યો હતો. પ્રમુખ કરસન વિશ્રામ ગઢવીએ દાતાનો આભાર માન્યો હતો.

આચાર્ય નાગાજણભાઈ ગઢવીએ કીર્તિદાન ગઢવી તથા દાતાઓને સન્માનિત કર્યા હતા. શ્યામ શાસ્ત્રી, માણેકભાઈ મેઘરાજ ગઢવી, ચંદુભા જાડેજા, ખેંગારભાઈ ગઢવી, હરદાસભાઈ ગઢવી વિ. ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સ્ટાફ પરિવારે સહયોગ આપ્યો હતો. સંચાલન અને આભારવિધિ આચાર્ય શ્રી ગઢવીએ કર્યું હતું.

## માંડવી ખાતે ડાયાલિસીસ મશીનનું લોકાર્પણ

અહીંની આરોગ્ય ક્ષેત્રે ૩૨ વર્ષથી કાર્યરત સંસ્થા જનકલ્યાણ મેડિકલ સોસાયટીને માધાપરના લંડન નિવાસી વતનપ્રેમી દાતા તરફથી મળેલા રૂા.૭,૫૧,૦૦૦ની કિંમતના ડાયાલિસીસ મશીનનું લોકાર્પણ કરાયું હતું.

ભુજના સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદદાસજી તથા સ્વામી બાલકૃષ્ણદાસજીના આશીર્વાદ તથા સ્વામી અક્ષરપ્રિયદાસજીની પ્રેરણાથી માધાપરના લંડન નિવાસી દાતા નટવરલાલ દેવજી હાલાઈ હસ્તે લક્ષ્મીબેન હાલાઈ, સીમા હાલાઈ, તેજ કલ્યાણ, કવિતા વેકરિયા, હિના ભુડિયા તરફથી ડાયાલિટીસ મશીન સંસ્થાના પ્રમુખ કિરણકુમાર વાડીલાલ સંઘવી તથા સંસ્થાના ટ્રસ્ટી દિનેશભાઈ શાહે જણાવ્યું હતું.

ભુજના સ્વામિનારાયણ મંદિરના સંતો પુરાણી સ્વામી પ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રસાદદાસજી, પુરાણી સ્વામીરામાનુજદાસજીની ઉપસ્થિતિમાં દાતા દંપતીના હસ્તે મશીનનું લોકાર્પણ કરાયું હોવાનું સંસ્થાના ઉપપ્રમુખ શાંતિલાલભાઈ પટેલ, મંત્રી અરવિંદલાલ શાહ અને ખજાનચી નિશાંત શાહે જણાવ્યું હતું.

ભુજ સ્વામિનારાયણ મંદિરના પુરાણી સ્વામી પ્રકાશદાસજીએ અત્રે રડતાં-રડતાં આવતા દર્દી સારવાર બાદ હસતાં-હસતાં પોતાના ઘરે પરત ફરે તેવા આશીર્વાદ આપી દાતા સંસ્થા ટ્રસ્ટી મંડળને બિરદાવ્યા હતા. સંસ્થાના પ્રમુખે હોસ્પિટલમાં દર મહિને ૩૦૦ જેટલા દર્દીનું ડાયાલિસીસ મફત કરાતું હોવાની માહિતી આપતાં હાલમાં સંસ્થા પાસે પાંચ મશીન હોવાનું જણાવી હવે નવા છઠ્ઠા મશીનથી ડાયાલિસીસ કરાશે તેવું કહ્યું હતું.

કાર્યક્રમમાં સહમંત્રી મહેશભાઈ કંસારા, સનદી અધિકારી વી.કે.સોલંકી, ટ્રસ્ટી નરોત્તમભાઈ ધોળુ, ડૉ.જયેશ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. ડાયાલિસીસ મશીનની પૂજનવિધિ ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતોએ કરાવી હતી. દાતા દંપતીના હસ્તે તકતીનું અનાવરણ કરાયું હતું. સંચાલન સંસ્થાના મંત્રી શ્રી શાહે તથા આભારવિધિ શ્રી કંસારાએ કરી હતી.

## બાળવિજ્ઞાન મેળામાં જિલ્લાકક્ષાના મેળામાં ૮૬ કૃતિ રજૂ

તાલુકાના વાંઢાય સ્થિત ઈશ્વર આશ્રમ ખાતે જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પાંચ વિભાગમાં પ્રાથમિકમાંથી ૪૬ અને માધ્યમિકમાંથી ૪૦ મળી ૮૬ કૃતિઓ રજૂ થઈ હતી. આસપાસના ગામની ૩૫થી વધુ શાળાના છાત્રોએ આ વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત લઈ વિવિધ કૃતિઓ રસપૂર્વક નિહાળી હતી.

પ્રદર્શન નિહાળવા શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી રામપર (વેકરા)ના સંચાલક પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, પુરાણી સ્વામી શ્યામચરણદાસજી સાથે ટ્રસ્ટી હરજીભાઈ વેકરિયા, કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર, એન.એ.મન્સુરી, પરેશ અજાણી, અમિત ધોળકિયા દિવ્યરાજસિંહ જાડેજા, પૃથ્વીરાજસિંહ જાડેજા, તેજસ પાઠકે આવી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ડાયટ પરિવાર તરફથી તમામ નિર્ણાયકોનું સન્માન

કરવામાં આવ્યું હતું. માર્ગદર્શક તમામ શિક્ષકો અને બાળ વૈજ્ઞાનિકોને મહંત મોહનદાસજી ગુરુ કરશનરામજી તરફથી આશીર્વચન પાઠવીને કિટ, મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાપન કાર્યક્રમમાં ડાયટ ભુજ પરિવાર તરફથી ઈશ્વર આશ્રમ, વાંઢાયનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વિજ્ઞાનમેળાને સફળ બનાવવા તમામ વ્યવસ્થામાં ઉત્થાન - અદાણી ફાઉન્ડેશનના સહાયકો ઉપયોગી થયા હતા. તમામ એસ.વી.એસ.કન્વીનર્સ અને બી.આર.સી. અને સી.આર.સી. મિત્રો અને વ્યવસ્થાપક ટીમ સહયોગી બની હતી.

## રાપરમાં કૃષિ મહોત્સવમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ સમજાવ્યું

જિલ્લા ખેતીવાડી શાખા અને રાપર તાલુકા પંચાયત દ્વારા તા.૬ અને ૭ દરમ્યાન કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાગપર ચોકડી પાસે મહેતા સ્ક્વેર ખાતે તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલાના અધ્યક્ષ સ્થાને આયોજિત રવિ કૃષિ મહોત્સવમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ અને કૃષિમંત્રી દ્વારા વીડિયો કોન્ફરન્સથી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી, તો સ્થળ પર અલગ-અલગ યોજનાઓ માટે ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

તાલુકાના વિવિધ વિભાગો આંગણવાડી, વનવિભાગ, પશુપાલન, બાગાયત વગેરે દ્વારા ૧૫ જેટલા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. તાલુકા પંચાયત પ્રમુખ કેસરબેન બગડા, ભારતીય કિસાન સંઘના રાપર તાલુકાના પ્રમુખ કુંભાભાઈ મકવાણા, ટીડીઓ ખોડુભા વાઘેલા વગેરેની ઉપસ્થિતિમાં દિપપ્રાગટ્ય દ્વારા કૃષિ મહોત્સવ ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મદદનીશ ટીડીઓ ભૂપતદાન ગઢવી, હુસેનભાઈ જિએજા, આઈસીડીએસ અધિકારી કાજલબેન પ્રજાપતિ, ડૉક્ટર પ્રજાપતિ, ગિરીશભાઈ રાઠોડ, ભરતભાઈ શ્રીમાળી, એસ.જે.ચૌધરી, વી.આર.પટેલ, રણછોડભાઈ દરજી, કે.એમ. મકવાણા અને તાલુકામાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને સન્માનપત્રો, પુરસ્કાર, મંજૂરીપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખેડૂતોએ વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પારસ ઠક્કરે અને આભારદર્શન વિસ્તરણ અધિકારી ગિરીશ રાઠોડે કર્યું હતું.

## નેત્રામાં પશુ દવાખાનામાં તબીબની નિમણૂક થવાથી રાહત

અહીંના નેત્રા તથા આસપાસના ૨૫થી ૩૦ ગામમાં નોંધપાત્ર પશુ સંખ્યા છે, પરંતુ નેત્રાના પશુ દવાખાનામાં ઘણા સમયથી ડૉક્ટરની જગ્યા ખાલી હોતા મુશ્કેલી પડતી હતી. આ અંગે રજૂઆતો બાદ પશુ તબીબ મળતાં માલધારીઓ તથા પશુપાલકોને હાશકારો થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર નેત્રા ઉપરાંત પંથકના ૨૫થી ૩૦ ગામના પશુઓની સારવાર માટે કાર્યરત પશુ દવાખાનામાં વર્ષોથી ચિકિત્સકની ખાલી જગ્યા અંગે અનેક રજૂઆતો કરાઈ હતી. મુલાકાતે આવેલા કલેક્ટરને પણ રજૂઆત કરાઈ હતી. પાંચ વર્ષ બાદ કાયમી ધોરણે પશુ ચિકિત્સકની નિમણૂકથી લોકોને રાહત થઈ હતી.

લાંબા સમયની માંગ સંતોષાતા પશુ તબીબ ડૉ.અબ્દુલ કાદીરનું સામાજિક કાર્યકર્તા હારૂનભાઈ કુંભાર, શિવજીભાઈ સીજુ, વિજયભાઈ સીજુએ સન્માન કર્યું હતું. પશુઓને સમયસર સારવાર મળી રહેશે. તબીબની સેવા ઉપરાંત જરૂરી દવાનો જથ્થો ઉપલબ્ધ કરાય તેવી ઈચ્છા વ્યક્ત કરાઈ હતી.

## બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેનનું 'વૈયાવચ્ચ રત્ન' એવોર્ડથી સન્માન

ઘાટકોપર મુંબઈ ખાતે અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ દ્વારા આયોજિત પ્રવજ્યા મહોત્સવ કાર્યક્રમમાં બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાનું વૈયાવચ્ચ રત્ન એવોર્ડથી સન્માન કરાયું હતું.

સાધુ-સાધ્વીજીની શ્રેષ્ઠ વૈયાવચ્ચ બદલ કલાપ્રભસાગર સુરિજી મ.સા.ના આશીર્વચન સાથે કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન મુંબઈ પ્રમુખ બિપીનભાઈ ગંગર તથા અગ્રણીઓના હસ્તે વિજયભાઈ છેડાને આ એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે મ.સા.એ જણાવ્યું હતું કે, તેઓ વિજયભાઈ છેડાને વૈયાવચ્ચ રત્ન જાહેર કરે છે અને આ એવોર્ડ એનાયતમાં તેમના ભક્ત વલ્લભજીભાઈ મૂરજી દેઢિયાનો અમૂલ્ય

ફાળો રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૪૦ વર્ષથી ટ્રસ્ટી અને ૧૦ વર્ષથી ચેરમેન પદે રહી વિજયભાઈ ગરીબ અને જરૂરતમંદ દર્દીઓની સેવા કરી રહ્યા છે. બિદડા સર્વોદય ટ્રસ્ટમાં આઠ ઉપાયો છે. જરૂરી સારવાર બિદડામાં ન થાય તો અમદાવાદ મુંબઈથી ડૉક્ટર બોલાવી સેવા કરવામાં આવે છે. સાધુ ભગવંતોને એમ્બ્યુલન્સ મારફતે સારવાર પૂરી પાડે છે.

અમેરિકા અને મુંબઈ તથા કચ્છમાં મહારાજ સાહેબોની સેવા કરે છે તેમજ અમેરિકામાં જૈન દેરાસર મંદિર બનાવવામાં એમનો મુખ્ય ફાળો છે.

આ પ્રસંગે મુમુક્ષુ જીનેશકુમાર અને જૈનમકુમારને કામળી વહોરવાનો લાભ વલ્લભજીભાઈ દેઢિયા તથા વિજયભાઈ છેડાએ લીધો હતો. ત્રિદિવસીય દીક્ષાના કાર્યક્રમના દાતાઓનું સન્માન કરાયું હતું. જૈન મહાજનના હજારો શ્રાવકોએ ભાગ લીધો હતો. આ દીક્ષા મહોત્સવમાં અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ ઘાટકોપર તથા કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન મુંબઈના હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

## ગાંધીધામમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા અંગે થયું મંથન

અહીંના ચેમ્બર ભવન ખાતે, દિલ્હી સ્થિત ભારતીય સોસાયટી ઓફ હીટિંગ, રેફ્રીજરેટિંગ અને એરકન્ડિશનિંગ એન્જીનીયર્સની રાજકોટ શાખા દ્વારા ઈન્વર્ટર મુશ્કેલી નિવારણ પર કૌશલ્ય વિકાસ વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો, જેમાં એન્જિનીયરો, ટેકનિકલ નિષ્ણાતો અને ઉદ્યોગના પ્રતિનિધિઓ, કારીગરો માટે કૌશલ્ય વિકાસ અને પર્યાવરણ અંગે વિસ્તૃત માહિતી અપાઈ હતી. ચેમ્બર પ્રમુખ મહેશ પૂંજે જણાવ્યું હતું કે, ચેમ્બર આ પ્રકારના સેમિનારોને મહત્ત્વ આપ્યું છે, તેનાથી નવા કૌશલ્ય અને તકનિકી અભિગમ પર માર્ગદર્શન મળે છે. આ ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ અને પર્યાવરણીય ઉત્કર્ષ માટેની પ્રગતિને આગળ ધપાવવાનું ચેમ્બરનું ધ્યેય છે. બાદ મુખ્ય વક્તા અને નિષ્ણાતો દ્વારા વિશેષ રીતે ઊર્જા ઉત્પાદકતા અને શુદ્ધ માનવ કેન્દ્રિત, પર્યાવરણીય રીતે અનુકૂળ તકનિકો પર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી તેમજ શાખાના અને ઉદ્યોગના નિષ્ણાતો દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી ઈન્વર્ટર તથા નવી સુવિધા અંગે તકનિકી વિગતો અને પર્યાવરણીય લાભો મુદ્દે જાણકારી અપાઈ હતી.

ચેમ્બરના મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, પર્યાવરણીય ખ્યાલોને આધારે, કચ્છ જિલ્લામાં આ ઉદ્યોગના ભવિષ્યના પગલાં, ઝીરો કાર્બન દિશામાં નીતિ બનાવી, દેશની પર્યાવરણીય નીતિઓ અને વિકાસને મજબૂતીથી આગળ ધપાવવામાં મદદરૂપ સાબિત થશે. સાથે ચેમ્બરની ભૂમિકાનો મુખ્ય હેતુ સ્પષ્ટ કર્યો હતો. આ વેળાએ દીપક જૈને ટેકનિશિયનોને ઈન્વર્ટર એ.સી.ના કાર્ય અને મુશ્કેલી નિવારણ અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી. વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા હતા. રાજકોટ ચેપ્ટરના પ્રમુખ બક્તાવર લાલાણી તથા યોગેશ કાપડી, ઉદયસિંહ જાદવ અને શક્તિસિંહ ઝાલા તથા કચ્છના સભ્યો સુરેશ પ્રજાપતિ, જીતુ કોટાઈ અને મેહુલ રાઠોડ વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. સ્વયંસેવક જિગર ત્રિપાઠી દ્વારા નવા સભ્ય સૌમ્ય રાણાનું સ્વાગત કરાયું હતું.

આયોજનને સફળ બનાવવા કારોબારી સભ્ય કૈલાશ ગોરનો વિશેષ સહયોગ સાંપડ્યો હતો. ઉપસ્થિતો દ્વારા ચેમ્બર અને આયોજકોનો આભાર વ્યક્ત કરાયો હતો. આ વેળાએ ૧૫૦ જેટલા એસી ટેકનિશિયનો અને એન્જિનીયરો હાજર રહ્યા હતા.

## ગાંધીધામમાં વિદ્યાર્થીઓ માટે યોજાયો કારકિર્દી સેમિનાર

સિલ્વર ઓક યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં અહીંના ડૉ.બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર ખાતે એક્સપ્લોર યોર કરિયર ૨૦૨૪ અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું હતું, જેમાં ધોરણ ૧૦ અને ૧૨ના છાત્રોને ઉચ્ચ શિક્ષણ માટે ઉપલબ્ધ વિવિધ કારકિર્દી તકો વિશે જાણકારી અપાઈ હતી.

આ પ્રસંગે લર્નર્સ એકેડેમીના આચાર્ય હિતેશ રામદાસાણી, સાધુ વાસવાણી સ્કૂલના આચાર્ય શુભલક્ષ્મીબેન, સિલ્વર ઓક યુનિવર્સિટીના ડિરેક્ટર

ડૉ.સમીર ગોપાલન અને રજિસ્ટ્રાર મીત શાહ વગેરેના હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને એવિએશન, લિબરલ સ્ટડીઝ, કાયદો, મેનેજમેન્ટ, ફાર્મસી, એન્જિનીયરીંગ, નર્સિંગ, ફિઝિયોથેરાપી જેવા નવા યુગના અભ્યાસક્રમો તથા ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ પ્રવેશ પરીક્ષામાં કેવી રીતે સફળતા મેળવવી એ મુદ્દે જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં સંકુલની લર્નર્સ એકેડેમી ઈંગ્લિશ સ્કૂલ, ધ ફ્યુઝન ઈંગ્લિશ સ્કૂલ, સાધુ વાસવાણી ઈન્ટરનેશનલ સ્કૂલ, અમરચંદ સિંઘવી, ઓમ વિદ્યા મંદિર, કેન્દ્રીય વિદ્યાલય ઈફકો, કેન્દ્રીય વિદ્યાલય રેલવે કોલોની, એકેડેમિક હાઈટ્સ, આત્મીય વિદ્યાપીઠ, સરસ્વતી સ્કૂલ, એક્સેલસિયર મોડેલ ઈંગ્લિશ સ્કૂલ અને સ્વામિનારાયણ ગુરુકુળ વગેરેના ૧૦૩૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસો-તકો સાથે તેમની શૈક્ષણિક કારકિર્દી માટે ઉત્સુક જણાયા હતા. ત્યારબાદ પ્રશ્નોત્તરી કાળ યોજવામાં આવ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા સંસ્થાના સભ્યોએ સહયોગ આપ્યો હતો.

## અબડાસા મેઘવંશી સમાજ દ્વારા તેજસ્વી છાત્રોનું સન્માન થયું

મેઘવંશી મારવાડા (મારૂ) સમાજ ટ્રસ્ટ અને યુવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે માતા સાવિત્રીબાઈ ફૂલે વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ વાલજી પાયરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. મેઘવંશી મારવાડા સમાજવાડી, અબડાસાના ગઢવાડા (નાગોર ફાટક) ખાતે આયોજિત કાર્યક્રમમાં સમાજના ૧૭૬ વિદ્યાર્થી અને ચાલુ વર્ષે સરકારી નોકરીમાં નિયુક્તિ અને નિવૃત્ત થનારા કર્મચારીઓનું સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં વિશેષરૂપે વિદ્યાર્થિની - વિદ્યાર્થીઓએ પોતાના જીવનઘડતર, શિક્ષણનું મહત્ત્વ અને સમાજ માટે ડૉ.બી.આર.આંબેડકરનું મહત્ત્વ જેવા વિષયો પર વક્તવ્યો આપ્યા હતા. શાબ્દિક સ્વાગત યુવા ટ્રસ્ટના ખજાનચી પ્રકાશ ગોરડિયાએ કર્યું હતું.

સમાજના દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને લગતી વિવિધ શૈક્ષણિક સામગ્રી, જનરલ નોલેજબુક અર્પણ કરાઈ હતી. યુવા ટ્રસ્ટના પ્રમુખ ભરત બાંભણિયા તેમજ હોદ્દેદારો દ્વારા દાતાઓ અને મહેમાનોનું સન્માન કરાયું હતું.

આ સન્માન કાર્યક્રમમાં મારવાડા સમાજના મહેન્દ્ર સીજુ, બાલા કુંવટ, નારણ પરગડુ, હરેશ સંજોટ, વાલજી બાંભણિયા, લધારામ જેપાર, પુરુષોત્તમ મારવાડા, હીરજી સીજુ, રમેશ સીજુ, સામત ગોરડિયા, દેવજી બુચિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મેઘવંશી મારવાડા સમાજ તેમજ યુવા સમાજ અબડાસાના માજી - વર્તમાન હોદ્દેદારો, વડીલો, વાલીગણ અને ગ્રામસભ્યોએ કામગીરી કરી હતી. સંચાલન મહામંત્રી અશોક પરગડુ અને આભારવિધિ જગદીશ ગોરડિયાએ કર્યા હતા.

## લાકડિયામાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે લાઈબ્રેરી-માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરાયું


વાગડમાં શિક્ષણ માટે કાર્યરત કાસ્પ સંસ્થા દ્વારા લાકડિયા ગામે કાસ્પ યુવા મંચ હેઠળ સ્પર્ધાત્મક પરીક્ષા આપતા અને તે માટેના ઈચ્છુક યુવાનો માટે માર્ગદર્શન કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી.

સંસ્થાની જ ત્રણ તેજસ્વી પરીક્ષાર્થી નીલાબેન, ચંપાબેન પરમાર અને શાંતિબેન વાણિયાના હસ્તે રિબિન કાપી સેન્ટર ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ગુજરાતના ચેરપર્સન ભરતસિંહ જાડેજાએ સેન્ટરમાં હાલ ઉપલબ્ધ પુસ્તકો વિશે માહિતી સાથે ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાના ફોર્મ ભરવા સાથે નિષ્ણાત-તજજ્ઞોનું માર્ગદર્શન નિયમિત મળી રહે તે માટે સંસ્થા પ્રતિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. લાકડિયા અને આજુબાજુના ગામોના જેટલા યુવા પરીક્ષાર્થીઓ લાભ લેશે તેટલા પ્રમાણમાં સુવિધા, વાંચન સામગ્રી અને અન્ય મદદ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રેમજીભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ રામજીભાઈ, દેવજીભાઈ, જરિનાબેન વગેરે કાર્યકર્તાઓએ કર્યું હતું.

❁

# આડી ચાવી - ઉભી ચાવી




**આડી ચાવી**

(૧) રાવણનો ભાઈ, ઊંઘણશી માણસ (૪)
(૪) વ્યવસ્થા, બંદોબસ્ત, જોગવાઈ (૪)
(૭) વિશ્વ, દુનિયા, જહાં (૩)
(૮) હાથ-પગની ચામડી ફાટવાથી પડતો ચીરો (૩)
(૯) બાજુ, પક્ષ, તરફદારી (૪)
(૧૦) કૈકયીનો પુત્ર (૩)
(૧૨) ચોક્કસ, અવશ્ય, નક્કી (૩)
(૧૪) હોઠ, અધર (૨)
(૧૭) તાલેવાન, શ્રીમંત, સમૃધ્ધ (૪)
(૨૦) અવરજવર, દોડધામનો અવાજ (૬)
(૨૩) એક અંગ્રેજ શરાબ (૨)
(૨૪) એક ગંધ મારતું કંદ (૩)
(૨૬) ચીરો, ફાટ, તિરાડ (૩)
(૨૭) કપડાં ભરવાની પેટી (અં) (૨)
(૨૮) લવ-કુશના પિતા (૨)
(૨૯) ભૂમિ, ભોંય (૩)

**ઉભી ચાવી**

(૧) ઝાડનાં પાન કે વેલાની ઘટા (૨)
(૨) ભક્તિ કરનાર (૩)
(૩) કાગળ કાપતા પડતો કચરો (૪)
(૪) દૂધની મલાઈ (૨)
(૫) અણસમજુ, મૂર્ખ (૫)
(૬) એક નાતના લોકોનો સમુદાય (૩)
(૮) વેપાર, ધંધો, બિઝનેસ (૩)
(૧૧) હલનચલન, મૂવમેન્ટ (૪)
(૧૩) હાથ-મોં લૂછવાનો લૂગડાનો ટુકડો (૩)
(૧૫) ચર્ચા, વાદ-વિવાદ (૩)
(૧૬) ક્રિકેટરો પહેરે તે ટોપી (અં) (૨)
(૧૮) માવાની એક મીઠાઈ (૩)
(૧૯) કાંત, પતિ (૩)
(૨૧) કાપણી, પાક ઉતારવો તે (૩)
(૨૨) દોસ્ત, મિત્ર, યાર (૪)
(૨૫) કોઈ પણ કામ માટે કરેલી વિનંતી (૩)


Anchor
ટૂથપેસ્ટ
ALSO AVAILABLE AT
SMART BAZAAR
SMART SUPERSTORE
JioMart
સ્વસ્થ સ્મિત સાથે
તમારા દિવસની શરૂઆત કરો!
મફત*
ફ્લેક્સી
ટૂથબ્રશ
મૂલ્ય ₹25/-
100% VEGETARIAN
White Anchor
ALL ROUND PROTECTION
Toothpaste with Calcium, Fluoride & Fresh Mint
FREE PREMIUM TOOTHBRUSH WORTH ₹ 25/-
200g
WITH CALFLO FORMULATION
* ઓફર એન્કર વ્હાઇટ ટૂથપેસ્ટ 200 ગ્રા પેક પર જ માન્ય
100% VEGETARIAN TOOTHPASTE
For distributorship enquiry: Ahmedabad 9879785081, Baroda 9374214983, 9023862336, 7069497555, Kutch 9725269699,
Junagadh & Jamnagarh 9328182300, Rajkot 9428788822, Valsad 9023862336, 8160053222, Surat 9712250221

Kutch Rachana : Registered under Postel Regd No. AHD-C/104/ 2024 - 2026 Valid upto 31st December - 2026
Published on 5th Every Month Posting at Ahmedabad P.S.O. 5th of Every Month Dt. 5-1-2025 R.N.I. No. GUJGUJ / 2019 / 78536




FAUCETS | SANITARYWARE | SHOWERS
Call Now: 1800 267 0303 | www.aquelbathware.com
PRINCE PIPES AND FITTINGS LIMITED

માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક : ભવાનજી રામજી ગાલા, મુદ્રણ પ્રકાશન સ્થળ : રચના પ્રિન્ટર્સ
૩૩૨, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૯૧૬૭૪૬૬૩૩૯